દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 59 ■ વિક્રમ સંવત ૨૦૮૨

ફાલ્ગુન વદ - ૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 12 March 2026, Thursday ■ REGD.No. MCS/058/2024-26

ગુરુવાર, ૧૨ માર્ચ ૨૦૨૬, (૧૪ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦


લાડકી પૂર્તિ ૯ ૧૦ ૧૧

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ૧૩ વર્ષથી રિબાતા યુવકને મળશે ઈચ્છામૃત્યુ




## ગાઝિયાબાદના હરીશ રાણાના કેસમાં ચુકાદો આપતા સર્વોચ્ચ અદાલતે ઈચ્છામૃત્યુ સંબંધે કાયદો ઘડવા સરકારને સૂચના આપી



નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે ૧૩ વર્ષ કરતાં વધુ સમયથી કૉમામાં રહેલા ૩૨ વર્ષીય માણસનો કૃત્રિમ લાઇફ સપોર્ટ કાઢી નાખવા બુધવારે પરવાનગી આપી હતી.

ન્યાયાધીશ જે. બી. પારડીવાલા અને ન્યાયાધીશ કે. વી. વિશ્વનાથનની બૅન્ચે આ મુદ્દે ચુકાદો આપ્યો હતો અને સરકારને ઇચ્છામૃત્યુ અંગે વ્યાપક કાયદો ઘડવાની સૂચના આપી હતી.

બૅન્ચે દિલ્હીની એઇમ્સને દરદીની કૃત્રિમ લાઇફ સપોર્ટ કાઢતી વખતે તેનું સન્માન જળવાઇ રહે તેનું ધ્યાન રાખવા તાકીદ કરી હતી.

ગાઝિયાબાદનો હરીશ રાણા પંજાબ યુનિવર્સિટીનો વિદ્યાર્થી હતો અને તે ૨૦૧૩માં પોતાના પેઇંગ ગૅસ્ટ તરીકેના ચોથા માળે આવેલા ઘરમાંથી પડ્યો હતો અને ત્યારથી કૉમામાં જ છે.

સર્વોચ્ચ અદાલતે દિલ્હીની એઇમ્સને રાણાને પેલિએટિવ કૅર (દર્દશામક સંભાળ) વિભાગમાં દાખલ કરીને તેના કૃત્રિમ લાઇફ સપોર્ટ કાઢી નાખવાની સૂચના આપી હતી.

આ ઉપરાંત, દરદીનો કૃત્રિમ લાઇફ સપોર્ટ કાઢવાનું કામ 'માનવીય રીતે' અને તેનું સન્માન જળવાઇ રહે, તે રીતે કરવા તાકીદ કરી હતી.

સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે દરદી રાણાને 'પર્ક્યુટેનિયસ એન્ડોસ્કોપિક ગેસ્ટ્રોનોમી' ટ્યૂબ્સ દ્વારા જ પોષણ અપાતું હતું અને મેડિકલ બોર્ડ્સ સર્વાનુમતે એવા તારણ પર આવ્યા હતા કે કૉમામાંના આ દરદીની સારવાર લાંબી ચાલુ રખાશે, તો પણ તે સાજા થવાની શક્યતા નથી. પ્રાઇમરી અને સેકન્ડરી મેડિકલ બૉર્ડે કૃત્રિમ લાઇફ સપોર્ટ કાઢવા પ્રમાણપત્ર આપ્યું છે, ત્યારે ન્યાયતંત્રે તેમાં દખલગીરી કરવાની જરૂર નથી.

બૅન્ચે કેન્દ્ર સરકારને દરેક જિલ્લામાં સેકન્ડરી મેડિકલ બોર્ડ્સ માટે રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિશનર્સની એક સમિતિ રાખવા ચીફ મેડિકલ ઑફિસર્સને સૂચના આપવાનો પણ આદેશ આપ્યો હતો.

સર્વોચ્ચ અદાલતના આ ચુકાદા સાથે હરીશના માતા-પિતોએ રાહતનો શ્વાસ લીધો હતો કે તેમનો દીકરો યાતનામાંથી મુક્ત થઈ શકશે. આ સાથે જ ઈચ્છામૃત્યુ સંબંધે લાંબા સમયથી ચાલી રહેલા વાદવિવાદનો પણ સુપ્રમી કોર્ટના ચુકાદા સાથે અંત આવ્યો હતો.(એજન્સી)■

# દુબઈ ઍરપોર્ટ પર વધુ હુમલાઃ વેપારી જહાજોને લક્ષ્ય બનાવાયાં

- બૅન્કો, નાણાકીય સંસ્થાઓ પર હુમલા કરવાની ધમકી
- હુમલા કરાઇ રહ્યા છે ત્યારે મધ્યસ્થીની કતારની ના
- કંડલા આવી રહેલા જહાજ પર મિસાઈલ અટૅક

દુબઈઃ ઇરાને બુધવારે અખાતમાંના વેપારી જહાજો અને દુબઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથકને લક્ષ્ય બનાવીને હુમલા કર્યા હતા, જ્યારે અમેરિકા અને ઇઝરાયલે ઇરાન પરના હુમલા ચાલુ રાખ્યા હતા. દરમિયાન, ઇરાને બૅન્કો અને નાણાકીય સંસ્થાઓને લક્ષ્ય બનાવીને હુમલા કરવાની ધમકી આપી હતી.

કતારે જણાવ્યું હતું કે અમારા પર જ હુમલા થઇ રહ્યા છે ત્યારે અમે ઇરાન સાથે મધ્યસ્થી કરી ન શકીએ.

દરમિયાન, ઇરાનના સર્વોચ્ચ નેતા મોજતબા ખામનેઇ ઘાયલ થયા હોવાના અહેવાલને પગલે તેના આરોગ્ય અંગે વિવિધ અફવા ફેલાઇ રહી છે. ઇરાનના બે ડ્રોને દુબઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથકની નજીક હુમલા કર્યા હતા, જેથી ચાર જણ ઘાયલ થયા હતા. ઇરાનના સંયુક્ત લશ્કરી કમાંડે મધ્ય પૂર્વમાંની બૅન્કો અને નાણાકીય સંસ્થાઓને લક્ષ્ય બનાવીને હુમલા કરવાની ધમકી આપી હતી.

હોર્મુઝ સામુદ્રધુનીમાં ઓમાનના કાંઠા નજીક થાઇલૅન્ડની કાર્ગો શિપ (માલસામાનનું વહન કરતા જહાજ) 'મયૂરી નારી' પર હુમલો થતાં તેમાં આગ લાગી હતી. આ જહાજ પરના ૨૦

(જુઓ પાનું ૨) ▶▶




**હુમલોઃ** હોર્મુઝ સામુદ્રધુનીમાં થાઈલૅન્ડનાં માલવાહક જહાજ 'મયૂરી નારી' પર થયેલા હુમલા બાદ તેમાં લાગેલી આગનો રોયલ થાઇ નૅવીએ બહાર પાડેલો ફોટો. (એપી-પીટીઆઇ)

# લોકસભાના સ્પીકર બિરલા સામેની અવિશ્વાસની દરખાસ્ત ઊડી ગઇ

નવી દિલ્હીઃ લોકસભામાં વિપક્ષે સ્પીકર ઓમ બિરલા સામે રજૂ કરેલી અવિશ્વાસની દરખાસ્તને બુધવારે મૌખિક મતદાનથી જ કાઢી નખાઇ હતી.

વિપક્ષના સાંસદોએ કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહ પાસે માફીની માગણી કરી હતી, જ્યારે લોકસભાના કામચલાઉ સ્પીકર તરીકે કામ કરી રહેલા ભાજપના સાંસદ જગદમ્બિકા પાલે અવિશ્વાસની દરખાસ્તનો પરાજય થયો હોવાની જાહેરાત કરી હતી.

અગાઉ, અમિત શાહે આક્ષેપ કર્યો હતો કે વિપક્ષો સ્પીકરની સામે અવિશ્વાસની દરખાસ્ત લાવીને દેશની લોકશાહીના એક આધારસ્તંભ સામે સવાલ ઉઠાવી રહ્યા છે. બંધારણમાં સ્પીકરને મધ્યસ્થીની ભૂમિકા સોંપાઇ છે. અમિત શાહે જણાવ્યું હતું કે લોકસભાની કામગીરી આપસના વિશ્વાસ અને નિયમ મુજબ થવી જોઇએ. લોકસભા કાંઇ બજાર નથી. અહીં બધાને નિયમ મુજબ બોલવાની તક અપાય છે.

લોકસભામાંના વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ બુધવારે આક્ષેપ કર્યો હતો કે સ્પીકર ઓમ બિરલાએ મને લોકસભામાં બોલતા અનેક વખત અટકાવ્યો હતો. તેઓ લોકસભામાં કોઇ એક પક્ષનું નહિ, પરંતુ આખા દેશનું પ્રતિનિધિત્વ કરે છે.

દરમિયાન, કૉંગ્રેસનાં સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ રાંધણગૅસની અછતને મુદ્દે કેન્દ્રની ટીકા કરતા સવાલ કર્યો હતો કે જનતાએ સરકારની અયોગ્ય નીતિને

(જુઓ પાનું ૨) ▶▶

## મુખ્ય ચૂંટણી કમિશનરને ઈમ્પિચ કરવા વિપક્ષની સહી ઝુંબેશ

નવી દિલ્હીઃ વિપક્ષે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ્વરકુમાર પર 'ભેદભાવ અને પક્ષપાત'નો આક્ષેપ કરીને તેમને હોદ્દા પરથી દૂર કરવા માટે સહી ભેગી કરી હતી.

લોકસભા અને રાજ્યસભામાં આગામી એકાદ બે દિવસમાં સંબંધિત નોટિસ સુપરત કરાશે.

સુમાહિતગાર સૂત્રોએ જણાવ્યું હતું કે મુખ્ય ચૂંટણી કમિશનર પર 'ભેદભાવ અને પક્ષપાત'નો, ચૂંટણીમાંના કથિત ગોટાળાની તપાસ સામે ઇરાદાપૂર્વક વિઘ્ન નાખવાનો, અસંખ્ય મતદારોને મતદાનના હકથી વંચિત રાખવા સહિતના સાત આક્ષેપ આ નોટિસમાં કરાયા છે.

એક સાંસદે જણાવ્યું હતું કે અમે નોટિસ માટે જરૂરી સહી ભેગી કરવાનું કામ પૂરું કર્યું છે અને હવે તે મોટા ભાગે ગુરુવારે સુપરત કરીશું. બીજા એક સાંસદે જણાવ્યું હતું કે આ નોટિસ બન્ને ગૃહમાં ગુરુવાર કે શુક્રવારે સુપરત કરાશે.

લોકસભામાં સુપરત કરવામાં આવનારી મુખ્ય ચૂંટણી કમિશનર સામેની નોટિસ પર અંદાજે ૧૨૦ સાંસદે અને રાજ્યસભા માટેની નોટિસ પર આશરે ૬૦ સાંસદે સહી કરી છે. નિયમ મુજબ મુખ્ય ચૂંટણી કમિશનરને હોદ્દા પરથી દૂર કરવા માટેની નોટિસ પર લોકસભાના ઓછામાં ઓછા ૧૦૦ સાંસદે અને રાજ્યસભામાંની નોટિસ પર પચાસ સાંસદે સહી કરેલી હોવી જરૂરી છે. (પીટીઆઇ)

# પૅનિક ન થાવ, એલપીજી કટોકટીનો તોડ કાઢીશુંઃ મોદી

## અઢી દિવસમાં મળશે રાંધણગૅસ એવી સરકારની ખાતરીઃ લોકો વળ્યા ઈન્ડક્શન પ્લેટ ભણી

નવી દિલ્હી : પશ્ચિમ એશિયાની લડાઈ વચ્ચે તેલ મંત્રાલયના સિનિયર અધિકારીએ બુધવારે એવી હૈયાધારણા આપી છે કે લિક્વિડ પેટ્રોલિયમ ગૅસ (એલપીજી) સિલિન્ડરની ગભરાટમાં બુકિંગ ન કરાવે અને સામાન્ય ડિલિવરી સાઈકલ અઢી દિવસનું જાળવી રાખવાનું છે. બીજી તરફ તમિળનાડુના તિરુચિરાપલ્લીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ લોકોને ઇંધણ અને ખાસ કરીને રાંધણગૅસની કટોકટીથી પૅનિક ન થવા અપીલ કરતા કહ્યું હતું કે જે રીતેં આપણે કોવિડનો તોડ કાઢ્યો હતો એ જ રીતે એલપીજી કટોકટીનો પણ તોડ કાઢીશું. તેમણે લોકોને અફવાઓ પર વિશ્વાસ ન રાખવાની પણ અપીલ કરી હતી. આ દરમ્યાન, પેટ્રોલિયમ અને કુદરતી ગૅસની મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ કહ્યું હતું કે ભારતનો ખનીજ તેલનો પુરવઠો સુરક્ષિત છે. ખનીજ

(જુઓ પાનું ૨) ▶▶

# સેન્સેક્સમાં ૧૩૪૨ પોઈન્ટનો ધબડકો

મુંબઇઃ પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે વૈશ્વિક ક્રૂડ ઓઇલના ભાવમાં વધારાને કારણે શેરબજારમાં એક દિવસના વિરામ બાદ બુધવારે રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૫.૧૪ લાખ કરોડનો ઘટાડો નોંધાયો હતો. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ એકતરફ યુદ્ધ સમાપ્તિની વાતો કરી રહ્યા છે, ત્યારે ઇરાને સામે મોટા પડકારો ઊભા કર્યા છે અને હોર્મુઝ સ્ટ્રેઇટ બંધ થવાને કારણે સમગ્ર વૈશ્વિક અર્થતંત્રને ફટકો પડી રહ્યો છે.

સત્ર દરમિયાન સેન્સેક્સ ૧,૪૪૬.૭૨ પોઈન્ટ સુધી નીચે પટકાયા બાદ નીચી સપાટી સામેના થોડા સુધારા બાદ અંતે ૧,૩૪૨.૨૭ પોઈન્ટ અથવા ૧.૭૨ ટકા ઘટીને ૭૬,૮૬૩.૭૧ પર સ્થિર થયો હતો, જ્યારે એનએસઇનો નિફ્ટી ઇન્ડેક્સ ૩૯૪.૭૫ પોઇન્ટ

(જુઓ પાનું ૨) ▶▶

## રિલાયન્સ અમેરિકામાં ઑઇલ રિફાઇનરીમાં રોકાણ કરશેઃ ટ્રમ્પ

વૉશિંગ્ટન / નવી દિલ્હીઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે અબજોપતિ મુકેશ અંબાણીની રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અમેરિકામાં નવી ઑઇલ રિફાઇનરીના નિર્માણમાં ભાગીદાર બનશે. આ પ્રકારનું પગલું અમેરિકાના ઇતિહાસમાં અત્યાર સુધીનું સૌથી મોટું છે.

આ પ્રૉજેક્ટનું કામકાજ સંભાળતી કંપની - 'અમેરિકા ફર્સ્ટ રિફાઇનિંગ'એ જણાવ્યું હતું કે ટેક્સાસના બ્રાઉન્સવિલેમાંની આ નવી ઑઇલ રિફાઇનરી સંપૂર્ણ રીતે અમેરિકાના શૅલ ઑઇલ પર ચાલતી હશે. રિલાયન્સે આ

(જુઓ પાનું ૨) ▶▶

## છત્તીસગઢમાં ચાર કરોડનું ઈનામ ધરાવતા ૧૦૮ નક્સલવાદીઓ શરણે

જગદલપુરઃ છત્તીસગઢના બસ્તર જિલ્લામાં બુધવારે ૧૦૮ માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું હતું. તેમના પર કુલ ૩.૯૫ કરોડ રૂપિયાનું ઇનામ હતું. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

બસ્તર રેન્જના પોલીસ મહાનિરીક્ષક સુંદરરાજ પટ્ટિલિંગમના જણાવ્યા અનુસાર માઓવાદીઓના ઠેકાણામાંથી હથિયારોના વિશાળ જથ્થા ઉપરાંત ૩.૬૧ કરોડ રૂપિયા રોકડા અને લગભગ ૧.૬૪ કરોડ રૂપિયાના મૂલ્યનું એક કિલો સોનું જપ્ત કરવામાં આવ્યું છે. દેશમાં નક્સલ વિરોધી કાર્યવાહીના ઇતિહાસમાં એક જ સ્થળેથી રોકડ અને કિંમતી વસ્તુઓની આ અત્યાર સુધીની સૌથી મોટી જપ્તી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર

(જુઓ પાનું ૨) ▶▶







## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# હરીશ રાણાને ઈચ્છામૃત્યુઃ સુપ્રીમ કોર્ટે પુણ્યનું કામ કર્યું

**સુપ્રીમ** કોર્ટે ૩૧ વર્ષના હરીશ રાણાને ઇચ્છામૃત્યુ એટલે કે પેસિવ યુથેનેશિયાની મંજૂરી આપી એ સાથે જ ફરી એક વાર ઈચ્છા મૃત્યુનો મુદ્દો ચર્ચામાં છે. સુપ્રીમ કોર્ટે ૨૦૧૮માં કોમન કોઝ નામની સંસ્થાની અરજીને સ્વીકારીને યુથેનેશિયા એટલે કે ઈચ્છામૃત્યુને શરતી માન્યતા આપી હતી પણ અત્યાર સુધી કોઈ કેસમાં તેનો અમલ નહોતો થયો. સુપ્રીમની મંજૂરીના કારણે હરીશ રાણા આ ચુકાદાના આધારે ઇચ્છામૃત્યુને ભેટનારી પહેલી વ્યક્તિ બનશે.

હરીશના પરિવારની અરજી પહેલાં ફગાવી ચૂકેલી સુપ્રીમ કોર્ટે હવે હરીશને ઈચ્છામૃત્યુની મંજૂરી આપીને પુણ્યનું કાર્ય કર્યું છે. આ ચુકાદાના કારણે હરીશને તો મુક્તિ મળશે જ પણ પોતાના દીકરાને જીવતો હોવા છતાં જીવંત નહીં જોઈને રોજેરોજ માનસિક યાતના ભોગવતાં તેના વૃદ્ધ માતા-પિતા તથા નાના ભાઈને પણ રાહત મળશે. હરીશના મોતનું દુઃખ તેમને થાય પણ તેની હાલની હાલતથી પરિવાર વધારે દુઃખી છે તેથી જ ઈચ્છામૃત્યુની માગ કરતી અરજી કરી હતી.

સુપ્રીમ કોર્ટના ૨૦૧૮ના ચુકાદા છતાં કોઈને ઈચ્છામૃત્યુ ના મળ્યું તેનું કારણ એ હતું કે, સુપ્રીમ કોર્ટે મરી જવા માગતી દરેક વ્યક્તિને ઈચ્છામૃત્યુનો અધિકાર નહોતો આપ્યો પણ વેજિટેટિવ સ્ટેટમાં જીવતી વ્યક્તિને જ ઈચ્છામૃત્યુનો અધિકાર આપ્યો હતો. વેજિટેટિવ સ્ટેટ એટલે એવી સ્થિતિ કે જેમાં વ્યક્તિના શ્વાસ ચાલતા હોય તેથી દાક્તરી ભાષામાં જીવંત કહી શકાય પણ તે મૃતઃપ્રાય અવસ્થામાં પથારીમાં પડી હોય. ઘણા કિસ્સામાં લાઈફ સપોર્ટ સિસ્ટમના આધારે જીવતી હોય ને તેના ફરી હરતાફરતા થવાના કોઈ ચાન્સ ના હોય. આ વ્યક્તિ ફરી હરીફરી શકવાની નથી એવું મેડિકલ બોર્ડ પ્રમાણિત કરી આપે તો તેને ઈચ્છામૃત્યુનો અધિકાર હોવાનું સુપ્રીમ કોર્ટે સ્વીકાર્યું હતું.

હરીશ રાણા સુપ્રીમ કોર્ટે ઈચ્છામૃત્યુ માટે નક્કી કરેલાં ધારાધોરણોમાં એકદમ ફિટ બેસે છે. હરીશ રાણા ૨૦૧૩માં એક બિલ્ડિંગના ચોથા માળેથી પડી જતાં માથામાં ગંભીર ઈજા થઈ હતી અને ત્યારથી કોમામાં જ છે. ડોકટરોના મતે, હરીશના સાજા થવાની શક્યતા લગભગ નહિવત છે. છેલ્લાં ૧૩ વર્ષથી વધુ સમયથી કોમામાં છે અને પથારીમાં પડ્યો પડ્યો જીવે છે, હરીશ ભવિષ્યમાં પણ આ રીતે જ જીવશે તેથી તેના પરિવારે તેના જીવનનો અંત લાવવા માટે અરજી કરી હતી.

સુપ્રીમ કોર્ટના જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ કેવી વિશ્વનાથનની બેન્ચે આ અરજી માન્ય રાખીને દિલ્હીની ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીસ (એઇમ્સ)ને ફરમાન કર્યું છે કે, રાણાને પેલિયેટિવ કેરમાં દાખલ કરવામાં આવે. દર્દીઓને યાતનાઓમાંથી મુક્તિ આપતી સારવારને પેલિયેટિવ કેર કહે છે. હરીશ મરવાના વાંકે જીવી રહ્યો છે તેથી તેના કિસ્સામાં જીવનનો અંત જ યાતનાઓમાંથી મુક્તિ આપી શકશે તેથી સુપ્રીમ કોર્ટના આદેશનો અર્થ એ થાય કે, ધીરે ધીરે હરીશના જીવનનો અંત લાવવામાં આવશે.

લાઈફ સપોર્ટ સિસ્ટમ પર હોય તેને સપોર્ટ દૂર કરીને મોત આપી શકાય પણ હરીશ લાઈફ સપોર્ટ સિસ્ટમ પર નથી પણ લાઈફ-સસ્ટેઈનિંગ ટ્રીટમેન્ટ પર છે. મતલબ કે, હરીશને ફીડિંગ ટ્યુબ્સ દ્વારા ભોજન, પાણી વગેરે પોષણ આપીને જીવતો રખાઈ રહ્યો છે. આ સંજોગોમાં હરીશના જીવનનો અંત લાવવા માટે મેડિકલ ઉપાય અજમાવીને ફીડિંગ ટ્યુબ્સ દૂર કરી દેવાશે. પોષણ નહીં મળે એટલે હરીશનું શરીર નબળું પડશે ને તેને કુદરતી મોત મળશે. ઈચ્છામૃત્યુમાં એક રસ્તો ડોક્ટરો દ્વારા ઈંજેક્શન આપીને કે બીજી કોઈ રીતે મોત આપવાનો પણ છે પણ હરીશના કિસ્સામાં એ રસ્તો નહીં અપનાવાય કેમ કે ભારતમાં એક્ટિવ યુથેનેશિયા પર પ્રતિબંધ છે.

હરીશ રાણા માત્ર ૩૨ વર્ષનો છે. આ ઉંમર જિંદગીને માણવાની હોય છે ત્યારે તેને ડોક્ટરો જાતે મોતના મુખમાં મૂકશે એ આઘાતજનક કહેવાય પણ હરીશના જીવનની કરૂણાંતિકાને જાણશો તો સમજાશે કે એ સિવાય બીજો વિકલ્પ જ નથી. હરીશ જાબ યુનિવર્સિટીમાં સિવિલ એન્જિનિયરિંગનો વિદ્યાર્થી હતો ને એન્જિનિયર બનીને સુખી જિંદગી જીવવાનાં સપનાં જોતો હતો ત્યાં ૨૦ ઓગસ્ટ, ૨૦૧૩ના રોજ બનેલી દુર્ઘટનાએ તેના અને તેના પરિવારનાં તમામ સપનાંને ચકનાચૂર કરી નાખ્યાં. ચંદીગઢમાં પેઈંગ ગેસ્ટ તરીકે રહેતો હરીશ પીજી બિલ્ડિંગના ચોથા માળેથી પડી જતાં માથામાં ગંભીર ઈજાઓ થઈ. તેના કારણે હરીશ કોમામાં જતો રહ્યો ને મૃતપ્રાયઃ થઈ ગયો.

ડોક્ટરોએ હરીશને ફરી ભાનમાં લાવવા માટે બહુ પ્રયત્ન કર્યા પણ કોઈ પ્રયત્ન ફળ્યા નહીં. પરિવારે એક દાયકા સુધી તેની સંભાળ રાખી પણ કોઈ આશા ના જણાતાં છેવટે જુલાઈ ૨૦૨૪માં હરીશના માતા-પિતાએ દિલ્હી હાઈ કોર્ટનો અરજી કરીને નિષ્ક્રિય ઈચ્છામૃત્યુની પરવાનગી માગી. હાઈ કોર્ટે આ અરજી ફગાવી દીધી કેમ કે હરીશ વેન્ટિલેટર પર નહોતો અને બીજી સપોર્ટ સિસ્ટમ વિના જીવતો હતો.

હરીશના પરિવારે સુપ્રીમ કોર્ટમાં અરજી કરેલી પણ ૨૦૨૪ના ઓગસ્ટમાં તત્કાલીન ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડના વડપણ હેઠળની બેંચે હાઈ કોર્ટના નિર્ણયને માન્ય રાખીને અરજી ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટનું કહેવું હતું કે, હરીશ લાઈફ સપોર્ટ પર નથી પણ તેને ટ્યુબ દ્વારા ખોરાક આપવામાં આવી રહ્યો છે. આ સંજોગોમાં સારવાર પાછી ખેંચવી તેનો જીવવાનો અધિકાર છિનવી લેવા બરાબર કહેવાય. ટ્યુબ દૂર કરવી એક્ટિવ યુથેનેશિયા એટલે કે સક્રિય ઈચ્છામૃત્યુ પણ કહેવાય. ભારતમાં એક્ટિવ યુથેનેશિયા ગેરકાયદેસર હોવાથી હરીશના પરિવારની અરજી ફગાવી દેવાઈ હતી. જસ્ટિસ ચંદ્રચૂડે માનવીય અભિગમ દર્શાવીને ઉત્તર પ્રદેશ સરકારને હરીશના તબીબી ખર્ચને પહોંચી વળવા માટેનો રસ્તો શોધવા કહેલું પણ સરકારે કશું ના કરતાં ડિસેમ્બર, ૨૦૨૫માં હરીશના માતાપિતાએ બીજી વખત સુપ્રીમ કોર્ટમાં અરજી કરી.

જસ્ટિસ જે.બી. પારડીવાલા અને કે.વી. વિશ્વનાથનની બેન્ચે હરીશના પરિવારની તકલીફને સમજીને સ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે પ્રાથમિક તબીબી બોર્ડની રચના કરવા આદેશ આપ્યો હતો. બોર્ડે હરીશની હાલત દયનીય હોવાનો રિપોર્ટ આપતાં સુપ્રીમ કોર્ટે એઈમ્સને અંતિમ મૂલ્યાંકન માટે મેડિકલ બોર્ડ બનાવવાનો આદેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો જાન્યુઆરીમાં હરીશના માતાપિતા અને નાના ભાઈને વ્યક્તિગત રીતે મળ્યાં ત્યારે પરિવારે પોતાની ખરાબ આર્થિક સ્થિતિનો ચિતાર રજૂ કરીને ફીડિંગ ટ્યુબ પાછી ખેંચવાની વિનંતી કરી હતી. સુપ્રીમ કોર્ટે આ અરજી માન્ય રાખતાં હરીશના કુદરતી મોતનો માર્ગ મોકળો થયો છે.

હરીશના કેસમાં આવેલા ચુકાદાના કારણે લાઈફ સપોર્ટ સિસ્ટમ વિના પણ માત્ર ફીડિંગ ટ્યુબ્સના સહારે જીવતા રખાયેલા ઘણા દર્દીઓના પરિવારોના ઈચ્છામૃત્યુનો માર્ગ મોકળો થયો છે. ઈચ્છામૃત્યુ પ્રોત્સાહન આપવા જેવી બાબત નથી પણ કેટલાક સંજોગોમાં એ જરૂરી બની જાય છે. વેજિટેટિવ સ્ટેટમાં જીવતી વ્યક્તિના કારણે આખો પરિવાર માનસિક યાતના ભોગવતો હોય છે ને બધું કરી છૂટ્યા પછી એ ભારે હૃદયે સ્વજન માટે મોત માગતો હોય છે. સુપ્રીમ કોર્ટે તેમની તકલીફોને સમજી એ સારી વાત છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, ગુરુવાર, તા. ૧૨-૩-૨૦૨૬, સ્વામી દયાનંદ સરસ્વતી જયંતી.

- ભારતીય દિનાંક ૨૧, માહે ફાલ્ગુન, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, ફાલ્ગુન વદ-૯
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ફાલ્ગુન, તિથિ વદ -૯
- પારસી શહેનશાહી રોજ ૩૦મો અનેરાન, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૩૦મો અનેરાન, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૭મો આસમાન, માહે ૧૨મો સ્પેનદાર્મદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૨મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૪મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- નક્ષત્ર મૂળ મધ્યરાત્રે ક. ૨૪-૪૩ સુધી, પછી પૂર્વાષાઢા
- ચંદ્ર ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૧, અમદાવાદ ક. ૦૭ મિ. ૫૩, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૫, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૬, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ રાત્રે ક. ૧૯-૦૪, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૨૬ (તા. ૧૩)
- ઓટઃ સવારે ક. ૧૧-૨૫, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૩૧ (તા. ૧૩)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, ફાલ્ગુન – કૃષ્ણ નવમી. સ્વામી દયાનંદ સરસ્વતી જયંતી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુકત-પુરુસુકત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, મૂળ જન્મનક્ષત્ર શાંતિ પૂજા, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું.
- આચમનઃ ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ ભાવનાપ્રધાન, ચંદ્ર-શનિ ચતુષ્કોણ નિષ્ફળતાનો ભય, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ ઉડાઉ સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ, ચંદ્ર-શનિ ચતુષ્કોણ, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ (તા. ૧૩). ચંદ્ર વિષુવવૃત્તથી મહત્તમ દક્ષિણે ૨૮ અંશ ૨૪ કળાના અંતરે રહે છે.
- ગ્રહગોચરઃ સૂર્ય-કુંભ, મંગળ-કુંભ, વક્રી બુધ-કુંભ (બુધ અસ્ત), માર્ગી ગુરુ-મિથુન, શુક્ર-મીન, (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન (શનિ અસ્ત), રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# કુરાન શરીફનું દિલ સૂરહ યાસીન છે

**શું** આપ જાણો છો કે કુરાને પાકની મંઝિલ (ભાગ; હિસ્સા) કેટલા છે? સૂરએ નજમ પ્રથમ સૂરત (પ્રકરણ) છે જેમાં આયતે સજદા નાઝિલ થઈ તેમજ આખી રાતમાં એક રકાતમાં આખું કુરાન ખત્મ કરનાર એ ચાર વ્યક્તિઓ કોણ કોણ હતી? વાંચો કુરાન શરીફ અંગેની માહિતી વિશેના આ પાંચમાં અને છેલ્લા પ્રકરણમાંઃ

* કુરાને પાકની ૭ મંઝિલ આ મુજબ છેઃ
પહેલી મંઝિલ પાંચમો પારો (હિસ્સો)
બીજી મંઝિલ સૂરએ આઅરાફ
ત્રીજી મંઝિલ સૂરએ રઅદમા ઉકુલહા
ચોથી મંઝિલ સૂરહ હજજ
પાંચમી મંઝિલ સૂરહ અહઝાબ
છઠ્ઠી મંઝિલ સૂરહ ફત્તહ અને
સાતમી મંઝિલ કુરાન ખત્મ ઉપર.

* સૂરએ નજમ પ્રથમ સૂરત (પ્રકરણ) છે
જેમાં આયતે સજદા નાઝિલ થઈ

* સૂરહ જુમુઆની પહેલી આયત
તૌરાતમાં સાતસો આયતનો દરજ્જો રાખે છે

* હામીમવાળી સૂરતો એટલે કે
ને કુરાનનો દરવાજો કહેવામાં આવે છે

* સૂરએ બકરહની દરેક આયત સાથે એંસી ફરિશ્તા નાઝિલ થયા

* કુરાન પાક લોહે મહફૂઝ થી રમઝાનની ૨૭ તારીખમાં નાઝીલ થયું, પછી લોહે મહફૂઝથી જેમ જેમ જરૂરત પડતી રહી કટકે કટકે - થોડું થોડું નાઝીલ થતું રહ્યું.

* કુરાન પાક ૨૩ વર્ષની મુદતમાં નાઝીલ થયું.

* કુરાન પાકમાં ૧૧૪ સૂરત (પ્રકરણે) છે, ૮૬ સૂરતો મક્કામાં નાઝીલ થઈ અને ૨૭ સૂરતો મદીના શરીફમાં નાઝીલ થઈ.

* કુરાન પાકમાં ૭૭,૯૩૪ કલમાત (શબ્દો) છે.

* કુરાન પાકમાં નુકતા (બિન્દુ, ટપકા) હજ્જાજ બિન યુસૂફ સકફીના હુકમથી નસીર બિન આસિમ લયસી અને યહ્યા બિન ઉમૈરે લગાવ્યા.

* કુરાન પાકમાં નુકતા, બિન્દુ, ટપકા હિજરી ૮૬મા લગાવવામાં આવ્યા.

* કુરાન પાકનો સૌથી પહેલા ઉર્દૂ ભાષામાં તરજુમો શાહ રફીઉદ્દીને ઈ.સ. ૧૭૭૪મા કર્યો.

* કુરાન પાકમાં ૧૪ તિલાવત ધર્મગ્રંથના વાંચનના સજદા; નમન છે.

* કુરાન પાકમાં શાફઈ મઝહબનો એક સજદો આવેલો છે અને તે ૧૭મા પારા (ભાગ)ના છેલ્લા રૂકુઅ (પેરેગ્રાફ)માં છે.

* કુરાન પાકના સૌથી પહેલા હાફિઝ (આખું કુરાન મોઢે યાદ કરનાર)નું નામ હઝરત ઉસ્માનગની રદ્દિયલ્લાહુ અન્હુ છે.

* આખી રાતમાં એક રકાતમાં પૂરો કુરાન પાક ખત્મ કરનાર ચાર વ્યક્તિઓ હતા.
૧ - હઝરત ઉસ્માનગની (રદિ. અન્હો)
૨ - હઝરત તમીમદારી (રદિ. અન્હો)
૩ - હઝરત સઈદ બિન ઝુબૈર (રદિ. અન્હો) અને
૪ - હઝરત ઈમામે આઝમ અબૂ હનીફા (રદિ. અન્હો)

* કુરાન પાકમાં પયગંબર હઝરત મુહંમદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને અગિયાર વખત યા અય્યુહન્નબીયુ (એ નબી હઝરત મુહમ્મદ) કહીને ખિતાબ (સામે) કરવામાં આવેલ છે, અર્થાત્ કહેવામાં આવે છે.

* કુરાન શરીફનું દિલ સૂરહયાસીનને કહેવામાં આવે છે.

* સૂરએ તૌબાના શરૂમાં બિસ્મિલ્લાહ (અલ્લાહના નામથી શરૂ) પઢવામાં આવતી નથી.

* કુરાન પાકનું નુઝૂલ (આયતો ઉતરવી) બે વખત થયું. પહેલી વખત લોહે મહફૂઝથી બૈતુલ મામૂરમાં નાઝીલ કર્યું, બીજી વખત દુનિયાની જરૂરત મુજબ ૨૩ વર્ષમાં પયગંબર હઝરત મુહંમદ (સ.અ.વ.) ઉપર નાઝીલ થયું.

* કુરાન પાકનું ઉતરાણ ઈન્જિલ (બાઈબલ)ના ઉતરાણ બાદ પાંચસો યા તો સાતસો વર્ષ બાદ થયું.

* સૂરએ અન્આમ સાથે સિત્તેર હજાર ફરિશ્તા નાઝીલ થયા.

* સૂરએ ફાતેહા નુઝૂલ (આયતો ઉતરી) વખતે ૮૦ હજાર મલાઈકા (ફરિશ્તાઓ) જુલૂસની શકલમાં નાઝીલ થયા, ઉતર્યા.

* સૂરએ યુનૂસ વખતે ૩૦ હજાર ફરિશ્તા અને આયતુલ કુર્સી વખતે ૩૦ હજાર ફરિશ્તા નાઝીલ થયા.

સુજ્ઞ વાચક મિત્રો! પવિત્ર કુરાન વિશેની પાંચ ભાગમાં આપેલી સંક્ષિપ્ત માહિતીથી આપ જરૂર સંતુષ્ટ થયા હશો. અમારા આ નમ્ર પ્રયત્નમાં ક્યાંક સરતચૂક રહી જવા પામી હોય તો દરગુજર કરશો. આપનો અભિપ્રાય અમને પ્રોત્સાહિત કરશે. આમીન.

* * *

**સાપ્તાહિક સંદેશઃ**

જે ચાર આકાશી કિતાબો આવી તેના નામ અને જે પયગંબર પર તે નાઝીલ થઈ તે નબીઓના નામ આ મુજબ છેઃ
૧ - તૌરાત. હઝરત મૂસા અલૈયહિસ્સલામ્
૨ - ઝુબૂર (ઝબૂર) હઝરત દાઉદ અલૈયહિસ્સલામ
૩ - ઈંજલ (બાઈબલ) હઝરત ઈસા અલૈયહિસ્સલામ અને
૪ - કુરઆન હઝરત મુહમ્મદ (સ.અ.વ.) પર ઈલાહીવાણી, આકાશવાણી દ્વારા નાઝીલ થઈ.

# મોદીએ કેરળમાં ૧૦,૦૦૦ કરોડથી વધુના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું

કોચીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારના રોજ તેમની કેરળ મુલાકાત દરમિયાન રાજ્યમાં ૧૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના અનેક મુખ્ય વિકાસ યોજનાઓનું ઉદઘાટન કર્યું હતું.

કોચીમાં આયોજિત કાર્યક્રમો દરમિયાન વડા પ્રધાને પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય, માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય, ગ્રામીણ વિકાસ મંત્રાલય, નવી અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય અને રેલ્વે મંત્રાલય સહિત વિવિધ કેન્દ્રીય મંત્રાલયોના પ્રોજેક્ટ્સની શરૂઆત કરી હતી.

મોદીએ ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ(બીપીસીએલ)ની કોચી રિફાઇનરીમાં ૫,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે બનેલા પોલીપ્રોપીલીન યુનિટનો શિલાન્યાસ કર્યો હતો. તેમજ ૨૦૦૦ કરોડથી વધુના બે મુખ્ય હાઇવે પ્રોજેક્ટ્સનું ઉદઘાટન કર્યું હતું. તેમજ રેલ ક્ષેત્રમાં ૧૪૨ કરોડ રૂપિયાની પહેલોને રાષ્ટ્રને સમર્પિત કરી હતી. વડા પ્રધાને આ પ્રદેશમાં કનેક્ટિવિટી સુધારવા અને ટકાઉ પરિવહનને મજબૂત બનાવવાના હેતુથી નવી ટ્રેન સેવાને પણ લીલી ઝંડી આપી હતી. આ કાર્યક્રમ દરમિયાન મોદીએ અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ પુનઃવિકસિત કરવામાં આવેલા ત્રણ રેલવે સ્ટેશનોનું પણ ઉદ્ઘાટન કર્યું હતું. વડા પ્રધાને ઉદ્ઘાટન ભાષણમાં કહ્યું કે આત્મનિર્ભર ભારત અને મેક ઇન ઇન્ડિયા માટે પેટ્રોલિયમ ક્ષેત્રનું વિસ્તરણ ખૂબ જરૂરી છે. કોચી રિફાઇનરીમાં પોલીપ્રોપીલીન યુનિટનો શિલાન્યાસ કરવા પાછળનો આ જ હેતુ છે. તેમણે વધુમાં કહ્યું કે આજે ભારત એક મોટું ઉત્પાદન કેન્દ્ર બની રહ્યું છે. વિશ્વ આધુનિક માળખાગત સુવિધાઓમાં ભારતના રોકાણની ખૂબ પ્રશંસા કરી રહ્યું છે. વડા પ્રધાને કેરળમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના (પીએમજીએસવાય) હેઠળ બાંધવામાં આવેલા ૨૩ ગ્રામીણ રસ્તાઓનું પણ ઉદ્ઘાટન કર્યું હતું.

## પહેલા પાનાનું ચાલુ

### દુબઈ ઍરપોર્ટ

ખલાસીને બચાવી લેવાયા હતા, જ્યારે ત્રણ ખલાસી ગુમ થયા હતા. અમેરિકા-ઈઝરાયલ યુદ્ધના સંદર્ભમાં ઈરાને હોર્મુઝ નજીક થાઈલેન્ડના કાર્ગો જહાજ પર મિસાઈલથી હુમલો કર્યો છે. યુએઈના ખલીફા બંદરથી ગુજરાતના કંડલા બંદર તરફ જઈ રહેલા 'મયૂરી નારી' જહાજ પર આ હુમલો થયો છે.

કુવૈતે ઇરાનના આઠ ડ્રોન તોડ્યા હોવાનો દાવો કર્યો હતો, જ્યારે સઉદી અરેબિયાએ જણાવ્યું હતું કે શાયબાહ ઑઇલ ફિલ્ડ પરના પાંચ ડ્રોન હુમલા નિષ્ફળ બનાવાયા હતા. ઇરાને હોર્મુઝ સામુદ્રધુનીમાંથી જહાજોની અવરજવર લગભગ બંધ કરાવી દીધી છે અને તેથી વિશ્વભરમાં તેલ તેમ જ ગૅસનું સંકટ ઊભું થયું છે. બૈરુત અને દક્ષિણ લેબેનોનમાં બુધવારે અનેક ધડાકા સંભળાયા હતા. ઇઝરાયલે મધ્ય બૈરુતના ગીચ વસતિ ધરાવતા અઇચા બાક્કર વિસ્તારની ઇમારત પર કરેલા હુમલામાં ઉપલા બે માળ સળગી ગયા હતા. દક્ષિણ અને પૂર્વ લેબેનોનમાં ઇઝરાયલે કરેલા હુમલામાં વધુ ૧૪ જણ માર્યાં ગયાં હતાં. યુદ્ધને લીધે લેબેનોનમાં અત્યાર સુધીમાં ૫૦૦થી વધારે લોકો માર્યા ગયાં હતાં. ઇરાને બુધવારે તેલ અવીવ અને ઇઝરાયલના અન્ય કેટલાંક શહેરો પર હુમલા કર્યા હતા.

સઉદી અરેબિયાએ પ્રિન્સ સુલતાન ઍરબેઝ પર દુશ્મને છોડેલા છ બેલિસ્ટિક મિસાઇલ તોડી પાડ્યા હોવાનો દાવો કર્યો હતો. યુનાઇટેડ કિંગડમ મેરીટાઇમ ટ્રેડ ઑપરેશન્સ સેન્ટરે આપેલી માહિતી મુજબ સંયુક્ત આરબ અમીરાત (યુએઇ)ની નજીક એક કન્ટેનર શિપ પર હુમલો કરાયો હતો. કતાર, ઓમાન, બાહરીન અને યુએઇ દ્વારા ઇરાનના મિસાઇલ અને ડ્રોન હુમલાને ખાળવા માટે બનતા પ્રયાસ થઇ રહ્યા છે. યુદ્ધના ભયને કારણે ખનિજ તેલના ભાવ ઊંચા જ રહેવાની ભીતિ છે. અખાત વિસ્તારમાંના વિદેશીઓ નાસીને સ્વદેશ જઇ રહ્યા છે. (એજન્સી)

### લોકસભાના સ્પીકર

કારણે કેટલું સહન કરવું પડશે? સ્પીકર સામેની અવિશ્વાસની દરખાસ્ત પર લોકસભામાં થયેલી ચર્ચામાં ભાગ લેતા વિપક્ષના સાંસદોએ આક્ષેપ કર્યો હતો કે લોકસભામાં અમે મહત્ત્વનો મુદ્દો ઉઠાવવા માગતા હોય ત્યારે સ્પીકર મોટા ભાગે ના પાડે છે. રાષ્ટ્રીય જનતા દળના અભયકુમાર સિંહાએ જણાવ્યું હતું કે જવાહરલાલ નહેરુ અને દેશના બંધારણના ઘડવૈયાઓ સ્પીકરની પાસે નિષ્પક્ષ વર્તનની આશા રાખતા હતા, પરંતુ હાલમાં એવું નથી રહ્યું. હાલના સ્પીકર શાસક પક્ષના જુલમના પ્રતીક બની ગયા છે. એક દિવસે તો અંદાજે ૧૪૦ સાંસદને સસ્પેન્ડ કરાયા હતા.

જેએમએમના સાંસદ વિજયકુમાર વાંસડાકે જણાવ્યું હતું કે ગૃહની બેઠકમાં 'નહેરુ' પછી સૌથી વધુ બોલાતો શબ્દ 'ના' છે. વિપક્ષના સાંસદો જ્યારે પણ કંઇ બોલવા જાય ત્યારે તેમના પ્રવચનમાં વિઘ્ન નખાય છે.

એનસીપી (શરદ પવાર)ના બજરંગ મનોહર સોનવણેએ જણાવ્યું હતું કે બિરલાજી એક જ બાજુ ઠંડી હવા આપનારા પંખા જેવા છે. તેઓ જમણી બાજુ જુએ ત્યારે સ્મિત કરે છે અને ડાબી બાજુ જોઇને 'ના, ના, ના' બોલે છે. (એજન્સી)

### સેન્સેક્સમાં

ગબડીને ૨૩,૮૬૬.૮૫ની સપાટીએ સ્થિર થયો હતો. બીએસઇનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૪૭.૦૪ લાખ કરોડથી રૂ.૫.૧૪ લાખ કરોડ ઘટીને રૂ.૪૪૧.૯૦ લાખ કરોડ રહ્યું હતું. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૫.૭૬ ટકા વધીને ૯૨.૮૬ ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચ્યું હતું. મધ્ય પૂર્વમાં વધતા ભૂરાજકીય તણાવથી ખરડાયેલા વૈશ્વિક ઇક્વિટી બજારો પાછળ સ્થાનિક બજારોમાં વેચવાલીનું દબાણ વધી ગયું હતું.

વૈશ્વિક શેરબજારમાંથી નબળા સંકેતો અને અમેરિકા તથા ઈરાન વચ્ચે ચાલી રહેલા લશ્કરી સંઘર્ષને કારણે ઊર્જા પુરવઠામાં સંભવિત વિક્ષેપ અને ફુગાવા અંગેની ચિંતાઓએ રોકાણકારોને નફો બુક કરવા પ્રેર્યા હતા. આ ઉપરાંત સતત એફઆઇઆઇની સતત વેચવાલીએ પણ ઇક્વિટી માર્કેટનું સેન્ટિમેન્ટ બગાડ્યું હતું. ક્રૂડ ઓઇલ સપ્લાયમાં સંભવિત વિક્ષેપો, વધતા ફુગાવાના દબાણ અને આર્થિક વિકાસ પર સંભવિત અસર અંગેની ચિંતા તેમ જ વિદેશી સંસ્થાકીય રોકાણકારોના સતત વેચાણ અને રૂપિયામાં નબળાઈએ રોકાણગકારોનું માનસ ખોરવી નાંખ્યું છે. સેન્સેક્સ કંપનીઓમાંથી, બજાજ ફાઇનાન્સ, એક્સિસ બેંક, બજાજ ફિનસર્વ, મહિન્દ્રા અને મહિન્દ્રા, મારુતિ, ભારતી એરટેલ, ટ્રેન્ટ અને કોટક મહિન્દ્રા બેંક ટોપ લૂઝર અને એનટીપીસી, સન ફાર્મા અને પાવર ગ્રીડ ટોપ ગેઇનર રહ્યા હતા.

### અઢી દિવસમાં

તેલને હોર્મુઝ સમુદ્રધુની સિવાયના માર્ગમાંથી લાવવામાં આવી રહ્યું છે. સરકારી પગલાને લીધે એલપીજી ઉત્પાદનમાં ૨૫ ટકાનો વધારો થયો છે.

તેમણે કહ્યું હતું કે રાંધણ ગૅસના સિલિન્ડરનું ગભરાટમાં બુકિંગ કરવાની જરૂર નથી અને રાંધણગૅસની ડિલિવરી અઢી દિવસની જ રહી છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે મળતી માહિતી પ્રમાણે ગભરાટમાં બુકિંગ થઈ રહ્યું છે અને ગેરમાહિતીને લીધે સંગ્રહખોરી વધી ગઈ છે. હું ખુલાસો કરવા માગું છું કે ઘરેલુ સિલિન્ડરની ડિલિવરી અઢી દિવસની જ છે. આથી ગ્રાહકોને સિલિન્ડર બુક કરવામાં ઉતાવળ કરવાની જરૂર નથી. રાજ્ય સરકારોને રાંધણગૅસની સંગ્રહખોરી ન થાય અને એના કાળાં બજાર ન થાય એના અગમચેતીનાં પગલાં લેવાનું કહ્યું હતું, એમ મંત્રાલયે કહ્યું હતું.

સચિવ સુજાતા શર્માએ કહ્યું હતું કે ભારતનો ખનીજ તેલનો પુરવઠો સુરક્ષિત છે. આપણો દૈનિક વપરાશ પંચાવન લાખ બેરલ છે. સામાન્ય રીતે હોર્મુઝથી આવતા ખનીજ તેલ કરતાં પણ વધારે તેલ અમે વિવિધતાવાળી ખરીદી વડે મેળવ્યું છે.

પશ્ચિમ એશિયાની લડાઈને લીધે કમર્શિયલ લિક્વિડ પેટ્રોલિયમ ગૅસ (એલપીજી) સિલિન્ડરની અછત ઊભી થઈ છે અને રેસ્ટોરાં, સ્ટ્રીટ ફૂડ વેન્ડર અને કેટરિંગ બિઝનેસ તેના વિકલ્પો શોધી રહી છે. આ માટે ઈન્ડકશન કૂકટોપ્સ અને માઈક્રોવેવથી માંડીને લાકડા અને સૌર ઊર્જાના વિકલ્પો અપનાવવામાં આવી રહ્યા છે.

યુદ્ધે ઇંધણની ગ્લોબલ લાઈફલાઈનને ખોરવી નાખી છે અને સરકારે વાણિજ્ય એલપીજી કરતાં ઘરેલુ એલપીજી સિલિન્ડરને અગ્રતાક્રમ આપવાનું નક્કી કર્યું છે. નાના આહારગૃહથી માંડીને વૈભવશાળી રેસ્ટૉરાં પરિસ્થિતિને ચિંતાકારક રીતે જોઈ રહી છે અને અમુક તો આગામી દિવસોમાં ઑપરેશન બંધ કરવાનું વિચારી રહ્યા છે.

દેશની રાજધાનીમાં કિચનમાં અજંપો ફેલાયો છે. અનેક રેસ્ટોરાંમાં ફક્ત બે દિવસ ચાલે એટલો જ સ્ટોક છે. આથી તેઓ હંગામી રીતે રેસ્ટોરાં બંધ કરવાનું વિચારી રહ્યા છે. તેમને કર્મચારીને પગાર કેવી રીતે આપવો તેની ચિંતા છે. (એજન્સી)

### છત્તીસગઢમાં ચાર કરોડનું

આત્મસમર્પણ કરનારા નક્સલીઓમાં છ ડિવિઝનલ કમિટીના સભ્યો હતા. જેમાં પ્રત્યેક પર આઠ લાખ રૂપિયાનું ઇનામ હતું. પટ્ટિલિંગમે જણાવ્યું કે માઓવાદીઓની દંડકારણ્ય સ્પેશિયલ ઝોનલ કમિટી (ડીકેએસઝેડસી) સાથે સંકળાયેલા આ કાર્યકરોએ બસ્તર જિલ્લાના મુખ્યાલય જગદલપુરમાં આત્મસમર્પણ કર્યું હતું. પ્રતિબંધિત સીપીઆઇ (માઓવાદી)ના ડીકેએસઝેડસી સંગઠને ભૂતકાળમાં દક્ષિણ બસ્તરમાં અનેક ઘાતક હુમલા કર્યા હતા.

### રિલાયન્સ અમેરિકામાં

રિફાઇનરીમાંથી ઈંધણ ૨૦ વર્ષ સુધી ખરીદવા કરાર કર્યા હોવાનું કહેવાય છે. ટ્રમ્પે સોશ્યલ મીડિયા 'ટ્રૂથ સોશ્યલ' પરની પોસ્ટમાં રિલાયન્સને આ પ્રૉજેક્ટનું ભાગીદાર ગણાવ્યું હતું અને તેને ૩૦૦ અબજ ડૉલરનો ઐતિહાસિક કરાર ગણાવ્યો હતો.

'અમેરિકા ફર્સ્ટ રિફાઇનિંગ'એ રિલાયન્સનું નામ જાહેર કર્યા વિના જણાવ્યું હતું કે અમને એક વૈશ્વિક મોટી કંપની પાસેથી નવ આંકડાની રકમમાં રોકાણની બાંયધરી મળી છે. આ પ્રૉજેક્ટનો શિલાન્યાસ ચાલુ વર્ષે અંતમાં થવાની આશા છે. તે ૧૯૭૭માં લુઇસિયાનાના મેરેથોનના ગ્રેવિલેમાં શરૂ થયેલા રિફાઇનિંગ પ્રૉજેક્ટ પછીનો સૌથી મોટો હશે.


ટ્રમ્પે અને 'અમેરિકા ફર્સ્ટ રિફાઇનિંગ'એ આ પ્રૉજેક્ટની નાણાકીય વિગત અને તે ક્યારે પૂરો થશે, તેની માહિતી નહોતી આપી.

ખનિજ તેલ ક્ષેત્રના નિષ્ણાતોના મત મુજબ આ પ્રૉજેક્ટ પાછળ ચાર અબજથી પાંચ અબજ ડૉલર જેટલો ખર્ચ થઇ શકે છે.

રિલાયન્સ દ્વારા અમેરિકામાં બાંધવામાં આવનારી આ પ્રથમ ઑઇલ રિફાઇનરી હશે. હાલમાં તે ગુજરાતના જામનગરમાં વિશ્વનું સૌથી મોટી રિફાઇનિંગ કૉમ્પ્લેક્સ ધરાવે છે અને તેની ક્ષમતા ૧૨.૪ લાખ બેરલ ક્રૂડ ઑઇલ પ્રૉસેસ કરવાની છે.

રિલાયન્સે અગાઉ અમેરિકાની શૅલ ગૅસ એસેટ્સમાં રોકાણ કર્યું હતું અને હાલમાં અમેરિકામાં ઘણું ઈંધણ વેચે છે. (એજન્સી)

સતાવીશ દશા પોરવાડ મરણ



ગં. સ્વ. ભાનુબેન નટવરલાલ દેસાઈ (ઉ. વ. ૯૪)

વિજાપુર નિવાસી હાલ મુંબઈ સ્થિત તે સ્વ. નટવરલાલ જીવણલાલ દેસાઈના ધર્મપત્નિ, ફાગણ વદ પાંચમના રવિવાર તારીખ ૦૮/૦૩/૨૦૨૬ ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. સ્વ.રૂખમણી બાળકૃષ્ણ મોદીના સુપુત્રી, તે સંધ્યા, સ્વ. રાજુલ તથા ઉમેશના માતુશ્રી, તે ઉમાકાંતભાઈ, સ્વ. અરૂણકુમાર, તથા શિલ્પાના સાસુ, તે પુજન - બંસરીના દાદી, મીના- સ્વ. અતુલ, માલા - સંજયના મોટીબા, તથા શેઠ પરિવાર (અલીબાગ) ના ભાણેજ. લૌકીક વ્યવહાર બંધ છે. સમગ્ર દેસાઈ પંરિવારના જયશ્રી કૃષ્ણ મોબાઇલ :- ૯૩૨૦૭૨૨૧૭૭.

# મુંબઈ ભણવા આવતા વિદ્યાર્થીઓ માટે મ્હાડાની ભેટ

## દિવાળી સુધીમાં બે હોસ્ટેલ ખુલ્લી મુકાશે

મુંબઈઃ મુંબઈમાં રોટલો મળે પણ ઓટલો ન મળે, એવું કહેવાતું. દેશભરમાંથી હજારો લોકો મુંબઈમાં શિક્ષણ અને રોજગાર માટે આવે છે. અહીં આવતા વિદ્યાર્થીઓને ઊભી થતી મુખ્ય સમસ્યાઓમાંની એક રહેઠાણની છે, પરંતુ હવે મ્હાડાએ તેનો એક ઉકેલ શોધી કાઢ્યો છે.

મુંબઈ આવતા વિદ્યાર્થીઓ માટે હવે મુંબઈના કાલાચોકી તેમજ જીજામાતા નગર ખાતે અંદાજે ૧૮ માળનું હોસ્ટેલ બાંધવામાં આવી રહ્યું છે.

આ હોસ્ટેલનું કામ ૨૦૨૨માં શરૂ થયું હતું અને હાલમાં ૯૦ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે અને દિવાળી સુધીમાં પ્રોજેક્ટનું કામ પૂરું કરી આ હોસ્ટેલ વિદ્યાર્થીઓ માટે ખુલ્લું મૂકવામાં આવશે.

મ્હાડાએ સામાજિક જવાબદારીના ભાગરૂપે આશરે છ થી સાત વર્ષ પહેલાં મુંબઈમાં હોસ્ટેલ બનાવીને વિદ્યાર્થીઓ અને મહિલાઓને કામચલાઉ આશ્રય આપવાનો નિર્ણય લીધો હતો. તે મુજબ, હવે પહેલો પ્રોજેક્ટ કાલાચોકીના જીજામાતા નગરમાં શરૂ કરવાનો નિર્ણય લઈને તેના માટેની જરૂરી પ્રક્રિયા પણ પૂર્ણ કરી લેવામાં આવી છે.

જીજામાતા નગરમાં આશરે ૧૫,૦૦૦ ચોરસ મીટરના વિસ્તારમાં ૧૮ માળનું હોસ્ટેલ બનાવવામાં આવી રહ્યું છે.

મુંબઈમાં આ મ્હાડાનું પ્રથમ હોસ્ટેલ હશે. આ હોસ્ટેલમાં લગભગ ૫૦૦ યુવક-યુવતીઓ રહી શકશે. ■

# એન્ટિલિયા કેસઃ પ્રદીપ શર્માને નિર્દોષ જાહેર કરવાનો હાઈ કોર્ટનો ઈનકાર

મુંબઈઃ જાણીતા ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના નિવાસસ્થાન ‘એન્ટિલિયા’ બહાર મળી આવેલા વિસ્ફોટકો અને ઉદ્યોગપતિ મનસુખ હિરેનની હત્યાના કેસમાં પૂર્વ એન્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટ પોલીસ અધિકારી પ્રદીપ શર્માને નિર્દોષ જાહેર કરવાનો હાઈ કોર્ટે ઇનકાર કર્યો હતો.રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઇએ) કાયદા હેઠળ રચાયેલી ખાસ અદાલતે શર્માની મુક્તિ માટેની અરજી ફગાવી દીધા બાદ તેમણે હાઇ કોર્ટમાં અરજી કરી હતી. મંગળવારે ભારતના મુખ્ય ન્યાયાધીશની આગેવાની હેઠળની બેન્ચે વિગતવાર સુનાવણી કર્યા પછી શર્માની મુક્તિ માટેની અરજી ફગાવી દીધી હતી. શર્માએ નિર્દોષ છૂટકારો મેળવવાની માગ કરતી વખતે દાવો કર્યો હતો કે વાહનમાં જિલેટીન સ્ટીક રાખવાના કથિત ગુનાઓ સાથે તેમને જોડવા માટે કોઈ પુરાવા નથી.એનઆઇએ એ આરોપ લગાવ્યો હતો કે શર્મા એન્ટિલિયા નજીક વિસ્ફોટકો મૂકવાના કાવતરામાં અને હિરેનની હત્યાના કાવતરામાં સામેલ હતો. શર્માની જૂન ૨૦૨૧માં ધરપકડ કરવામાં આવી હતી. તેના પર હત્યા, ગુનાહિત કાવતરું, અપહરણ, પુરાવાનો નાશ કરવા અને યુએપીએ અને આર્મ્સ એક્ટ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. ■

## સુધારો






ડૉ. સંજય પાંડે
ડાયરેક્ટર યુરોલોજી રોબોટિક અને રિકન્સ્ટ્રક્ટિવ યુરોલોજી

તા.૧૧ માર્ચ ૨૦૨૬ના અંકમાં પાના નં.પાંચ ઉપર શરતચૂકથી છપાયેલ ઇમેઇલઃ sarampar@gmail.com જેને બદલે આ ઇમેઇલઃ **sanjaypdr@gmail.com** ઉપર ડૉ. સંજય પાંડેનો સંપર્ક કરવો.

સંદેશાઓ કનેક્ટ કરવા માટે
**Wattsapp: 73048 04138**

# સ્તનપાન કરતાં બાળક માટે માતા જ યોગ્ય રખેવાળઃ હાઈ કોર્ટ

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે એક પુરુષને તેની એક વર્ષની પુત્રીની કસ્ટડી તેનાથી અલગ રહેતી પત્નીને સોંપવાનો આદેશ આપ્યો છે, કારણ કે બાળકીનું શ્રેષ્ઠ હિત સ્તનપાન કરાવતી તેની માતા સાથે રહેલું છે. મંગળવારે પસાર કરાયેલા આદેશમાં જસ્ટિસ એસ.વી. કોટવાલ અને સંદેશ પાટીલની બેન્ચે નોંધ્યું હતું કે, મહિલાને સાસરીમાં શારીરિક ત્રાસ આપી તેને તેના સાસરિયાનું ઘર છોડવાની ફરજ પાડવામાં આવી હતી અને તેની નણંદે તેની પુત્રીને છીનવી લીધી હોવાથી, તે બાળકને પોતાની સાથે લઈ જઈ શકી નહોતી.

આ આદેશ મહિલા દ્વારા તેની પુત્રીની કસ્ટડી મેળવવા માટે દાખલ કરાયેલ હેબિયસ કોર્પસ (વ્યક્તિને રજૂ કરો) અરજી સામે આપવામાં આવ્યો હતો. મહિલાએ પોતાની અરજીમાં જણાવ્યું હતું કે ગયા મહિને તેના પતિ અને નણંદ દ્વારા શારીરિક હુમલો કરવામાં આવ્યા બાદ તેણે પોતાના બચાવ માટે ઘર છોડવું પડ્યું હતું. ત્યારથી, તેની એક વર્ષની પુત્રી તેના પતિ પાસે છે.

અરજી મુજબ દંપતીના લગ્ન ૨૦૨૩માં થયા હતા અને ત્યારથી મહિલાને શારીરિક, ભાવનાત્મક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. મહિલાએ તેના પતિ પાસેથી તેમની પુત્રીનો કબજો માગ્યો હતો.

પતિએ અરજીનો વિરોધ કર્યો અને દાવો કર્યો કે તેની પત્નીએ જાતે ઘર છોડી દીધું છે. તેણે વધુમાં કહ્યું કે બાળકનું હિત તેની સાથે રહેલું છે કારણ કે તે કમાઈ રહ્યો છે જ્યારે તેની પત્ની કમાતી નથી . કાયદા મુજબ પિતા પણ બાળકના કુદરતી વાલી છે, તેમ પુરુષે જણાવ્યું હતું.

જોકે, હાઈ કોર્ટે નોંધ્યું હતું કે તે કામ કરતો હોવાથી તે બાળકની યોગ્ય સંભાળ રાખી શકશે નહીં અને મહિલા, જે હવે તેના માતાપિતા સાથે રહે છે, તે બાળકની યોગ્ય સંભાળ રાખી શકશે. કોર્ટે પુરુષ દ્વારા તેની પત્નીને મોકલવામાં આવેલા વોટ્સએપ સંદેશાઓની પણ નોંધ લીધી જેમાં તેણે અપશબ્દો અને ગંદી ભાષાનો ઉપયોગ કર્યો હતો. મહિલાના આરોપોમાં તથ્ય હોવાનું પણ હાઇ કોર્ટે જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

# એકનાથ ખડસેની મુશ્કેલી વધી, એસઆઈટી તપાસ કરશે, બાવનકુળેનો આદેશ

મુંબઈઃ રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી (એનસીપી) શરદ પવાર જૂથના નેતા અને ભૂતપૂર્વ પ્રધાન, એકનાથ ખડસે, હંમેશા વિવિધ કારણોસર સમાચારમાં રહે છે. હવે ફરી એકવાર ખડસે સમાચારમાં છે. મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ એકનાથ ખડસે વિરુદ્ધ એસઆઈટીની નિમણૂક કરવાનો આદેશ આપ્યો છે. તેથી આ વખતે ખડસેની મુશ્કેલીઓ વધવાની શક્યતા છે.

એકનાથ ખડસે સામેના આરોપો અંગે ભાજપના ધારાસભ્ય મંગેશ ચવ્હાણે માહિતી આપી છે. આ અંગે બોલતા ચવ્હાણે કહ્યું કે મુક્તાઈનગરમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગનું વિસ્તરણ ચાલી રહ્યું છે. આ સંદર્ભમાં ૨૫ જાન્યુઆરી ૨૦૨૨ ના રોજ એક ગેઝેટ પ્રકાશિત કરવામાં આવ્યું હતું. આ માટે સરકારે ૧૩ જાન્યુઆરી ૨૦૨૩ ના રોજ ૫૬.૮૦ હેક્ટર જમીન સંપાદન કરવાનો નિર્ણય લીધો હતો. આ દરમિયાન કેટલાક લોકોને ખ્યાલ આવ્યો કે એક હાઇવે બનાવવામાં આવી રહ્યો છે. તે જમીન પર મોટી સંખ્યામાં વૃક્ષો વાવીને વળતર મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. એકવાર નોટિસ જારી થઈ જાય પછી, જમીન સંપૂર્ણપણે સરકારી મિલકત બની જાય છે. એકવાર ટાઇટલ નોંધાઈ જાય પછી, મૂળ માલિકના તમામ અધિકારો સમાપ્ત થઈ જાય છે.

મોટી રકમ પડાવવા માટે એકનાથ ખડસેએ ૧૪ દિવસ પછી ૨૭ જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ સૂચિત કરાયેલી જમીનનો કેટલોક ભાગ ૧૫,૨૨,૦૦૦ રૂપિયાનો ખરીદ દસ્તાવેજ દર્શાવ્યો અને સાડા ત્રણ વર્ષ પછી તેને પોતાના લાભમાં ટ્રાન્સફર કરી દીધો. એટલું જ નહીં, પરંતુ ખરીદી દસ્તાવેજમાં નોંધવામાં આવ્યું હતું કે આ જમીન ખેતીલાયક હતી. ખરીદી પહેલા ત્યાં વૃક્ષો વાવવામાં આવ્યા હતા. તેના વળતર માટે પ્રક્રિયા શરૂ કરવામાં આવી . ૨૦૨૨ માં, આ જમીન ખરીફ હતી, ત્યાં કપાસ ઉગાડવામાં આવે છે. આઠ વર્ષથી ત્યાં વૃક્ષો હતા એવું દર્શાવવામાં આવ્યું, આ સરકાર સાથે કરવામાં આવેલી છેતરપિંડી છે, મંગેશ ચવ્હાણે કહ્યું હતું.

ચંદ્રશેખર બાવનકુળેએ હવે આ મામલે એસઆઈટી તપાસનો આદેશ આપ્યો છે. કોઈ વળતરનું વિતરણ થયું નહોતું, તેથી કોઈ છેતરપિંડી થઈ નથી. પણ શું આવું થઈ રહ્યું છે? આ કેસમાં વિભાગીય કમિશનર પ્રવીણ ગેડામની અધ્યક્ષતામાં એક એસઆઈટીની નિમણૂક કરવામાં આવશે, જે ત્રણ મહિનામાં રિપોર્ટ રજૂ કરશે. આ નવ ગામોનો પ્રશ્ન છે. આ મામલામાં છ વિભાગોના અધિકારીઓ પણ સંડોવાયેલા છે, તેમની પણ તપાસ કરવી પડશે. આ પ્રસંગે બોલતા બાવનકુળેએ કહ્યું કે આ રિપોર્ટ ગૃહમાં રજૂ કરવામાં આવશે. ■

# ૫૦ લાખની ખંડણી માટે વેપારીનું અપહરણ કરનારા પાંચ પકડાયા

## વેપારીની માહિતી અપહરણકારોને આપનારો પણ તાબામાંઃ પોલીસ પીછો કરતી હોવાની જાણ થતાં વેપારીને ચંદનાપુરી ઘાટમાં છોડ્યો

મુંબઈઃ પુણેમાં ૫૦ લાખ રૂપિયાની ખંડણી વસૂલવા વેપારીનું કારમાં અપહરણ કરનારા પાંચ આરોપીની પોલીસે ધરપકડ કરી હતી. પોલીસ પીછો કરતી હોવાની જાણ થતાં જ અપહરણકારોએ વેપારીને સંગમનેર ખાતેના ચંદનાપુરી ઘાટમાં છોડી દીધો હતો, જેને પોલીસની ટીમે શોધી કાઢ્યો હતો. આરોપીને વેપારીની માહિતી પૂરી પાડનારા શકમંદને પણ તાબામાં લેવાયો હોવાનું જાણવા મળ્યું હતું.

પિંપરી-ચિંચવડ પોલીસે પકડી પાડેલા આરોપીઓની ઓળખ ચંદ્રશેખર દીપચંદ ગૌડ (૩૪), દિલીપ મોહનલાલ સરોજ (૨૮), રિન્કુ અલગુરામ સરોજ (૨૦), અનિલ ગિરધારીલાલ સરોજ (૨૬) અને મૂકેશકુમાર રામમુરત ચમાર (૨૪) તરીકે થઈ હતી. તેમની પાસેથી બે દેશી બનાવટની પિસ્તોલ, છ કારતૂસ, પાંચ મોબાઈલ ફોન, ફરિયાદીનું સાત લાખ રૂપિયાનું ઘડિયાળ અને કાર જપ્ત કરવામાં આવી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર પુણેના રહાટણી વિસ્તારમાંથી સોમવારની સાંજે વેપારીનું કારમાં અપહરણ કરવામાં આવ્યું હતું. અપહરણકારોએ વેપારીના ભાઈને કૉલ કરી ૫૦ લાખ રૂપિયાની માગણી કરી હતી. રૂપિયા ન આપે તો વેપારીને પતાવી નાખવાની ધમકી પણ આપી હતી. વેપારીના ભાઈએ આ અંગે તાત્કાલિક પોલીસને જાણ કરી હતી.

માહિતી મળતાં જ ક્રાઈમ બ્રાન્ચ અને કાળેવાડી પોલીસ સ્ટેશનના અધિકારીઓની અલગ અલગ ટીમ બનાવવામાં આવી હતી. સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે પોલીસે વેપારીનું જે કારમાં અપહરણ કરવામાં આવ્યું હતું તેને ઓળખી કાઢી હતી. એ સિવાય વેપારીના ભાઈને ખંડણી માટે ફોન કરવામાં આવ્યો હતો તેના નંબરને ટ્રેસ કરવામાં આવ્યો હતો.

અપહરણ બાદ આરોપી વેપારીને ઉત્તર પ્રદેશ લઈ જવાની તૈયારીમાં હતા. પોલીસની ટીમે આરોપીઓની કારનો પીછો કરવા માંડ્યો હતો. પોલીસ પીછો કરતી હોવાની જાણ થતાં વેપારીને ચંદનાપુરી ઘાટમાં છોડી અપહરણકારો સંગમનેર ટોલનાકા તરફ રવાના થયા હતા. ટોલનાકા પાસે પોલીસે આરોપીની કારને આંતરી પાંચ જણને તાબામાં લીધા હતા.

આરોપીએ આપેલી માહિતી પરથી વેપારીને ચંદનાપુરી ઘાટમાંથી શોધી કાઢવામાં આવ્યો હતો. પકડાયેલા આરોપીઓની પોલીસ વધુ પૂછપરછ કરી રહી છે. ■

# થાણેમાં ટીસી સાથે ઝઘડો કરનારી યુવતીની ધરપકડ

મુંબઈઃ થાણે રેલ્વે સ્ટેશન પર ફૂટ ઓવરબ્રિજ પર એક મહિલા ટિકિટ ચેકરે એક ૧૮ વર્ષીય યુવતીને ટિકિટ બતાવવાનું કહ્યું ત્યારે તેણે ટીસી પર હુમલો કર્યો હતો. મંગળવારે આ ઘટનાની માહિતી એક પોલીસ અધિકારીએ આપી હતી.

અધિકારીના જણાવ્યા અનુસાર આ ઘટના સોમવારે બની હતી. ૩૯ વર્ષીય હેડ ટીસી ટિકિટ ચેક કરી રહ્યા હતા ત્યારે મોબાઇલ ફોન પર વાત કરતી એક કિશોરીએ પોતાની ટિકિટ બતાવવાનો ઇનકાર કર્યો હતો. જ્યારે તેની પાસે ઓળખપત્ર માંગવામાં આવ્યું ત્યારે તેણે આધાર કાર્ડને બદલે પોતાનું પાન કાર્ડ બતાવ્યું, જેના કારણે ઉગ્ર બોલાચાલી શરૂ થઈ હતી.યુવતીએ પોતાનો મોબાઇલ ફોન ટીસીના ચહેરા પર મારતા મામલો વધારે બિચક્યો અને બંને વચ્ચે મારપીટ શરૂ થઇ ગઈ. ત્યારબાદ ટીસી આરોપીને સ્ટેશન મેનેજરની ઓફિસમાં લઈ ગઈ, જ્યાં તેની ઓળખ સ્થાનિક રહેવાસી તરીકે થઇ હતી, જે હાઉસકીપિંગ અને બ્યુટી સર્વિસીસનું કામ કરે છે.આ ઘટના બાદ પોલીસને બોલાવવામાં આવી હતી અને આરોપી વિરુદ્ધ ભારતીય રેલવે અધિનિયમ અને ભારતીય દંડ સંહિતા હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. પોલીસે આરોપીની ધરપકડ કરી છે. ■

### વિધાનભવન નજીક યુવકનો આત્મદહનનો પ્રયાસ

# વતનમાં ભગવાન વિશ્વકર્માની પ્રતિમા હટાવવાને કારણે હતો નારાજ

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં વિધાનભવન નજીક યુવકે આત્મદહનનો પ્રયાસ કરતાં તેની સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. યુવકના વતનમાં ભગવાન વિશ્વકર્માની પ્રતિમા હટાવવામાં આવી હતી, જેને કારણે તે નારાજ હતો.

પોલીસના જણાવ્યા મુજબ નરીમન પોઇન્ટ વિસ્તારમાં ઉષા મહેતા ચોક ખાતે બુધવારે આ ઘટના બની હતી.

મરીન ડ્રાઇવ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે સોલાપુર જિલ્લાના માધા તાલુકાના તાકલીનો રહેવાસી દાદાસો બબન કાલસૈત બુધવારે ઘટનાસ્થળે આવ્યો હતો. દાદાસો પોતાની સાથે કેરોસીન લાવ્યો હતો અને તેણે પોતાના શરીર પર કેરોસીન છાંટીને આત્મદહનનો પ્રયાસ કર્યો હતો.

દાદાસો પોતાને નુકસાન પહોંચાડે એ પહેલા પોલીસ કર્મચારીઓ તથા રાહદારીઓએ તેને પકડી પાડ્યો હતો. તેને બાદમા મરીન ડ્રાઇવ પોલીસ સ્ટેશનમાં લઇ જવાયો હતો, જ્યાં તેની પૂછપરછ કરવામાં આવી હતી.

પોલીસના જાણવા મળ્યું હતું કે દાદાસોના વતનમાં લોહાર સમાજની જમીન પર ગેરકાયદે સ્થાપિત ભગવાન વિશ્વકર્માની પ્રતિમાને થોડા દિવસ અગાઉ નગર પંચાયત દ્વારા હટાવવામાં આવી હતી, જેને કારણે દાદાસો નારાજ હતો.

દરમિયાન મરીન ડ્રાઇવ પોલીસ સ્ટેશનમાં દાદાસો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૨૬ (આત્મહત્યાનો પ્રયાસ) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ■

# આનંદ પંડિત અને વૈશલ શાહની નવી ગુજરાતી ફિલ્મનું શૂટિંગ શરૂ

### ફિલ્મ રક્ષાબંધન પર થશે રિલીઝ



મુંબઈ : આનંદ પંડિત મોશન પિક્ચર્સ અને જન્નોક ફિલ્મ્સ દ્વારા રજૂ થતી નવી ગુજરાતી ફિલ્મનું મુહૂર્ત કાર્યક્રમ ૭ માર્ચ, ૨૦૨૬ના રોજ ભવ્ય રીતે યોજાયો. આ પ્રસંગે મનોરંજન જગતના બહુમુખી ગ્લેમરસ કલાકારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ ફિલ્મમાં ખ્યાતનામ કલાકાર રોનક કામદાર, મિત્ર ગઢવી, તત્સત મુન્શી, ચેતન દૈયા જોવા મળશે. ફિલ્મનું રિલીઝિંગ રક્ષાબંધનના શુભ અવસર પર નિર્ધારિત છે. આ ફિલ્મ માનવ અને શ્વાન વચ્ચેના અવિનાશી સંબંધને આધુનિક પરીકથા સ્વરૂપે રજૂ કરે છે.

શ્વાન માત્ર પાળતું પ્રાણી નથી, પરંતુ રક્ષક, સાથી અને નિઃસ્વાર્થ પ્રેમનું પ્રતીક છે. ફિલ્મ આ જ બોન્ડને મજેદાર, ભાવનાત્મક અને ક્વર્કી પરીકથા સ્વરૂપે રજૂ કરે છે.

નવી ફિલ્મના મહુરત પ્રસંગે આનંદભાઈએ જણાવ્યું કે “ આ મુહૂર્ત સાથે અમારો પ્રયાસ એક એવી પારિવારિક ફિલ્મ બનાવવાનો છે જે પ્રાણીઓ પ્રત્યેનો પ્રેમ અને પરિવારમાં તેમના મહત્ત્વને સુંદર રીતે રજૂ કરે. એક નિર્માતા તરીકે મને આનંદ છે કે આપણી પ્રાદેશિક સંસ્કૃતિ હવે વૈશ્વિક સ્તરે પોતાની નવી ઓળખ ઊભી કરી રહી છે.”

ફિલ્મના નિર્માતા વૈશલભાઈએ વધુમાં જણાવ્યું કે “જન્નોક ફિલ્મ્સ હંમેશાં એવી વાર્તાઓ કહેવામાં માને છે જે સીધી યુવાપેઢી તથા પરિવારના સભ્યોના દિલ સાથે જોડાય. આ ફિલ્મમાં અમે એક સાવ અલગ અને અત્યાર સુધી વણખેડાયેલા વિષયને ગુજરાતી પડદા પર લાવવાનો પ્રયાસ કર્યો છે. આ ફિલ્મ માત્ર મનોરંજન નથી, પરંતુ આપણા જીવનમાં જે મૂંગા જીવો સાચો અને નિઃસ્વાર્થ પ્રેમ લાવે છે તેની ઉજવણી છે. એક પ્રોડ્યુસર તરીકે મને ગર્વ છે કે અમે નિર્દેશક પાર્થ ત્રિવેદી અને રોનક-મિત્ર જેવા ટેલેન્ટેડ કલાકારો સાથે મળીને કંઈક એવું સર્જન કરી રહ્યા છીએ જે રક્ષાબંધનના તહેવાર પર પરિવારોને સિનેમા સુધી ખેંચી લાવશે.”

# ૪૦ લાખ રૂપિયાના લાંચ કેસમાં સીબીઆઈએ સેન્ટ્રલ રેલવેના એન્જિનિયર અને બે અન્યની ધરપકડ કરી

મુંબઈઃ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઈ) એ ૪૦.૫૪ કરોડ રૂપિયાના રેલવે ટેન્ડર સાથે જોડાયેલા કથિત લાંચ કેસમાં મધ્ય રેલવેના ઇન્ડિયન રેલવે સર્વિસીસ ઓફ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર્સ (આઈઆરએસઈઈ)ના એક વરિષ્ઠ અધિકારી અને બે ખાનગી વ્યક્તિઓની ધરપકડ કરી છે.

એજન્સીના જણાવ્યા અનુસાર સોમવારે સેન્ટ્રલ રેલવેના મુખ્ય વિદ્યુત વિતરણ ઇજનેર અને ૨૦૦૩ બેચના આઈઆરએસઈઈ અધિકારી રમેશ કુમાર ચૌવે અને અન્ય લોકો સામે કેસ નોંધવામાં આવ્યો હતો.

આ કેસ ખાનગી કંપનીને ૪૦.૫૪ કરોડ રૂપિયાના ટેન્ડર આપવામાં કથિત અનિયમિતતાઓ સાથે સંબંધિત છે. સીબીઆઈના જણાવ્યા અનુસાર, આરોપી અધિકારીએ ખાનગી કંપનીના હિસ્સેદારો પાસે ટેન્ડર પ્રક્રિયામાં કંપનીની તરફેણ કરવાના બદલામાં ૪૦ લાખ રૂપિયાની લાંચ માગી હતી.

એજન્સીએ છટકું ગોઠવીને ચૌવેને એક વ્યક્તિ પાસેથી લાંચના ભાગ રૂપે ૧૦ લાખ રૂપિયા સ્વીકારતા રંગે હાથ પકડી પાડ્યો હતો. એજન્સીએ જણાવ્યું હતું કે અધિકારીના ચેમ્બરમાંથી ૧૦ લાખ રૂપિયાની લાંચની રકમ મળી આવી હતી.

આ કેસમાં રેલવે અધિકારીની સાથે બે વ્યક્તિઓ અંશુલ વર્મા અને કનય વર્માની પણ ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડ બાદ સીબીઆઈએ આરોપીઓ સાથે જોડાયેલા મુંબઈ, નવી મુંબઈ અને કર્જત સહિત પાંચ સ્થળોએ દરોડા પાડ્યા હતા. રેલવે અધિકારીના નિવાસસ્થાને દરોડા દરમિયાન, તપાસકર્તાઓએ ૯૦.૭૯ લાખ રૂપિયા રોકડા, ૨૪૧.૩૦ ગ્રામ વજનના સોનાના દાગીના અને ૨,૫૭૭ ગ્રામ વજનના ચાંદીના દાગીના જપ્ત કર્યા હતા , જેની કુલ કિંમત આશરે ૪૨.૫૨ લાખ રૂપિયા થાય છે. એજન્સીએ રોકાણ સંબંધિત દસ્તાવેજો પણ જપ્ત કર્યા હતા. વધુમાં અધિકારીના કાર્યાલયમાંથી ૩.૮૫ લાખ રૂપિયાની રોકડ રકમ જપ્ત કરવામાં આવી હતી. આ કેસમાં કુલ જપ્તીનો અંદાજ આશરે ૧.૪૭ કરોડ રૂપિયા હોવાનો છે. તપાસ દરમિયાન એજન્સીએ અન્ય ગુનાહિત દસ્તાવેજો પણ જપ્ત કર્યા છે. આ કેસમાં વધુ તપાસ ચાલુ છે. ■


# માનખુર્દમાં ફાલૂદા વેચનારાની ચાકુના ઘા ઝીંકી હત્યા

મુંબઈઃ રાહદારીઓની ભીડ વચ્ચે ચાકુના ઉપરાછાપરી ઘા ઝીંકી ફાલૂદા વેચનારાની હત્યા કરવામાં આવી હોવાની ઘટના માનખુર્દમાં બની હતી. હત્યા બાદ આરામથી ચાલતો પસાર થઈ જનારો આરોપી યુવક સીસીટીવી કૅમેરામાં ઝડપાયો હતો.માનખુર્દ પોલીસના જણાવ્યા મુજબ મંગળવારની સાંજે બનેલી ઘટનામાં મૃતકની ઓળખ વાહિદ મસીબુલ્લા શેખ (૨૮) તરીકે થઈ હતી. શેખ પર તેના જ ઓળખીતા યુવકે હુમલો કર્યો હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું હતું.

માનખુર્દના મંડાલા વિસ્તારમાં આવેલી એક હૉટેલ બહારના સીસીટીવી કૅમેરામાં હત્યાની ઘટના કેદ થઈ હતી. બાદમાં સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ સોશ્યલ મીડિયા પર વાયરલ થયાં હતાં. પોલીસે ફૂટેજને આધારે આરોપીને ઓળખી કાઢ્યો હતો. ફૂટેજમાં નજરે પડે છે કે ફાલૂદા વેચનારો શેખ રેકડી લઈને ગલીમાંથી પસાર થાય છે. તે સમયે પાછળથી ઉતાવળે પગલે યુવક ચાલતો આવે છે. પછી યુવક ચાકુથી ઉપરાછાપરી ઘા ઝીંકે છે અને શેખ જમીન પર ફસડાઈ પડે છે. હુમલા બાદ યુવક આરામથી ચાલતો ત્યાંથી પસાર થઈ જાય છે. ■

**THE JN TATA ENDOWMENT LOAN SCHOLARSHIP**

Fall 2026–Spring 2027



**About the Program**

The J N Tata Endowment extends financial assistance to Indian students who wish to pursue Postgraduate/Doctoral/Postdoctoral studies overseas.

**Eligibility**

- Open for Indian citizens under 45 years old as of June 30, 2026.
- Graduates of a recognised Indian university with at least 60% marks on average in their undergraduate or postgraduate studies.
- Candidates who have completed at least one undergraduate degree OR those who are in the final year of any undergraduate programme at a recognised university/college/institution in India.
- Candidates admitted to the course recognised as a Graduate Program (postgraduate in Indian terminology).
- Candidates already pursuing postgraduate studies abroad may apply at the end of their first year or the start of the second, provided at least 12 months of study remain at the time of the award (typically in July).

**Application Deadline: March 15, 2026**

Applications are invited on www.jntataendowment.org
For any queries please write to jnte@tatatrusts.org

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# દેવું વધ્યું સાથે મહારાષ્ટ્રનું અર્થતંત્ર પણ વધ્યુંઃ ફડણવીસ

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે વિધાનસભામાં રાજ્યના બજેટ પરની ચર્ચાનો જવાબ આપતા રાજ્યના અર્થતંત્ર પર નાણાકીય બોજનો સ્વીકાર કર્યો હતો, સાથે જ ભારપૂર્વક જણાવ્યું હતું કે આંકડાઓને એકતરફી ન જોવા જોઈએ, કારણ કે છેલ્લા દાયકામાં દેવું અને અર્થતંત્રનું કદ બંને વધ્યા છે.

તેમણે કહ્યું કે રાજ્યનું દેવું ૨૦૧૩માં લગભગ ૩ લાખ કરોડ રૂપિયા હતું જે વધીને ૯.૩૨ લાખ કરોડ રૂપિયા થયું છે, જ્યારે ગ્રોસ સ્ટેટ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી) ૧૬ લાખ કરોડ રૂપિયાથી વધીને ૫૧ લાખ કરોડ રૂપિયા થઈ છે. મહારાષ્ટ્રનું દેવું - જીએસડીપી રેસિયો લગભગ ૧૮ ટકા છે, જે તેલંગાણા, કર્ણાટક, આંધ્રપ્રદેશ, કેરળ અને તમિલનાડુ સહિતના અન્ય ઘણા રાજ્યો કરતા ઓછો છે, નાણા મંત્રાલય સંભાળતા ફડણવીસે જણાવ્યું હતું.

રાજ્ય પાસે હજુ પણ લોન લેવાની ક્ષમતા છે, તેમણે કહ્યું કે મુખ્ય મુદ્દો એ છે કે લોન દ્વારા એકત્ર કરાયેલા ભંડોળનો યોગ્ય રીતે ઉપયોગ થાય. મુખ્યપ્રધાને નાણાકીય દબાણનો સ્વીકાર કર્યો પરંતુ કહ્યું કે સરકાર પાસે ઉકેલો શોધવાની ક્ષમતા છે.

તેમણે સામાજિક ક્ષેત્રને ફાળવણીમાં કાપ મૂકવામાં આવ્યો છે અથવા તેને બીજે વાળવામાં આવી હોવાના આરોપોને પણ નકારી કાઢ્યા હતા. ફડણવીસે ભારપૂર્વક જણાવ્યું હતું કે સામાજિક ક્ષેત્રની અવગણના કરવામાં આવી નથી અને લાડકી બહિન યોજના અને ખેડૂતોને મફત વીજળી છતાં, રાજ્ય આર્થિક રીતે મજબૂત છે.

મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે રાજ્યની અંતિમ સિંચાઈ ક્ષમતા ૮૧ લાખ હેક્ટર હોવાનો અંદાજ છે, જેમાંથી લગભગ ૫૭ લાખ હેક્ટર એટલે કે લગભગ ૭૦ ટકા ઉપયોગ થયો છે.

રાજ્યની રિન્યુએબલ એનર્જી પર ધ્યાન કેન્દ્રિત કરતા, ફડણવીસે જણાવ્યું હતું કે બિન-પરંપરાગત ઉર્જા ઉત્પાદન ૨૦૩૦ સુધીમાં ૫૨ ટકા અને ૨૦૩૫ સુધીમાં ૬૫ ટકા સુધી પહોંચવાની ધારણા છે. ગ્રીન એનર્જી સ્ટોર કરવા માટે એક નવી બેટરી-આધારિત ટેકનોલોજી પણ વિકસાવવામાં આવી રહી છે, જેના માટે રૂ. ૧,૬૫૦ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે, જ્યારે આ ક્ષેત્રમાં લગભગ રૂ. ૩.૧૨ લાખ કરોડનું ખાનગી રોકાણ અપેક્ષિત છે, એમ તેમણે ઉમેર્યું.

મુખ્ય પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે રાજ્યની ૪૫,૦૦૦ મેગાવોટ વીજળી ઉત્પાદન ક્ષમતા ૨૦૩૦ સુધીમાં ૮૨,૦૦૦ મેગાવોટ સુધી પહોંચવાની ધારણા છે. તેમણે ઉમેર્યું હતું કે, પ્લાન્ટમાં વિલંબ થાય તો પણ અવિરત પુરવઠો સુનિશ્ચિત કરવા માટે જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે.

ગયા વર્ષે ઔદ્યોગિક વીજ વપરાશમાં લગભગ ૮ ટકાનો વધારો થયો હતો, જે રાષ્ટ્રીય સરેરાશ કરતા વધુ હતો.

કૃષિ સરચાર્જમાં ઘટાડા સાથે વીજળીના દર નીચા રહ્યા છે અને આગામી પાંચ વર્ષમાં શૂન્યથી ૧૦૦ યુનિટ સુધીના ઘરગથ્થુ વીજ દરમાં ૨૪ ટકાનો ઘટાડો થવાની ધારણા છે, તેમણે ઉમેર્યું હતું. (પીટીઆઈ)

## વીજ કંપનીનો આસિસ્ટન્ટ એન્જિનિયર ૧.૫ લાખ રૂપિયાની લાંચ લેતાં પકડાયો

થાણેઃ રાયગડમાં મહારાષ્ટ્ર સ્ટેટ ઇલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યુશન કંપની લિ. (એમએસઇડીસીએલ)ના આસિસ્ટન્ટ એન્જિનિયરને એન્ટિ કરપ્શન બ્યૂરો (એસીબી)એ ૧.૫ લાખ રૂપિયાની લાંચ લેતાં રંગેહાથ પકડી પાડ્યો હતો.

રાયગડ જિલ્લાના ખાલાપુરમાં પાલી ખાતે વ્યાવસાયિક હેતુ માટે ૨૦૦ કેવી ટ્રાન્સફોર્મર બેસાડવા માટે એક વ્યક્તિએ કન્સેન્ટ લેટર મેળવ્યો હતો.

આ પ્રોજેક્ટ માટે જરૂરી અંદાજ જારી કરવા માટે ખાલાપુરમાં કાર્યરત આરોપીએ ૧.૭ લાખ રૂપિયાની લાંચ માગી હતી અને તડજોડને અંતે ૧.૫ લાખ રૂપિયા લેવાની તૈયારી દર્શાવી હતી, એમ પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ (એસીબી) સરિતા ભોસલેએ જણાવ્યું હતું. એ વ્યક્તિને લાંચ આપવી ન હોવાથી તેણે એસીબીના રાયગડ યુનિટનો સંપર્ક સાધ્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે અધિકારીઓએ સોમવારે એમએસઇડીસીએલની ઓફિસમાં છટકું ગોઠવીને આરોપીને લાંચ સ્વીકારતાં પકડી પાડ્યો હતો. આરોપી વિરુદ્ધ ખાલાપુર પોલીસ સ્ટેશનમાં પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. (પીટીઆઇ)

## ટેસ્ટ-ડ્રાઇવ કાર ત્રણ વાહન સાથે ભટકાયા બાદ કન્સ્ટ્રક્શન સાઇટ પર ખાડામાં ખાબકી

થાણેઃ થાણેમાં ટેસ્ટ-ડ્રાઇવ કાર કાબૂ ગુમાવીને પાર્ક કરાયેલા ત્રણ વાહન સાથે ભટકાયા બાદ કન્સ્ટ્રક્શન સાઇટ પર ખોદેલા ઊંડા ખાડામાં ખાબકી હતી. થાણે પાલિકાના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના ચીફ યાસિન તડવીએ કહ્યું હતું કે થાણેના નૌપાડા સ્થિત પાંચપાખાડી વિસ્તારમાં હોટેલ નજીક મંગળવારે સાંજે ૭.૨૮ વાગ્યે આ અકસ્માત થયો હતો, જેમાં કારમાં હાજર ત્રણ જણ ઘાયલ થયા હતા. ટાટા કર્વ ટેસ્ટ-ડ્રાઇવ કારે અચાનક નિયંત્રણ ગુમાવ્યું હતું અને તે રસ્તાને કિનારે પાર્ક કરેલી રિક્ષા તથા બે ટૂ-વ્હીલર સાથે ભટકાઇ હતી. બાદમાં તે કન્સ્ટ્રક્શન સાઇટ પર બાંધકામ માટે ખોદવામાં આવેલા ૨૦ ફૂટ ઊંડા ખાડામાં પડી ગઇ હતી.

કારમાં હાજર ત્રણ જણ અંદર ફસાઇ ગયા હતા અને રેસ્ક્યુ ટીમ ઘટનાસ્થળે પહોંચે એ પહેલા જ સ્થાનિકોએ ત્રણેય જણને સુરક્ષિત બહાર કાઢ્યા હતા.

અકસ્માતમાં ઇજા પામેલા ત્રણેય જણમાં ઑટોમોબાઇલ શોરૂમનો કર્મચારી હતો, જ્યાંથી કાર ટેસ્ટ-ડ્રાઇવ માટે લેવાઇ હતી. (પીટીઆઇ)

## ક્લાસિફાઈડ


### ૧૨. યાત્રા સહેલગાહ

■ Private Tours Private Car Himachal Kashmir Ladakh Uttaranchal Rajasthan Kerala Goa Vietnam Dubai Thailand Singapore Cruise રેન્ટાકેબ મુંબઈ લોકલ આઉટ સ્ટેશન Pickup Drop All Over India ડિઝાયર ઇનોવા ક્રિસ્ટા ટેમ્પો ટ્રાવેલર સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ, હોટેલ Travel Insurance ARRHAM HOLIDAY 9769977466 / 9892534488 / 9326373672. (બી-૧૭૧૮૩)

### ૧૭. જગ્યા આપવી છે

**ખાર વેસ્ટ**

ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦' તથા ૬ બેડરૂમની જોડી ૨૩૦૦' કારપેટ એરિયા, ૬ બાથરૂમ, ૨ કીચન, સ્પેશીયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોઈલેટ, ૪ પાર્કિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડીંગ, વેચાણથી. ઓનરઃ 9820156133. (બી-૧૭૧૮૫)

**શાંતાક્રુઝ (વેસ્ટ)**

ઈસ્ટ એવન્યુ- ૪ બેડરૂમ એરિયા આશરે ૧૮૦૦' કારપેટ, ૪ બાથરૂમ, ૩ લિફ્ટ, ૩ પાર્કિંગ, સ્વતંત્ર સર્વન્ટ ટોઈલેટ, વેસ્ટ ઓપન, રોડ ફેસીંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, ટેરેસ, નવું બિલ્ડીંગ, વેચવાનો ફોનઃ 9820156133. (બી-૧૭૧૮૬)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**CHURCHGATE**

One Offices for Sale 230 Carpet Fully Furnished Jolly Bhavan No. 1 New Marine Lines Whatsup 7021831500. (B-17207)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કન્ટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675/ 9326448699. (કાંદિવલી). (૮૭૨/સી)


### બેકરીઓને ફટકો

લગભગ ૮૦ થી ૯૦ ટકા બેકરીઓ એલપીજી ગેસ પર સ્વિચ કરી ચૂકી છે. મોટાભાગની બેકરીઓ ઇલેક્ટ્રિક ઓવનને બદલે એલપીજી સિલિન્ડર પર ચાલે છે. અખાતી દેશોમાં ચાલી રહેલા યુદ્ધને કારણે દેશ અને રાજ્યમાં કમર્શિયલ ગેસ સિલિન્ડરની અછત સર્જાઈ છે. આથી બેકરી ઉદ્યોગને પણ આ યુદ્ધની માઠી અસર વેઠવી પડશે.

### ટ્વીન ટનલના

તમામ ખોદકામ સહિતના અન્યકામ પૂર્ણ થઈ ગયા છે. તેથી બુધવારથી ટીબીએમના હિસ્સાઓને શાફ્ટમાં નીચે ઉતારવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. તમામ હિસ્સા નીચે ઉતાર્યા બાદ તેને જોડવામાં આવશે અને ત્યારબાદ ટનલનું ખોદકામ શરૂ કરવામાં આવશે.

### કેમિકલના

પછી વેપારીને પોતે છેતરાયો હોવાનું ભાન થયું હતું. આ પ્રકરણે વેપારીની ફરિયાદને આધારે બાંગુર નગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી બન્ને આરોપી ઉત્તર પ્રદેશમાં હોવાનું શોધી કાઢ્યું હતું. પોલીસની ટીમે ગાઝીપુર જિલ્લામાંથી સ્થાનિક પોલીસની મદદથી બન્નેને પકડી પાડ્યા હતા. ટ્રાન્ઝિટ રિમાન્ડ પર તેમને મુંબઈ લાવવામાં આવ્યા હતા.

### ગૅસનું ગ્રહણ

તૈયારી શરૂ કરી દીધી છે. આના કારણે મધ્યમ વર્ગીય પરિવારોના બજેટનું ગણિત સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે અને અનેક પરિવારો લગ્ન પ્રસંગો આગળ ધકેલવા અંગે વિચારી રહ્યા છે. આ પરિસ્થિતિ માત્ર લગ્ન પ્રસંગો પૂરતી મર્યાદિત નથી, પરંતુ આ વ્યવસાય પર નિર્ભર એવા આશરે ૪૫,૦૦૦ કામદારોની આજીવિકા પર પણ હવે જોખમ ઊભું થયું છે. કેટરિંગ એસોસિએશને વહીવટીતંત્રને આ તાત્કાલિક સમસ્યા પર ધ્યાન આપવાની અપીલ કરી છે. જો પુરવઠો જલ્દીથી પુનઃસ્થાપિત કરવામાં નહીં આવે તો લગ્નની ખુશી જ નહીં પરંતુ હજારો લોકોની રોજગારી પણ છીનવાઈ જવાની આશંકા છે.

### મુંબઈમાં

કરતા જણાયો તો પ્રોપર્ટી ટેક્સ ધારક સામે પોલીસમાં ગુનો નોંધવામાં આવશે.

આ દરમ્યાન ૧૦ માર્ચ, ૨૦૨૬ સુધીમાં મુંબઈમાં કુલ ૬,૯૨૨ મિલકતને ફ્રીઝ કરવામાં આવી હતી. તેમની પાસેથી ૬,૦૮૯ કરોડ રૂપિયાનો ટેક્સ વસૂલ કરવાનો બાકી છે. કાર્યવાહી ચાલી રહી છે એ દરમ્યાન જ કુલ ૨,૮૮૮ મિલકતધારકો ૭૮૪ કરોડ ૩૨ લાખ રૂપિયાનો ટેક્સ ચૂકવી દીધો હતો. અત્યાર સુધી કુલ ૪૮૩ મિલકત પર જપ્તીની કાર્યવાહી કરવામાં આવી છે. તેમની પાસેથી ૪૮૫ કરોડ ૬૨ લાખ રૂપિયાનો ટેક્સ વસૂલવાનો બાકી છે. તેમાંથી ૨૯૩ મિલકતધારકોએ ૬૭ કરોડ ૭૪ લાખ રૂપિયા ભરી દીધા છે.

પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ અત્યાર સુધી કુલ ૨૧૦ મિલકતની લિલામીની પ્રક્રિયા પ્રસ્તાવિત છે. આ મિલકત પર કુલ ૮૮૪ કરોડ ૨૪ લાખ રૂપિયાનો ટેક્સ બાકી છે. તેમાંથી ૩૪ મિલકતના વેચાણ માટે દીર્ઘ મુદતની નોટિસ ફટકારવામાં આવી હોઈ તેમાંથી પાંચ મિલકતધારકોએ ૧૦ કરોડ ૪૫ લાખ રૂપિયાનો ટેક્સ ભરી દીધો છે.

### ગારગાઈ બંધને

સાથે મળીને હવે પ્રોજેક્ટનો ખર્ચ ૫,૩૯૬ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયો છે. તેમ જ કેન્દ્ર અને રાજ્ય સરકારની મંજૂરી પણ હજી બાકી છે. તેના પરથી બુધવારે સ્થાયી સમિતિમાં ચર્ચા થઈ હતી. ભાજપના સભાગૃહ નેતા ગણેશ ખણકરે આ પ્રોજેક્ટની કિંમતમાં ૧૧ ટકાનો વધારો થયો હોવા બાબતે નારાજગી વ્યક્ત કરી હતી. તો આ પ્રોજેક્ટ મુંબઈગરા માટે આવશ્યક હોઈ તેનું અંદાજપત્ર તૈયાર કરવામાં આવ્યું હોવાનો દાવો પ્રશાસને કર્યો હતો. તેની સામે ભાજપના નગરસેવકોએ આ રકમ કયા આધારે વધી ગઈ સહિત પુનર્વસન વગેરેને મુદ્દા રજૂ કરીને પ્રસ્તાવને મંજૂરી આપવા સામે વિરોધ દર્શાવ્યો હતો.

## ૨૩ વર્ષ પૂર્વે અકસ્માતમાં મૃત્યુ પામેલી મહિલાના પરિવારને પાંચ લાખનું વળતર ચૂકવવાનો આદેશ

થાણેઃ થાણે મોટર એક્સિડેન્ટ ક્લેઇમ્સ ટ્રિબ્યુનલે (એમએસીટી) ૨૩ વર્ષ અગાઉ મોટરસાઇકલને નડેલા અકસ્માતમાં મૃત્યુ પામેલી મહિલાના પરિવારજનોને પાંચ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો.

જજ કે.પી. શ્રીખંડેએ ૨૦૦૩માં થયેલા અકસ્માત સંદર્ભે આદેશ જારી કર્યો હતો, જેમાં અકસ્માતમાં સામેલ મોટરસાઇકલ અને ટ્રકના માલિકોને માર્ચ, ૨૦૨૪થી વાર્ષિક નવ ટકા વ્યાજ સાથે વળતર ચૂકવવાના નિર્દેશ આપ્યા હતા. જજે શ્રીખંડેએ નોંધ્યું હતું કે અરજદારોએ 'યોગ્ય ચોકસાઇ' સાથે કેસ ચલાવ્યો નથી, જેને કારણે નોંધપાત્ર વિલંબ થયો છે.

૨૪ વર્ષની મહિલાની માતા અને બહેને અરજી ૨૦૨૦માં ઔપચારિક રીતે દાખલ કરી હતી. મહિલા સેરેના એમ. પરેરા ૧૮ સપ્ટેમ્બર, ૨૦૦૩ના રોજ મુંબઈ-અમદાવાદ હાઇવે પર કાશીમીરા ખાતે મોટરસાઇકલ પર જઇ રહી હતી ત્યારે પૂરઝડપે આવેલી ટ્રકે મોટરસાઇકલને ટક્કર મારી હતી.

સેરેના મોટરસાઇકલ પર પાછળ બેઠી હતી. અકસ્માત બાદ તે માર્ગ પર પટકાઇ હતી અને ભારે વાહન તેના પર ફરી વળ્યું હતું, જેમાં તેનું ઘટનાસ્થળે મોત થયું હતું. સેરેના શિક્ષક હતી અને મહિને ૩,૩૦૦ રૂપિયા કમાતી હતી.

અરજદારોએ દાવો કર્યો હતો કે થાણે મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ (ટીએમટી)ની બસ અને ટ્રક વચ્ચે 'સેન્ડવીચ' થઇ ગઇ હતી, પરંતુ ટ્રિબ્યુનલે ટ્રાન્સપોર્ટ ઑથોરિટી સામેના દાવાને ફગાવી દીધો હતો. જજે વધુમાં અવલોકન કર્યું હતું કે બસે અચાનક બ્રેક મારવા અંગે અરજદારનો દાવો 'અરજદારની કલ્પના' હોય તેવું લાગે છે. (પીટીઆઇ)

## હિન્દુ મરણ

શ્રીમતી ભાવના ભરત જોખાકર તા. ૧૦-૩-૨૬ના રોજ દેહાંત પામ્યા છે. તે ભરત જોખાકરના પત્ની. દિવ્યાના માતુશ્રી. રમણ, અમી, રશ્મી, રૂચિરના કાકી. પ્રાર્થનાસભા તા. ૧૩-૩-૨૬, શુક્રવારના સાંજે ૫ થી ૭ વાય. બી. ચવ્હાણ સેન્ટર, નરીમાન પોઈન્ટ ખાતે.

ભાવેશ રાવલના પિતાશ્રી, મિત રાવલના દાદાશ્રી સ્વ. મનસુખભાઇ છગનભાઇ રાવલ તે (મુળગામ- ચિત્રાવડ, હાલ- રાજકોટ) તા. ૧૦-૩-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. બેસણું તા. ૧૨-૩-૨૬, ગુરૂવારે સાંજે ૪ થી ૬. શ્રી વાટલીયા પ્રજાપતિ સમાજની વાડી, સમોઝાદ સ્કૂલની પાસે, ઇન્દ્રપ્રસ્થ હોલની પાછળ, મવડી મેઇન રોડ ખાતે બન્ને પક્ષનું સાથે રાખેલ છે.

**હાલાઈ ભાટીયા**

સ્વ. જમનાબાઈ રણજીતસિંહ કાપડીયાના પુત્ર વિરેન (ઉં. વ. ૭૪) તા. ૧૧-૩-૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. ઈલાના પતિ તેમજ સ્વ. ગોકલદાસ શામજી જેરાજાણીના જમાઈ. જીતુ અને શિવાની ભૂપીન્દર પૌલના પિતાજી. ઝરલના સસરા. તેઓ રાજેષ, અતુલ, તુષાર અને વર્ષા ગીરીશ સંપટના ભાઈ. ધ્રુવ અને ઝરણાના કાકા. યજ અને માયરાના દાદા. સમીલ અને ઝીયાનના નાના. તેઓની પ્રાર્થનાસભા ૧૩-૩-૨૬ના શુક્રવારે ઈન્ડીયન મર્ચન્ટ ચેમ્બર્સ, સ્ટેશન સામે ચર્ચગેટ, મું-૨૦ મધ્યે સાંજના ૫-૩૦ થી ૭. પ્રાર્થનાસભા પછી લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. ભોજબાઈ જમનાદાસ મુરિયાના પુત્ર સ્વ. રામજીભાઈના ધર્મપત્ની ગં. સ્વ. કલાવંતીબેન (ઉં.વ. ૮૯) તે અરવિંદ, ગં. સ્વ. લતાબેન અરવિંદ શાહ, સ્વ. વિજય, સ્વ. અરૂણાના માતુશ્રી. બીનાબેનના સાસુ. સ્વ. પાર્વતીબેન ખેપાર ગણાત્રા ગામ અકરીવાળાની નાની પુત્રી. સ્વ. શંકરલાલ, સ્વ. મંગલદાસના બહેન. વિજયના ફૂઈ તા. ૪-૨-૨૬, બુધવારના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

મુંબઈ નિવાસી હાલ સુરત ગં. સ્વ. ભાવના રાધેશ્યામ ગુપ્તા (ઉં.વ. ૭૪) તા. ૯-૩-૨૬ના રોજ રામશરણ પામ્યા છે. તે રાજીવ, સ્વાતિ પંકજ મેવાડા, પ્રિતી શ્રેયાંસ જરીવાલાના માતુશ્રી. સુનીતા રાજીવ ગુપ્તાના સાસુ. યુવરાજ, વીરરાજના દાદી. વિઠ્ઠલ, પૃથ્વીના નાની. સિહોરવાળા સ્વ. રમણિકલાલ બાલુભાઈ મુની તથા સ્વ. શાંતાબેન રમણિકલાલ મુનીના દિકરી. તરુણા ભૂપતરાય ગાંધી, ભરત રમણિકલાલ મુની, ગીતા સુરેશ મહેતા, સ્વ. પૂર્ણિમા સાધુસિંગ રંધવાની બહેન. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ મીંઢીયારી સ્વ. દમયંતિબેન અને ચત્રભૂજ જેઠાનંદ કિંગરના જયેષ્ઠ પુત્ર વિનોદ ચત્રભૂજ કિંગર તા. ૧૧-૩-૨૬, બુધવારના રામશરણ પામ્યા છે. તે હસુમતીબેન કિંગરના પતિ. ચૈતાલી પરાગ ઠક્કર, હેતલ પ્રશાંત ભીંડેના પિતાશ્રી. સ્વ. શાંતાબેન વીરજી રૂપારેલના જમાઈ. પરાગ ઠક્કર, પ્રશાંત ભીંડેના સસરા. સ્વ. કિરીટ, દિલીપ, જયલક્ષ્મીબેન, બકુલા, રંજન, સુનંદાના ભાઈ. પ્રાર્થનાસભા તા. ૧૩-૩-૨૬, શુક્રવારના એલ એન્ડ ટી સી. એચ. એસ. ઓફિસ, સમય ૫ થી ૭. લૌકિક વ્યવહાર બંધ છે.

**લુહાર - સુતાર**

ભાવનગર નિવાસી હાલ વિલેપાર્લા સ્વ. વૃજલાલ હરજીવનભાઈ મકવાણાના ધર્મપત્ની ઈંદુમતીબેન (ઉં.વ. ૯૦) તે મીનાબેન, દિપકભાઈ, પંકજભાઈ, ચેતનભાઈ, પ્રતિમાબેન, રાજેશના માતુશ્રી. હિતેશભાઈ રાઠોડ, આરતીબેન, વર્ષાબેન, પારૂલબેન, જયશ્રીબેનના સાસુમા. કિંજલ, પ્રિયંકા, પુજા, જય, શિવાની, નિલુ-મેહુલ, લિરલ, પ્રિયા, અમિતના દાદી-નાની તા. ૯-૩-૨૬ના સોમવારે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા સન્યાસ આશ્રમ, બીજે માળે, વિલેપાર્લે પશ્ચિમ ખાતે ૧૨-૩-૨૬ના ગુરૂવારે સાંજે ૫ થી ૭. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ રાણાકંડોરણા હાલ કાંદિવલી ગં. સ્વ. ઈન્દુબેન દ્વારકાદાસ માંડવિયા (ઉં.વ. ૮૭) તે રાકેશના માતુશ્રી. ગીતાના સાસુ. નિધિ, અવિના દાદીમા. સ્વ. શાંતાબેન ડાહ્યાલાલ દાવડાના પુત્રી. સ્વ. લીલાબેન, સ્વ. પ્રભાબેન, ગં. સ્વ. ઉર્મિલાબેન, ગં. સ્વ. કનુબેન, ગં. સ્વ. હસુમતીબેન, સ્વ. કાંતિભાઈ, ધીરુભાઈ, અનિલભાઈ દાવડાના બહેન. સ્વ. તારાબેન મથુરાદાસ માંડવિયાના દેરાણી મંગળવાર, તા. ૯-૩-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરૂવાર, તા. ૧૨-૩-૨૬ના સાંજે ૫ થી ૭ પી૧(પી૧) રોયલ સમર્પણ, એમ. જી. ક્રોસ રોડ નં. ૧, સાઈ નગર, સમતા ક્રીડા ભવનની પાછળ, કાંદિવલી વેસ્ટ.

**ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રાહ્મણ**

સાવરકુંડલા નિવાસી, હાલ ભાયંદર, વિદ્યાબેન દિનકરભાઈ પંડ્યા તા. ૧૦/૩/૨૬ મંગળવારના કૈલાસવાસી થયેલ છે. તે સ્વ. દિનકરભાઈ મયારામભાઈ પંડ્યાના ધર્મપત્ની. વિનોદભાઈ, સ્વ. અશોકભાઈ તથા કમલેશભાઈના ભાભી. હરેશ તથા મનીષાના માતુશ્રી. બિના તથા વિકાસકુમારના સાસુ. દૂધીબેન રામેશ્વર જોશીના દિકરી. સાદડી અને લૌકિક પ્રથા બંધ છે.

**દશા શ્રીમાળી ઘોઘારી વણિક**

સેદરડા નિવાસી હાલ કાંદિવલી, સ્વ. ચંદ્રાબેન બળવંતરાય પુરુષોત્તમદાસ મહેતાના પુત્ર તથા હંસાબેનના પતિ મધુકાંત બળવંતરાય મહેતા (ઉં.વ. ૭૫) ૮/૩/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. મનુભાઈ, વિનુભાઈ, ચીમનભાઈ, જીતુભાઇ, ભાનુબેન શાંતિલાલ શાહના ભાઈ. આશિષ, બીજલ, ગોપી રીપેન મહેતાના પિતા. સ્વ. પ્રવીણભાઈ, પ્રદીપભાઈ જમનાદાસ જુઠ્ઠાણીના બનેવી. પ્રાર્થનાસભા ૧૨/૩/૨૬ના ૪ થી ૬. ટાર્ગેટ મોલ, ત્રીજે માળે, રાજમહાલ હોટલની સામે, ચંદાવરકર રોડ બોરીવલી વેસ્ટ.

**હાલાઇ લોહાણા**

કેનિયા નિવાસી, સ્વ. ભુપેન્દ્રભાઈ ગોરધનદાસ પલાણના ધર્મપત્ની ગં.સ્વ. ઉષાબેન પલાણ (ઉં.વ. ૮૧) ૩/૩/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે હિતેશ, હરેશ, પ્રિતીના માતુશ્રી. વેજયંતી, મોના, પ્રવિણકુમાર ગણાત્રાના સાસુ. પિયરપક્ષે સ્વ. દુર્લભજી મુળજી પોપટના દીકરી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

માળિયા હાટીના, સ્વ. ગોકલદાસ મુલચંદ જુઠ્ઠાણી તથા સ્વ. જેકોરબેનના પુત્ર બિપીનભાઈ (ઉં.વ. ૮૨) તે સ્વ. હરકિશનદાસ, સ્વ. અનિલકાંત, સ્વ. ચંદ્રકાંત, સ્વ. મનમોહનદાસ, સ્વ. દિલીપભાઈ, સ્વ. ધનવંતી વરજીવનદાસ ગાંધી, સ્વ. માનવંતી હસમુખલાલ ભગત, સ્વ. પુષ્પા ચીમનલાલ શાહ, સ્વ. પદમાબેન ધીરેન્દ્ર કોઠીના ભાઈ ૧૦/૩/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

મહુવાવાળા, સ્વ. શાંતાલક્ષ્મી લલ્લુભાઇ મગનલાલ વોરાના પુત્ર અજય (ઉં.વ. ૬૫) ૧૦/૩/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે નમ્રતાના પતિ. સત્યજીતના પિતા. હરેશ, ધર્મેન્દ્રના ભાઈ. સાસરાપક્ષે મહુવાવાળા સ્વ. શશીકાંત મોતીલાલ પારેખના જમાઈ. પ્રાર્થનાસભા ૧૨/૩/૨૬ના ૫ થી ૭. સોનિવાડી, શીમ્પોલી રોડ, બોરીવલી વેસ્ટ.

**ઝાલાવાડી સઇ સુતાર**

સાયલા નિવાસી હાલ સાંતાક્રુઝ, અજય રતિલાલ સોલંકી (ઉં.વ. ૫૮) તે ગં.સ્વ. મધુબેન રતિલાલ સોલંકીના પુત્ર. નિકેતાબેનના પતિ. વંદના કમલકુમાર અગ્રવાલના ભાઈ. ઋત્વી રોહન મેવાડા, કુંજલ, શુભમના પિતા. સ્વ. સુરજબેન કેશવલાલ સોલંકીના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા ૧૨/૩/૨૬ના ૪ થી ૬. સન્યાસ આશ્રમ પહેલે માળે, બ્રહ્મા મહેશ્વર ભવન, બજાજ રોડ, વિલેપાર્લે વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**લુહાર સુતાર**

ગામ બીલા હાલ મીરા રોડ, સ્વ. ત્રિવેણીબેન માવજીભાઈ ડોડીયાના પુત્ર કાંતિલાલ (ઉં.વ. ૭૦) ૯/૩/૨૬ના અક્ષરનિવાસી થયેલ છે. તે લતાબેનના પતિ. જીતેન્દ્ર, ચંદ્રકાંત, જ્યોતિ દિનેશકુમાર પીઠવાના પિતા. સ્વ. સવિતાબેન સવજીભાઈ ગોહિલ, શારદાબેન જગદીશભાઈ મકવાણા, નરેન્દ્રભાઈ, હસમુખભાઈના ભાઈ. સ્વ. પુરુષોત્તમ પ્રેમજીભાઈ મકવાણાના જમાઈ. પ્રાર્થનાસભા ૧૩/૩/૨૬ના ૫ થી ૭. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**પરજીયા સોની**

સાવરકુંડલા વાળા હાલ બોરીવલી, સ્વ. હિમ્મતલાલ આત્મારામભાઈ ચલ્લાના પુત્ર દિલીપભાઈ (ઉં.વ. ૫૮) તા. ૯/૩/૨૬ને સોમવાર શ્રીજીશરણ પામેલ છે. તે કુમાર હિંમતલાલ સોની અને સ્વ. રાજેશ હિંમતલાલ સોનીના ભાઈ. બીના કુમાર સોનીના દિયર. સાગરકુમાર સોની અને શક્તિકુમાર સોનીના કાકા. નિધિ સાગર સોનીના કાકાજીસસરા. લૌકિક પ્રથા બંધ છે. નિવાસસ્થાનઃ બી-૨, ૬૦૩, હરિઓમ અપાર્ટમેન્ટ, એસ.વી. રોડ, બોરીવલી વેસ્ટ.

**મોઢ વણિક**

દિવ નિવાસી હાલ મહાવીરનગર, કાંદિવલી, અ.સૌ. આશાબેન (ઈલા) કામલેશભાઈ શાહ (ઉં.વ. ૬૭) સોમવાર તા. ૯-૩-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે કામલેશભાઈ શાહના પત્ની. નિરવભાઈના માતુશ્રી. હિનાબેનના સાસુમા. સ્વ. ઈલાબેન ધીરજલાલ શાહના પુત્રવધૂ. સ્વ. રમાબેન ધનસુખલાલ શાહના પુત્રી. જનકભાઈ ધીરજલાલ શાહના ભાભી. પ્રાર્થનાસભા તા. ૧૨-૩-૨૬ના ગુરૂવાર સાંજે ૫.૦૦ થી ૭.૦૦. સ્થળ : આધારીકા હૉલ, પાવન ધામની બાજુમાં, સચિન તેંડુલકર ગ્રાઉંડની સામે, મહાવીરનગર, કાંદિવલી (પ.)

**દેસાઇ સઇ સુથાર**

તળાજા નિવાસી હાલ ગોરેગામ, કાળીદાસ વ્રજલાલ મકવાણાના ધર્મપત્ની જયાબેન (ઉં.વ. ૭૬) તા. ૧૦-૩-૨૬ના રામશરણ પામેલ છે. તે ભાવેશભાઇ, રૂચીલભાઇ, વર્ષાબેન કલ્પેશકુમાર પટેલના માતુશ્રી. સુજાતાના સાસુ. સ્વ. સુરેશભાઇ, દિનેશભાઇ, નિતીનભાઇ, ભાનુબેન, રંજનબેન, દમુબેનના મોટાભાભી. સ્વ. નાથાભાઇ નારણભાઇ ગોહિલના દિકરી. દિનેશભાઇ, અશોકભાઇ, ભરતભાઇ, ભાનુબેન, ધીરજબેનના મોટાબેન. લૌકીક પ્રથા બંધ છે. પ્રાર્થનાસભા તા. ૧૨-૩-૨૬ના સાંજે ૪ થી ૬. પ્રાર્થનાસભા સ્થળઃ અર્થ ટેરેશ બેન્ક્વેટ હોલ, રેલવે સ્ટેશનની બાજુમાં, ગજાનન કોલોની રોડ, જવાહર નગર, ગોરેગામ વેસ્ટ.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ નલિયા, હાલ મુંબઈ, કાંતિલાલ વલ્લભદાસ ઠક્કર (મડિયાર) (ઉં.વ. ૮૯) તે સ્વ. અનુરાધા (અનસૂયા)ના પતિ ૧૦-૩-૨૬ના રામશરણ પામેલ છે. તે સ્વ. રાધાબેન (કબીબાઇ), સ્વ. વલ્લભદાસ નારણજી મડિયારના પુત્ર. સ્વ. વેલબાઈ, સ્વ. મોતીલાલ ધનજી સોમૈયાના જમાઈ. કિરણ, બિંદુ દિલીપ બુધાનીના પિતા. પિનાકી, દિલીપ મોનજી બુધાણીના સસરા. મંથન, વત્સલ, રિદ્ધિ, રોશની વત્સલ, ઋષભ, માનસી, રોશની ઋષભના દાદા. પ્રાર્થનાસભા ૧૨/૩/૨૬ના ૫થી ૭. સ્થળ : શ્રી કચ્છી કડવા પાટીદારવાડી, લાલ બહાદુર શાસ્ત્રી માર્ગ, હોટેલ રોઆની બાજુમાં, ઘાટકોપર વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છ વાગડ લોહાણા**

ગામ વજપાસર હાલ અમદાવાદ, સ્વ. જયંતીલાલ પુરુષોત્તમ ઠક્કરના ધર્મપત્ની હંસાબેન (ઉં.વ. ૭૯) તા. ૮/૩/૨૬ના શ્રીજીમહારાજનાધામ ગયેલ છે. તે પ્રકાશ, રાજેશ, સ્વ. જયેશ, તુષારના માતાશ્રી. ધીરજલાલ, સ્વ. અશોકભાઈ, ભરતભાઈ, સ્વ. રમાબેન રમેશકુમાર રામાણી, વનીતાબેન હીરાલાલ રૂપારેલના ભાભી. ચંપાબેન, સ્વ. હંસાબેન, જયશ્રીબેનના જેઠાણી. દક્ષાબેન, જ્યોતિબેન, ગં.સ્વ. અલ્પાબેન, પીનાના સાસુ. ગામ ખોંભડીના સ્વ. મંગળાબેન ચીનાભાઇ બારૂઆના પુત્રી. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૨/૩/૨૬ને ગુરુવારના ૫.૦૦ થી ૭.૦૦. લાયન્સ કોમ્યુનિટી હોલ, ગારોડીયાનગર, ઘાટકોપર ઇસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

મુળગામ ગટકા હાલ કાંદિવલી, ગં.સ્વ. ભારતીબેન કાંતિલાલ મોદી (ઉં.વ. ૭૪) તા. ૯/૩/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. કાંતિલાલ જાદવજી મોદીના પત્ની. સ્વ. ચંદ્રકળાબેન અને સ્વ. ગોકલદાસ જાદવજી બારાઈના દિકરી. સ્વ. લલિતભાઈ, સ્વ. ચંપકભાઈ, સ્વ. કરીટભાઈ, અશ્વિનભાઈ, દામિનીબેન, કામીનીબેન અને ચારુલતાબેનના બેન. સ્વ. મુક્તાબેન રમણીકલાલ અઢિયા, ચીમનલાલના ભાભી. વિલેશ અને જીતેશના માતૃશ્રી. ભુમિકા તથા જીનલના સાસુ. પ્રાર્થનાસભા તા. ૧૨/૩/૨૬ ગુરુવારના સાંજે ૪ થી ૬. ઠક્કર ભાટિયા હોલ ન. ૪, બીજો માળો, શંકરલેન કોર્નર, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**સતાવીશ દશા પોરવાડ**

વિજાપુર નિવાસી હાલ મુંબઈ, ગં.સ્વ. ભાનુબેન નટવરલાલ દેસાઈ (ઉં.વ. ૯૪) તે સ્વ. નટવરલાલ જીવણલાલ દેસાઈના ધર્મપત્નિ. સ્વ. રૂખમણી બાળકૃષ્ણ મોદીના સુપુત્રી. સંધ્યા, સ્વ. રાજુલ તથા ઉમેશના માતુશ્રી. ઉમાકાંતભાઈ, સ્વ. અરૂણકુમાર તથા શિલ્પાના સાસુ. પુજન - બંસરીના દાદી. શેઠ પરિવાર (અલીબાગ)ના ભાણેજ. રવિવાર, તા. ૮/૩/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

નરેશકુમાર હંસરાજ ઠક્કર (ઉં.વ. ૭૪) તે સ્વ. પ્રભાબેન હંસરાજ રામજી ઠક્કરના સુપુત્ર ગામ ભદ્રેશ્વર હાલે માટુંગા તા. ૧૦-૩-૨૬ના પરમધામ સિધાવેલ છે. સ્વ. કાંતાબેન કલ્યાણજી અર્જન સચદે ગામ મોટી ધુફી હાલે મુલુંડના જમાઈ. અંજનાના પતિ. કુણાલ અને વૈભવના પિતા. રૂપાલી અને નિકિતાના સસરા. સરલાબેન વીરચંદ વોરાના ભાઈ. પ્રાર્થના સભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર સદંતર બંધ રાખેલ છે.

**કપોળ**

નાના માચીયાળા વાળા હાલ બાંદ્રા, સ્વ. શાંતિલાલ વચ્છરાજ મહેતાના ધર્મપત્ની ચંદ્રીકાબેન (ઉં.વ. ૯૩) તે સ્વ. સુરેશભાઈ ઇશ્વરલાલ મહેતાના બા, પન્નાબેન સુરેશભાઈ મહેતાના સાસુ. જતીન, જય અને શ્વેતાના દાદી. સ્વ. કરસનદાસ, સ્વ. ઇશ્વરલાલ તથા સ્વ. વેણીલાલ વચ્છરાજ મહેતાના ભાભી. પિયરપક્ષ અમરેલીવાળા સ્વ. મણીલાલ મીઠાભાઇના પુત્રી. તા. ૯/૩/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઈડર ઔદિચ્ય સત્યાવીશ જ્ઞાતિ**

ગામ કપોડા નિવાસી કાન્તીભાઈ અમથારામ વ્યાસ (ઉં. વ. ૯૫) તે સ્વ. મંજુલાબેનના પતિ ૯-૩-૨૬ના દિવસે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ લેકેડી હાલે ડોંબીવલીના અ. સૌ. વિજયાબેન પરેશકુમાર ખાંટ (ઉં. વ. ૫૯) ૯ માર્ચ ૨૦૨૬ સોમવારના રામશરણ પામેલ છે. તેઓ સ્વ. વસંતાબેન વેલજી પ્રેમજી ખાંટના પુત્રવધૂ. નાના આસંબિયાના ગં. સ્વ. નર્મદાબેન ખીમજી ટોપણદાસ કોટકના પુત્રી. કૃપાબેન તપન રૂપારેલ તથા શ્લોકના માતુશ્રી. તપન હરીશ રૂપારેલ તથા સિમ્નીના સાસુજી. હૃદયના દાદી તથા સિયાના નાની. બંને પક્ષની પ્રાર્થનાસભા ૧૨ માર્ચ ગુરુવારના ૫.૩૦ થી ૭. ઠે. પવાણી હોલ, ૧લે માળે, શ્રી કચ્છી લોહાણા મહાજનવાડી, આર. આર. ટી. રોડ, મુલુંડ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**નાઘેર દશાશ્રીમાળી વણિક**

ગાંગડા નિવાસી હાલ ઘાટકોપર અ. સૌ. હંસાબેન શાંતિલાલ શાહ (ઉં. વ. ૮૨) તેઓ શાંતિલાલ ગુલાબચંદ શાહના ધર્મપત્ની ૯-૩-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તેઓ ભાવેશ, દિપક, ભાવિની ભાવેશ દેસાઈ, જ્યોતિ અશ્વીન દોશીના માતુશ્રી. હિના અને ક્રિષ્નાના સાસુ. પદમાબેન પ્રતાપરાય, રજનીબેન કિર્તીભાઈના જેઠાણી. પ્રતિમાબેન રમેશચંદ્ર વોરાના ભાભી. પિયર પક્ષે ગામ રાજકોટ નર્મદાબેન મગનલાલ બુધ્ધદેવના દીકરી. તેઓની પ્રાર્થનાસભા ૧૨.૦૩.૨૬, ગુરુવારના રોજ અગ્રસેન હોલ, ત્રીજે માળે, સ્વામી નારાયણ મંદિરની ઉપર, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (ઈ).

## પારસી મરણ

મીનુ એરચ વાચ્છા (ઉં.વ. ૯૩) ૧૧-૩-૨૬ના ગુજરી ગયા છે. તે મરહુમ પીલુના પતિ. તે મરહુમ શિરિન અને એરચના પિતા. તે આલુ કેકી વાચ્છા, અવાન જીમી ઊનાવાલાના સસરા. તે ઝાહેર, લિયાન, રેહાનના ગ્રાન્ડ ફાધર. તે મરહુમ દીનુ બોમી ડોસાભોયના ભાઈ. ઠે.: ૨૩, ટ્યુલિપ ગ્લેનડેલ સીએચએસ, ગ્લેડીઝ અલ્વેરેઝ માર્ગ, થાણે (વેસ્ટ), મું.-૪૦૦૬૦૧.

હુતોક્ષી રતનશૉ પટેલ (ઉં.વ. ૮૩) ૨૭-૨-૨૬ના સિકંદરાબાદ મુકામે ગુજરી ગયા છે. તે મરહુમ કેટી, પરવીઝ નલ્લાદરૂ, કેરસી પટેલ અને નૌશિર પટેલના બહેન.

હોમાય ફ્રમરોઝ મલલુ તે મરહુમો ફરામરોજ તથા નાજામાય મલુના દીકરી. તે મરહુમો બરજોર ને વીરાફના બહેન. તે મરહુમો શીરીન ને જરના નરન. તે હોરમઝદીયાર અને મનીજેહ તીરનદાઝ ઈરાનીના ફુઈજી. તે મહેરજાદ, ફારીઝના મોટા ફુઈજી. (ઉં. વ. ૯૨) ઠે. ડી-૧/૩૫, શાપુરજી ભરૂચા બાગ, ત્રીજે માળે, એસ. વી. રોડ, અંધેરી (વે.), મુંબઈ-૪૦૦૦૫૮. ઉઠમણાની ક્રિયાઃ તા. ૧૨-૦૩-૨૦૨૬ને દીને બપોરે ૩.૪૫ વાગે ઉપરની ભાભા નં.-૧માં ડુંગરવાડી પર.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વિરપુર નિવાસી હાલ વસઈ સ્વ. કેશવલાલ નાગરદાસ શાહના ધર્મપત્ની ગં. સ્વ. અસ્મિતાબેન (ઉં.વ. ૬૮) તા. ૧૦-૩-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે વિકાસ, ભાવિકાના માતુશ્રી. અ. સૌ. સોનલના સાસુમા. ગોંડલ નિવાસી સ્વ. જસવંતીબેન ભાનુભાઈ જસાણીની દિકરી. અજયભાઈ, અમિતભાઈ, નિલાબેન જયેશભાઈ મેહતાના બેન. બંને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર, તા ૧૩-૩-૨૬ના સાંજે ૪ થી ૬ શ્રી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સંઘ, માણેકપુર, વસઈ રોડ, જિ. પાલઘર.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ગોવા નિવાસી મહાસુખલાલ વી. ગોસલીયા (ઉં.વ. ૯૦) તે સ્વ. ઈંદિરાબેનના પતિ. સિમી/રાજેનભાઈ, સ્મિત/સ્નેહા, સ્વ. મનીષ/અલ્પા, ચંદ્રેશ/નિશાના પિતાશ્રી. સ્વ. જયવંતભાઈ, પ્રકાશભાઈ, હર્ષદભાઈ, સ્વ. વિમળાબેન, સ્વ. વસંતબેન, લતાબેન, પ્રતિભાબેન, પ્રફુલ્લાબેનના ભાઈ. સ્વ. રાયચંદ સુખલાલ શાહના જમાઈ. બ્રિશા/યશવંત, વિનિત, યશોસ, ભક્તિ/કૌશલ, વિધિના દાદા તા. ૯-૩-૨૬ના રોજ ગોવા મુકામે અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૨-૩-૨૬ના રોજ એસ. આર. બેન્કવેટ, કાકોડા, કુરચરમ ગોવા. સમય સાંજે ૫ થી ૬. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ધ્રોલ નિવાસી હાલ કાંદિવલી સ્વ. ભાયચંદભાઈ ત્રિભોવનદાસ મહેતાના પુત્ર રજનીકાંત(ઉં.વ. ૮૮) તા. ૧૦-૩-૨૬, મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે ઉર્મિલાબેનના પતિ. જીજ્ઞેશ, સ્વાતિ, કાશ્મીરા, જીજ્ઞેશ, ભાવિની, પિયુષના પિતાશ્રી. જીમીત, યશ, વૈભવ, માનસી, ધ્વનિના દાદા. વાંકાનેર નિવાસી સ્વ. રૂગનાથ આણંદજી મહેતાના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૧૨-૩-૨૬, ગુરુવારના સવારે ૧૦-૧૨. સરનામુંઃ સર્વોદય હોલ, શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, એલ. ટી. રોડ, બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

મોટા લીલિયા નિવાસી હાલ કાંદિવલી, સ્વ. નંદલાલ ગિરધરલાલ વોરાના પુત્રવધૂ અ.સૌ. રંજનબેન (ઉં.વ. ૭૨) તે અશોકભાઈના ધર્મપત્ની. ચૈતાલી મૌલિક શાહ, પીન્કી, ગુંજન, ભૂમિકા રાહુલ સંઘવીના માતુશ્રી. શશીકાંત, રમેશ, ચંદ્રેશ, હર્ષાબેન મનોજકુમાર પંચમીયાના ભાભી. તળાજા નિવાસી સ્વ. પ્રેમચંદભાઈ ધનજી મેહતાના દીકરી. મંગળવાર, તા. ૧૦-૩-૨૬ના અરિહંતશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૩-૩-૨૬ શુક્રવારના ૧૦ થી ૧૨. સ્થળઃ શ્રી વર્ધમાન સ્થા. જૈન ઉપાશ્રય (મોટો ઉપાશ્રય), ચોથે માળે, એસ. વી. રોડ, પારેખ ગલીની બાજુમાં, કાંદિવલી વેસ્ટ, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશા. શ્વે. મૂ. પૂ. જૈન**

ધ્રાંગધ્રા નિવાસી હાલ કાંદિવલી, ભરતભાઈ શાંતિલાલ દફતરી (ઉં.વ. ૭૮) તે સ્વ. વસંતબેન શાંતિલાલ હંસરાજ દફતરીના પુત્ર. સ્વ. હંસાબેનના પતિ. અમીબેન અને હેમલના પિતા. સુકેતુકુમાર અને પ્રીતિબેનના સસરા. વાની, કાવ્યાના દાદા તા. ૯-૩-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દિગંબર વિશા મેવાડા જૈન**

વેડચ નિવાસી હાલ બોરીવલી, સ્વ. રમણલાલ રણછોડભાઈ શાહના ધર્મપત્ની ગં.સ્વ. જયાબેન રમણલાલ શાહ (ઉં.વ. ૯૪) તા. ૭/૩/૨૬ના અરિહંતશરણ પામ્યા છે. અમીતા ઉમેશભાઈ પરીખના મમ્મી. ઉમેશભાઈ ઈન્દ્રવદન પરીખના સાસુ. ક્ષમા પ્રથ્વી રાજ શેટી, ધરા રોનકકુમાર શેઠના નાની. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૫/૩/૨૬ના ૧૦ થી ૧૨. સ્થળઃ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, પારેખ લેન, એસ.વી. રોડ, કાંદિવલી વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

લુણી હાલ ગોરેગામના શ્રી સુંદરજી મુલજી નરશી શાહ (ગાલા) (ઉં.વ. ૮૯) તા. ૯-૩-૨૬ના અવસાન થયું છે. તેઓ શ્રીમતી શોભનાબેનના પતિ. માતુશ્રી પાનબાઈ તથા મુરજીભાઈના પુત્ર. તેમજ શેફાલીના પિતા. તેઓ દામજી, જયંતીલાલ અને ધીરજના ભાઈ. પ્રાર્થનાસભા (બેસણું) રાખવામાં આવેલ નથી. નિવાસ સ્થાનઃ શોભના શાહ (ગાલા), ભાનુમતી કો-ઓપરેટિવ સોસાયટી, ૨જો માળ, એમ/૫, બાંગુર નગર, ગોરેગામ (વેસ્ટ).


ભોજાયના હીરજી પાસડ (ઉં.વ. ૯૦) તા. ૧૦-૩ના અવસાન પામેલ છ. ભચીબાઇ વિસનજીના પુત્ર. સ્વ. જવેરબેનના પતિ. પુષ્પાબેનના પિતાજી. નાનજી, ભાઇલાલ, જયંતીલાલ, દેવકાબેન, ધનબાઇ, નવલબેન, સાકરબેનના ભાઇ. સાભરાઇ ગોરબાઇ નાગજી દેવજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. પુષ્પા હરીયા, ૧૦૪, સી વિંગ, કૈલાસ કોમ્પ્લેક્સ, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વે.).

સમાઘોઘા હાલે હૈદ્રાબાદના પ્રકાશ શામજી મામણીયા (ઉં.વ. ૭૭) તા. ૯-૩ના અમદાવાદમાં અવસાન પામેલ છે. લક્ષ્મીબેન શામજીના પુત્ર. સ્વ. હેમલતાના પતિ. બિંદુ, મનીષા, સ્વ. જયેશના પિતા. નાના ભાડીયા લીલબાઇ શીવજી ગોગરીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. પ્રકાશ મામણીયા, કાચીગુડા, હૈદ્રાબાદ-૫૦૦૦૨૭.

મોટી ભુજપુરના શ્રી દિપક (બંટી) લખમશી ગડા (ઉં.વ. ૫૮) તા. ૯-૩-૨૬ના અવસાન પામેલ છે. ઉર્મીલાબેન લખમશીના પુત્ર. મંજુલાના પતિ. વીપુલા, ધ્વનિના પિતા. બકુલ, રેખા, લતાના ભાઇ. કોટડા રોહાના દેવકાંબાઈ (મઠાબાઈ) ભવાનજી હરીયાના જમાઇ. પ્રા. માતુશ્રી દેવકાંબાઇ દેવજી ચાંપશી શ્રી વર્ધમાન જૈન સ્થાનક (સફાલા) ૨.૩૦ થી ૪.

**મરણ ખબર માટેની સૂચના** — મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે

(૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક



ARKTRAVELGROUP
Since 1981.
DREAM CRUISES
Ready For The First-Ever
Bhajan Jamming At Sea ?
Exclusively on Genting Dream
The Divine Voyage
Foam Party & DJ Night Included
Departure Ex Singapore
3N
INR 38,999 /-
Departure Dates:
26th May & 9th June 2026
*Port Charges & Gratuity Apply
*T&C Apply
Limited Edition Sailing



# મુંબઈ સમાચાર
# માતૃભાષા ભાગવત સપ્તાહ

તા. ૨ એપ્રિલથી ૮ એપ્રિલ
સવારે ૯.૩૦થી ૧૨.૩૦

Supported by:
adani



શ્રીમદ્ ભાગવતના
દરેક હૃદયસ્થ કથાકાર
**પરમપૂજ્ય રમેશભાઈ ઓઝા ભાઈશ્રી દ્વારા**
સનાતન નગરીઃ સ્વ. શ્રી બાળાસાહેબ ઠાકરે ક્રીડાસંકુલ, બોરીવલી [પશ્ચિમ]



SKYLINE
INFRA FORGE
**શ્રી સૌરભ મહેતા**
(મુખ્ય મનોરથી)

મહાનગરમાં વ્રજનો લય
સંપૂર્ણ મુંબઈ કૃષ્ણમય
તમામ માતૃભાષાનો જય

મુંબઈ શહેરમાં જીવતી-
જાગતી માતૃભાષાઓનું
રક્ષણ અને સંવર્ધન

૨૦૪ વર્ષની યુવાવયના એશિયાના સૌથી જૂના અખબાર
'મુંબઈ સમાચાર'ની અલૌકિક-અદ્‌ભુત પહેલ

**સવારેઃ ૯.૩૦થી ૧૨.૩૦ ભાગવત કથા**
**સાંજેઃ ૬.૩૦થી ૧૦.૦૦ માતૃભાષા મહોત્સવ**
**પ્રસાદઃ બપોરે ૧૨.૩૦ વાગ્યાથી ૩ વાગ્યા સુધી.**



gandhar
Group of Companies
**શ્રી રમેશભાઈ પારેખ**
(સહ મનોરથી)

▶ શ્રી પોથીજી ▶ ઝાંખી
▶ ઉત્સવ ▶ સેવા ▶ મનોરથ

★★★★★

દૈનિક બ્રહ્મ ભોજન
દૈનિક ફળ સેવા
દૈનિક ફૂલહાર સેવા
દૈનિક સ્ટેજ ડેકોરેશન

★★★★★

**ઉત્સવ, મનોરથ, ઝાંખી અને અન્ય સેવાઓ માટે**
સંપર્કઃ
યોગેશ પંડ્યા
૭૭૧૦૮૧૬૩૪૦
કિશોર જાની
૯૮૧૯૯૧૦૦૩૯

માતૃભાષાના સેનાનીઓના ઋણ-સ્વીકારનો આ અવસર છે, પછી એ ગુજરાતી હોય, મરાઠી હોય, બંગાળી હોય કે પછી હોય અન્ય કોઈ માતૃભાષાનો સૈનિક. ભાષાકર્મી છે આપણી ભાષાને સમૃદ્ધ કરવાનો પાયો. ભાષા અને સંસ્કૃતિના એ પાયા સાથે આપણે ઊભા છીએ એ દાખવવાનો આ પ્રયત્ન છે. સૌના સહકારની અપેક્ષા સાથે.

માતૃભાષાનો આ મહાયજ્ઞ માતૃભાષાના એ સૈનિકો માટે છે જેમણે સમગ્ર જીવન દરમિયાન ભારતની વિવિધ માતૃભાષાની સેવા કરી છે અને હવે આપણી જવાબદારી છે કે એ સૈનિકોની પાછલી જિંદગીની તકેદારી આપણે રાખીએ - સથવારો પૂરો પાડીએ. આ સમગ્ર મહાકુંભનું જે ઉપાર્જન થશે એ ભારતની માતૃભાષાઓના વીર સાહિત્યકારો માનભેર જીવન જીવી શકે એ માટે વપરાશે.

આયોજક

**મુંબઈ સમાચાર**
પ્રેરિત
**માતૃભાષા પ્રતિષ્ઠાન**
★ શ્રી નીલેશ દવે

★ શ્રી પરાગ શાહ
★ શ્રી અરવિંદ શાહ
★ શ્રી જગદીશ ઓઝા
★ શ્રી શોભિત દેસાઈ
★ શ્રી સંતોષ સિંહ
★ શ્રી જિજ્ઞેશ ભુતા
★ શ્રી ભાર્ગવ પટેલ
★ શ્રી મિલન ત્રિવેદી (રાજકોટ)
★ શ્રી મુકેશ પટેલ
★ શ્રી જસ્મીન શાહ
★ શ્રી નિરવ મહેતા
★ શ્રી દુષ્યંત સોની (દુબઈ)
★ શ્રી રાજુ સાવલા
★ શ્રી જિતેન્દ્ર મહેતા
★ શ્રી જિજ્ઞેશ હિરાણી

સ્ટોલ ઉપરાંત આ મહોત્સવમાં કોઈપણ પ્રકારની વોલિન્ટરી સેવા આપવા તેમજ અન્ય માહિતી માટે સંપર્કઃ ૮૬૯૩૮૦૩૮૩૮, ૯૮૨૧૧૧૮૭૨૩

વિશેષ આભારઃ ★ શ્રી સંજય ઉપાધ્યાય ★ શ્રી અસીત મોદી ★ શ્રી જે. ડી. મજેઠિયા ★ શ્રી સંજય છેલ ★ શ્રી મુકેશ મહેતા

AJMERA BUILT ON TRUST
MICL LIVE BETTER
NATUREPURE Wellness Pvt. Ltd.
WellPure | Keshasvi
hitech events & exhibition
BRIGHT OUTDOOR MEDIA LIMITED
Neela Film Productions
Showglitz Events & Entertainment Private Limited
APAR ADVERTISERS PRIVATE LIMITED
NEELKANTH Building Trust Since 1938 Formerly known as: Velji Harkha Patel & Sons.
SURBHI GROUP Redefining Urban Lifestyle
Contact - +91 98218 85998/
SILVER BUILDING LANDMARKS SINCE 1986

# ૧૯ માર્ચ, ૨૦૨૬ - ગૂડીપડવાથી

૨૦૪ વર્ષ

# મુંબઈ સમાચાર

## લાવે છે કંઈક નવું-અવનવું



## શ્રીગણેશ કરીએ છીએ

YouTube

ગુજરાતી અને મરાઠી

ચેનલના

સાથે જ શરૂ થશે આતુરતાપૂર્વક જેની રાહ જોવાઈ રહી હતી એ

## મુંબઈ સમાચાર એપ્લિકેશન

Apple

Android

આજે જ સબસ્ક્રાઈબ કરો અને ડાઉનલોડ કરો!

### ગુજરાતીમાં ઈન્ફોટેઈનમેન્ટનો 'ડેઈલી ડોઝ'

**'કરન્ટ અફેર્સ'**
આ કાર્યક્રમમાં દેશ-દુનિયાની વર્તમાન ઘટનાઓની સમીક્ષા

**ગૃહિણી સાથે ગોસિપ:**
આ કાર્યક્રમમાં માનુનીઓ કરશે મનકી બાત

**કરશું વાત પ્રવાસની ચાલો મારી સાથે...:**
ઘરબેઠાં દુનિયાની સફર કરાવશે આ કાર્યક્રમ

### મરાઠી પર વીકલી ધમાકા!

**જાઉ તિથે ખાઉં:**
સ્વાદરસિયાઓ માટેના આ ખાસ કાર્યક્રમમાં લટાર વાનગીઓની અનોખી દુનિયામાં!

**ટાઈમ પ્લીઝ:**
મનગમતી હસ્તીઓ સાથેનો દિલચસ્પ પોડકાસ્ટ

**ભટકંતી અનલિમિટેડ:**
રખડપટ્ટીના શોખીનો માટે પ્રવાસ હવે નવા અંદાજમાં

ગુજરાતી તેમ જ મરાઠીમાં રસપ્રદ વિવિધ કાર્યક્રમોની જાહેરાત ટૂંક સમયમાં!

દર્શકોને સીધા સ્પર્શતા વિવિધ વિષયોની વિગતે છણાવટ

YouTube

marathi@bombaysamachar.com
gujarati@bombaysamachar.com
communication@bombaysamachar.com

# ગુજરાતમાં દિવસે દિવસે વધતો ગરમીનો પારો, દીવમાં ગરમીએ ૧૦૦ વર્ષનો રેકોર્ડ તોડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં આ વર્ષે આકરા ઉનાળાની વહેલી શરૂઆત થઇ છે. જેમાં માર્ચ માસના પ્રથમ ૧૦ દિવસમાં ગરમીના પારામાં સરેરાશ સાત ડિગ્રીનો વધારો થયો છે. જેના લીધે લોકો અત્યારથી જ ગરમીથી ત્રાહિમામ પોકારી રહ્યા છે. પર્યટકોના પ્રિય એવા દીવમાં માર્ચ મહિનામાં ગરમીનો પારો ૪૧ ડિગ્રીએ પહોંચ્યો હતો, જે સો વર્ષનો રેકોર્ડ હોવાનું માનવામાં આવે છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દીવમાં માર્ચ માસમાં ૩૭ ડિગ્રી આસપાસ તાપમાન નોંધાતું હોય છે. ત્યારે દીવમાં આ વર્ષે ૪૧ ડિગ્રી તાપમાન નોંધાતા લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. તેમજ દીવમાં ગરમીએ આ વર્ષે ૧૦૦ વર્ષનો રેકોર્ડ તોડ્યો છે. દીવમાં માર્ચ મહિનામાં જ ૪૧.૩ ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું છે.

ભુજમાં આજે મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી સે. નોંધાયું હતું. વાગડથી લઈ કોટેશ્વર સુધી ઉના વાયરા ફૂંકાતા જનજીવન તોબા પોકારી ઊઠયું હતું. સવારથી જ સૂર્યનારાયણે આકરા તેવર બતાવતા આભમાંથી અગનજ્વાળાઓ વરસતી હોય તેવો અનુભવ લોકોએ કર્યો હતો. કંડલા(એરપોર્ટ) કેન્દ્રમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીએ પહોંચતા અંજાર-ગાંધીધામ વિસ્તાર ગરમીમાં શેકાયા હતા. આ ઉપરાંત હવામાન વિભાગ દ્વારા બુધવારે ગુજરાતના રાજકોટ અને સુરેન્દ્રનગરમાં રેડ એલર્ટ અને હીટ વેવની આગાહી હતી અને લોકોએ સખત ગરમીનો અનુભવ કર્યો હતો. જોકે માર્ચ મહિનાની શરૂઆતથી જ સૌરાષ્ટ્ર-કચ્છમાં સખત ગરમી પડી રહી છે. જ્યારે ૧૧ જિલ્લાઓમાં ગરમી માટે ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું હતું. અમદાવાદમાં આજે વોર્મ નાઇટનું એલર્ટ પણ આપવામાં આવ્યું હતું. જોકે શહેરમાં સવારથી જ સખત ગરમી અને ઉકળાટ લોકોએ અનુભવ્યો હતો. આ સાથે દરિયાકાંઠાના વિસ્તારોમાં ૧૩ માર્ચ સુધી ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેવાની શક્યતા છે અને ઉત્તર-પશ્ચિમ દિશાથી ૧૫થી ૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઇ શકે છે. ■

# ગીરમાં સિંહના હુમલાની બે ઘટનાઃ એક બાળકનું મોત, એક બાળકીને માતાએ બચાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગીર પ્રદેશમાં સિંહના હુમલાની બે અલગ અલગ ઘટનામાં એક પાંચ વર્ષના બાળકનું મોત નિપજ્યું હતું જ્યારે એક આઠ વર્ષની બાળકીને તેની માતાએ સિંહણના મોમાંથી છોડાવી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર ધારીના માનવાવ ગામમાં બનેલી ઘટનામાં પરપ્રાંતિય પરિવાર રહે છે. ખેતમજૂર તરીકે કામ કરતા આ પરિવારના પાંચ વર્ષીય દીકરા ધવલ ઈશ્વરભાઈ કટારા ખેતરમાં હતો ત્યારે સિંહે હુમલો કર્યો હતો. ખેતરના કામ કરતા મજૂરો સિંહ પાછળ દોડ્યા હતા સિંહ ભાગી ગયો, પરંતુ બાળક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ ગયું હતું. બાળકને ચલાલા ખાતે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યું હતું, જોકે સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. વન્ય ખાતાએ સિંહને પકડવા પાંજરુ મૂકવાની સહિત તૈયારી હાથ ધરી હતી, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

જ્યારે બીજી ઘટનામાં માતાએ બાળકીને સિંહણના મોઢામાંથી બહાર કાઢી હોવાની ઘટના બની હતી. શાના વાકીયા ગામ (ગીરગઢડા)માં આંબાના બગીચામાં આઠ વર્ષની બાળકી પર સિંહણે હુમલો કર્યો હતો.

વન વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે મનીષાબેન રમેશભાઈ રામાણી અને તેમની દીકરી રિવા કેસર કેરીના બગીચામાં કેરી તોડવા ગયાં હતાં. તે સમયે આસપાસ પોતાનાં બચ્ચાં સાથે હાજર સિંહણે બાળકી પર પાછળથી હુમલો કર્યો હતો અને તેને મોઢામાં ઝકડી લીધી હતી.

આ જોતાં જ માતાએ સિંહણ પાછળ દોડ મૂકી હતી, ચીસો પાડી હતી અને પથ્થર ફેંક્યા હતા. આથી સિંહણ બાળકીને મૂકી ભાગી ગઈ હતી. જોકે બાળકીને ઈજાઓ થઈ છે અને તે ઊના સરકારી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે, જ્યાં ડોક્ટર તેની સ્થિતિ ગંભીર બતાવી રહ્યા છે. વન્ય ખાતાના અધિકારીઓ પણ હોસ્પિટલ પહોંચ્યા હતા અને આગળની તપાસ હાથ ધરી હતી. ■

# અમદાવાદ અને સુરત મેટ્રો માટે ૩૪ ટ્રેન સેટ્સનો ઓર્ડર, મેટ્રો રેલ નેટવર્ક ૧૯૦ કિમી. સુધી વિસ્તરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં અમદાવાદ અને સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટ્સ શરૂ કરવામાં આવ્યા છે. હવે રાજ્ય સરકારે ગુજરાતમાં મેટ્રો રેલ કનેક્ટિવિટીને વધુ વેગ આપવા માટે ૩૪ અત્યાધુનિક મેટ્રો ટ્રેન સેટ્સ માટે ઓર્ડર આપ્યો છે, જેમાં અમદાવાદ મેટ્રો ફેઝ-૨ માટે ૧૦ ટ્રેનસેટ અને સુરત મેટ્રો માટે ૨૪ ટ્રેનસેટનો સમાવેશ થાય છે. આ તમામ ટ્રેનો કોલકાતામાં ટીટાગઢની અદ્યતન મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી ખાતે બનાવવામાં આવી રહી છે. અમદાવાદ મેટ્રો ફેઝ-૨ હેઠળ અમદાવાદ-ગાંધીનગર કોરિડોરમાં, ૬૮.૨ કિમી મેટ્રો નેટવર્ક પહેલેથી જ કાર્યરત છે, જેમાં હાલમાં ૩૨ ટ્રેન સેટ્સ સેવામાં છે. તેમાં વધુ ૧૦ ટ્રેન સેટ્સનો ઉમેરો થવાથી મુસાફરોના પરિવહન માટે ટ્રેનની ફ્રિકવન્સી વધી જશે. ગુજરાતમાં હાલમાં મેટ્રો રેલ નેટવર્ક ૧૦૮ કિમી સુધી વિસ્તરેલું છે અને આગામી વર્ષોમાં ૧૯૦ કિમી સુધી તેનું વિસ્તરણ થવાનું અનુમાન છે. ■

# સુરતમાં વેરહાઉસમાં ભયાનક આગ, જાનહાનિ નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બુધવારે સુરતના સચિન હોજીવાલા ઔદ્યોગિક વિસ્તારમાં આવેલા ઔદ્યોગિક એકમના વેરહાઉસમાં ભીષણ આગ લાગી હતી, જેના કારણે એક પછી એક કેમિકલ ડ્રમના અનેક વિસ્ફોટ થયા હતા અને આસપાસના ઔદ્યોગિક પટ્ટામાં ગભરાટ ફેલાયો હતો. જોકે લખાય છે ત્યાં સુધી જાનહાનિના કોઈ અહેવાલ નથી.

શરૂઆતના અહેવાલો અનુસાર, આગ કંપનીના ગોડાઉનમાં લાગી હતી, જ્યાં ઘણા કેમિકલ બેરલ રાખવામાં આવ્યા હતા. અહેવાલ મુજબ, ૩૦ થી વધુ કેમિકલ ડ્રમના એક પછી એક વિસ્ફોટ થતાં આકાશમાં ધુમાડાના ગોટેગોટા જોવા મળી રહ્યા હતા, જે ઘણા કિલોમીટર દૂરથી પણ દેખાઈ રહ્યા હતા. આગ ટૂંક સમયમાં નજીકના લાકડાના ગોદામમાં ફેલાઈ ગઈ અને બાદમાં નજીકના કેટલાક ઔદ્યોગિક એકમોને અસર થઈ હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું હતું. ફાયર અધિકારીઓએ મેજર કોલ જાહેર કર્યો હતો, જેના પગલે ભેસ્તાન અને માન દરવાજા સહિત વિવિધ ફાયર સ્ટેશનોમાંથી લગભગ ૨૦ ફાયર ટેન્કર ઘટનાસ્થળે દોડી ગયા હતા. સ્થળ પર જે કેમિકલ્સ હતા તે ખૂબ જ જ્વલનશીલ હોવાથી, ફાયર ફાઇટરોએ આગને કાબૂમાં લેવા માટે પાણી, ફોમ અને કેમિકલ્સનો ઉપયોગ કરવો પડ્યો હોવાનું પણ જાણવા મળ્યું હતું. આ આગ કલાકોની લાંબી જહેમત બાદ કાબૂમાં આવી હોવાનું જાણવા મળ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ગોદામમાં સંગ્રહિત સ્ટોક અને સામગ્રી મોટાભાગે નાશ પામી હતી. પ્રાથમિક માહિતી સૂચવે છે કે શોર્ટ સર્કિટને કારણે આ ઘટના બની હશે, જોકે વિગતવાર તપાસ પછી ચોક્કસ કારણ જાણી શકાશે, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું. ■

# યુદ્ધની અસરઃ નવસારીના પૌઆની નિકાસમાં ૧૫ ટકા જેટલો ઘટાડો, મિલમાલિકો ચિંતામાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધની અસર ધીરે ધીરે ભારતના વિવિધ ઉદ્યોગો પર વર્તાઈ રહી છે. એક તરફ ગેસની સપ્લાય તેમ જ અન્ય મટિરિયલ મળતા ઓછા થતા વિવિધ ઉદ્યોગો પર માઠી અસર થઈ છે, જેમાં દક્ષિણ ગુજરાતના પૌઆ ઉદ્યોગનો પણ સમાવેશ થાય છે.

પશ્ચિમ એશિયામાં યુદ્ધની પરિસ્થિતિએ દક્ષિણ ગુજરાતના નવસારી જિલ્લામાં (પૌઆ) ઉદ્યોગને અસર થઈ છે. આંતરરાષ્ટ્રીય કટોકટીને કારણે, ગલ્ફ દેશોમાં પૌઆની નિકાસમાં ૧૫% થી વધુનો ઘટાડો થયો છે, જેના કારણે સ્થાનિક મિલમાલિકો અને વેપારીઓમાં ચિંતા ફેલાઈ છે.

નવસારી જીઆઈડીસીમાં આવેલી ૫૦ થી વધુ પૌઆ મિલો વાર્ષિક આશરે ૧૫૦,૦૦૦ ટન પૌઆનું ઉત્પાદન કરે છે. આ ઉદ્યોગનું વાર્ષિક ટર્નઓવર આશરે રૂ. ૫૦૦ કરોડ છે, જ્યારે પેટા-ઉત્પાદનો સહિત કુલ વેપાર રૂ. ૧,૦૦૦ કરોડ હોવાનો અંદાજ છે. આ એકમો નિયમિતપણે દુબઈ, મસ્કત અને સાઉદી અરેબિયા જેવા દેશોમાં મોટા પ્રમાણમાં નિકાસ કરે છે. જો કે, ચાલુ યુદ્ધને કારણે લોજિસ્ટિક્સ અને પરિવહનમાં વિક્ષેપ પડ્યો છે, જેના કારણે નિકાસ શિપમેન્ટમાં વિલંબ થયો છે અથવા તો રદ થયા છે.

વેપારીઓના જણાવ્યા અનુસાર લગભગ પાંચ વર્ષની મંદીમાંથી પસાર થયા પછી, ઉદ્યોગ હમણાં જ સુધરવાનું શરૂ કર્યું હતું, પરંતુ વર્તમાન પરિસ્થિતિએ ફરી એકવાર તેની આર્થિક સ્થિરતા અંગે ચિંતા વ્યક્ત કરી છે. નિકાસ સ્થગિત થતાં, મિલોમાં લગભગ ૧૫% વધારાનો સ્ટોક એકઠો થઈ ગયો છે. વેપારીઓ હવે આ સ્ટોક ભારતનાં વિવિધ રાજ્યોનાં બજારોમાં વેચવાનો પ્રયાસ કરી રહ્યા છે. જોકે અન્ય રાજ્યોમાં પૌઆની માંગ ધીમે ધીમે વધી રહી છે. આથી લગભગ માલ તો વેચાઈ જશે, પરંતુ હાલની સ્થિતિમાં રોકડ રકમની અછત મિલમાલિકો માટે ચિંતાનો વિષય બની ગયો છે.

નવસારીના વેપારીઓ અમદાવાદ, ખેડા અને સુરત જિલ્લામાંથી મોટા પ્રમાણમાં ડાંગર ખરીદે છે. જો પૌઆ ઉદ્યોગમાં મંદી લાંબા સમય સુધી ચાલુ રહેશે, તો આગામી મહિનાઓમાં ડાંગરની ખેતી કરતા ખેડૂતોને પણ થોડુંઘણું નુકસાન જવાની ભીતિ છે. આથી સૌ કોઈ સ્થિતિ રાબેતા મુજબ થાય તેની રાહ જોઈ રહ્યા છે. ■

# વડા પ્રધાન માર્ચના અંતમાં ફરી ગુજરાત મુલાકાતે આવે તેવી શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહિનામાં ગુજરાતની મુલાકાતે આવ્યા હતા, ત્યારે હવે ફરી માર્ચના અંતમાં ગુજરાતની મુલાકાત લે તેવી સંભાવના છે. વડા પ્રધાન ૩૧મી માર્ચે ગુજરાત આવે, તેવી શક્યતા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. એવું જાણવા મળ્યું છે કે વડા પ્રધાન નવા રચાયેલા વાવ-થરાદ જિલ્લાની મુલાકાત લે તેવી શક્યતા છે, જ્યાં તેઓ ૩૧ માર્ચે એક વિશાળ જાહેર સભાને સંબોધિત કરી શકે છે. અહેવાલો અનુસાર, વડા પ્રધાન એક દિવસ માટે ગુજરાત આવશે. અહીં તેઓ વિવિધ પ્રકલ્પોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે, તેવી જ સંભાવના છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલા પ્રધાનમંત્રીનો આ પ્રવાસ ઉત્તર ગુજરાત અને આસપાસના વિસ્તારોમાં ભાજપના પ્રચારને વેગ આપશે તેવું માનવામાં આવે છે. ■

# ભાવનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંકની વિવિધ શાખાઓમાં સાત કરોડનું સાયબર ફ્રોડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ બેન્કની ડેટા સિક્યુરિટીમાં ગાબડું પાડીને હેકર્સે ભાવનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેન્કની વિવિધ શાખાઓમાંથી અંદાજે સાત કરોડ રૂપિયાનું સાયબર ફ્રોડ આચર્યું હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી હતી. રવિવારની રજાના દિવસે મોબાઈલ એપ્લિકેશનના માધ્યમથી ડેટા હેક કરીને આ મસમોટું કૌભાંડ આચરવામાં આવ્યું હતું, જેની જાણ સવારે બેન્ક ખુલતાની સાથે જ થતા હડકંપ મચી ગયો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને હેડ ઓફિસ દ્વારા જિલ્લાની તમામ ૮૮ શાખાઓની કામગીરી તાત્કાલિક અસરથી સ્થગિત કરી દેવામાં આવી છે. બેન્કના ડેટા અને સિક્યુરિટી સિસ્ટમમાં થયેલી આ છેડછાડની તપાસ માટે ૨૫ જેટલા નિષ્ણાતોની ટીમ કામે લગાડવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં સિદસર અને સુભાષનગર સહિતની ૩ થી ૪ શાખાઓમાં આ ફ્રોડ થયું હોવાનું જણાયું છે, જોકે આ આંકડો હજુ વધવાની શક્યતા સેવાઈ રહી છે. આ કૌભાંડમાં જાણકાર તત્ત્વો દ્વારા બેન્કની મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરી સિસ્ટમ હેક કરવામાં આવી હોવાનું પ્રાથમિક તારણ છે. આ તપાસ દરમિયાન ચાર અલગ-અલગ મોબાઈલ નંબરો શંકાના દાયરામાં આવ્યા છે, જેમાંથી એક નંબર '૬૦૦' થી શરૂ થતો હોવાનું જાણવા મળ્યું છે. આ નંબરો કોના છે અને ક્યાંથી ઓપરેટ થતા હતા તે દિશામાં તપાસ તેજ કરવામાં આવી છે.સામાન્ય રીતે વ્યક્તિગત ખાતામાંથી પૈસા ઉપાડવાના કિસ્સાઓ બનતા હોય છે, પરંતુ અહીં સીધી બેન્કની થાપણોને જ નિશાન બનાવવામાં આવતા ખાતેદારોમાં ભારે ફફડાટ ફેલાયો છે. ■

## દેશ-વિદેશ

## સંસ્થા સમાચાર

### ઘાટકોપર મેટ્રો સ્ટેશન ખાતે વિશ્વ કિડની દિવસની પહેલ



વિશ્વ કિડની દિવસ નિમિત્તે, લાખાણી કિડની કેર (એલકેસી)એ ઘાટકોપર મેટ્રો સ્ટેશન પર મુસાફરો માટે કિડની આરોગ્ય તપાસ શિબિરનું આયોજન કર્યું હતું, જે સમુદાય સુધી સીધી નિવારક આરોગ્ય સંભાળ પહોંચાડી.

આ શિબિર કિડની જાગૃતિ અને વહેલા નિદાન પર કેન્દ્રિત હતી, જેમાં ક્લિનિકલ તપાસ સાથે હિમોગ્લોબિન (એચબી), બ્લડ ગ્લુકોઝ અને રીનલ ફંક્શન ટેસ્ટ જેવા પરીક્ષણો કરવામાં આવ્યા હતા. ફૂડ પેકેટનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પહેલનો લાભ ૨૨૫થી વધુ સહભાગીઓએ લીધો હતો. નિયમિત કિડની તપાસના મહત્ત્વ વિશે જાણકારી આપવામાં આવી હતી. ડો. સિદ્ધાર્થ લાખાણી, ડો. દેવાંશી લાખાણી અને ડો. દર્શના દોશીનો આ કેમ્પનું આયોજન ડો. સંકેત દોશી, ડો. ગણપત સાવંત, ડો. પ્રદીપ આંગ્રે અને ડો. ગીતા મિશ્રાના સહયોગથી કરવામાં આવ્યું હતું.

# ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચારઃ એ ત્રણ નિષ્ણાતથી તત્કાળ નાતો તોડવા સરકારને સુપ્રીમનો આદેશ

નવી દિલ્હી : સર્વોચ્ચ અદાલતે નેશનલ કાઉન્સિલ ઑફ એજ્યુકેશનલ રિસર્ચ ઍન્ડ ટ્રેનિંગ (એનસીઈઆરટી) પાઠ્યપુસ્તકોમાં કાનૂની અભ્યાસના પાઠ્યક્રમ ઘડવા એક અઠવાડિયાની અંદર આ મામલાના નિષ્ણાતોની સમિતિની રચના કરવાનો કેન્દ્ર સરકારને આદેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે આ બાબતમાં અમારા હુકમનો હેતુ ન્યાયતંત્રના સંસ્થાકીય કાર્યની તંદુરસ્ત અને વસ્તુલક્ષી ટીકા અટકાવવાનો નથી.

એનસીઈઆરટીના આઠમા ધોરણના સમજશાસ્ત્રના પુસ્તકને લગતા વિવાદની સુપ્રીમ કોર્ટે જાતે નોંધ લઈને આ કેસ સાંભળી રહી છે. આ પુસ્તકમાં ભ્રષ્ટાચાર વિશે એક આખું પ્રકરણ છે. અદાલતે નોંધ્યું હતું કે આખું પ્રકરણ પ્રોફેસર મિશેલ ડેનિયોના અધ્યક્ષપદ હેઠળની ટેક્સબુક ડેવલપમેન્ટ ટીમે રચ્યું હતું. મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાન્તની આગેવાની હેઠળની બેન્ચે કેન્દ્ર, કેન્દ્રશાસિત પ્રદેશ અને વિદ્યાપીઠોને આ વિવાદાસ્પદ પ્રકરણ રચનાર ત્રણ નિષ્ણાત સાથે તત્કાળ નાતો તોડી નાખવા કહ્યું છે. ટેક્સબુક ડેવલપમેન્ટ ટીમના અધ્યક્ષ ડેનિયો હતા અને સભ્યો સુપના દિવારકર અને આલોક પ્રસન્ના કુમાર હતા. ■

# ફુકેટમાં ઍર ઈન્ડિયાના વિમાનનાં નોઝ વ્હીલ્સ લૅન્ડિંગ વખતે નીકળી ગયાં

બૅંકકોક થાઈલેન્ડના ફુકેટ એરપોર્ટ પર એર ઇન્ડિયા એક્સપ્રેસ ફ્લાઇટ આઈએક્સ ૯૩૮હાર્ડ લેન્ડિંગ બાદ એક મોટી દુર્ઘટના ટળી હતી. ઉતરાણ વખતે વિમાનના નોઝ વ્હીલ્સ તૂટી જતાં લેન્ડિંગ કરવામાં થોડી મુશ્કેલી સર્જાઇ હતી. આ જાણકારી ડીજીસીએના એક વરિષ્ઠ અધિકારીએ આપી હતી.

આ ઘટના હૈદરાબાદથી ફુકેટ જતી ફ્લાઇટ સાથે બની હતી. અધિકારીના જણાવ્યા અનુસાર કોઇને પણ ઇજા થઇ નથી. મુસાફરોને વિમાનમાંથી બહાર કાઢીને ટર્મિનલ બિલ્ડિંગમાં લઇ જવામાં આવ્યા છે. જો કે વિમાનમાં સવાર મુસાફરોની સંખ્યા અંગે તાત્કાલિક કોઇ માહિતી પ્રાપ્ત થઇ નથી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર એરપોર્ટ કામગીરી અસ્થાયી રૂપે બંધ કરવામાં આવી છે. વિમાન રનવે પર ફસાયું હોવાથી તેને ખેંચીને બૅ તરફ લઇ જવામાં આવી રહ્યું છે. એર ઇન્ડિયા એક્સપ્રેસના પ્રવક્તાએ જણાવ્યું કે ફુકેટ એરપોર્ટ પર વિમાનના આગળના વ્હીલમાં કોઇ ખામી સર્જાઇ હતી. ■

# યુપીઆઈ પર છે 'ડિજિટલ લૂટેરા'ઓનો ડોળોઃ સાયબર ફ્રૉડના બે દિવસમાં ૨૫-30 લાખ વ્યવહાર

નવી દિલ્હીઃ હવે ઓનલાઇન છેતરપિંડી કરનારાઓ નાણાકીય વ્યવહારો કરવા માટે યુપીઆઇ એપ્સની સુરક્ષા સુવિધાઓનો ભંગ કરતી નવી ટેક્નોલોજીનો ઉપયોગ કરી રહ્યા છે. સાયબર ઇન્ટેલિજન્સ ફર્મ ક્લાઉડસેકેએ એક રિપોર્ટમાં આ દાવો કર્યો છે. રિપોર્ટ અનુસાર કંપનીએ મેસેજિંગ પ્લેટફોર્મ ટેલિગ્રામ પર ઓછામાં ઓછા ૨૦ સક્રિય જૂથો ઓળખી કાઢ્યા છે. જેમાં દરેકમાં ૧૦૦થી વધુ સભ્યો છે. આ જૂથોમાં 'ડિજિટલ લૂટેરા' નામના ટૂલકીટની ચર્ચા, ફેલાવો અને ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ક્લાઉડસેકેના થ્રેટ રિસર્ચર શોભિત મિશ્રાએ જણાવ્યું કે આ માત્ર વધુ એક યુપીઆઇ માલવેરનો પ્રકાર નથી. ડિજિટલ લૂટેરા એ ઉપકરણના વિશ્વાસ પર એક માળખાગત હુમલો છે. જ્યારે ઓપરેટિંગ સિસ્ટમ સાથે જ ચેડાં થાય છે ત્યારે સિમ-બાઇન્ડિંગ અને એપ સિગ્નેચર તપાસ જેવા પરંપરાગત સુરક્ષા ઉપાય અવિશ્વસનીય બની જાય છે. જો આના પર ધ્યાન આપવામાં નહીં આવે તો આ ડિજિટલ ચુકવણી ઇકોસિસ્ટમમાં ઔદ્યોગિક સ્તરે મોટા પાયે અકાઉન્ટ ટેકઓવર કરવા તરફ દોરી જઇ શકે છે. ક્લાઉડસેકેનો દાવો છે કે તેમણે આવા એક જૂથનું વિશ્લેષણ કર્યું છે. જેમાં જાણવા મળ્યું છે કે માત્ર બે દિવસમાં ૨૫-૩૦ લાખના વ્યવહારો કરવામાં આવ્યા હતા. આ દર્શાવે છે કે આ છેતરપિંડી મોડેલ કેટલી ઝડપથી વધી રહ્યું છે અને પીડિતોની સંખ્યા કેટલી વધારે છે. ક્લાઉડસેકે જણાવ્યું કે આ હુમલો સામાન્ય રીતે ત્યારે શરૂ થાય છે જ્યારે કોઇ વપરાશકર્તા અજાણતા જ કોઇ ખરાબ એપીકે ઇન્સ્ટોલ કરે છે, જે દેખાવમાં ટ્રાફિક દંડની નોટિસ અથવા લગ્નનું આમંત્રણ જેવી સામાન્ય વસ્તુ જેવું લાગે છે. એકવાર ઇન્સ્ટોલ થઇ ગયા પછી આ માલવેર પીડિતના ફોનના એસએમએસ એક્સેસ કરવાની પરવાનગી મેળવી લે છે. ■

### ઈરાનનો ભયાનક ખેલ

# હોર્મુઝની ખાડીમાં સુરંગો ગોઠવી રહ્યું છે, આ કામ કરી રહેલી ૧૬ નૌકાને અમેરિકાના નૌકાદળે ઊડાવી દીધી

તહેરાનઃ મધ્ય-પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષમાં ઈરાન જરીક નમતું જોખવા તૈયાર નથી અને તે અમેરિકા તથા ઈઝરાયલના સતત હુમલાઓ સામે વધુ આક્રમક બન્યું છે. ઈરાને વિશ્વના સૌથી મહત્વપૂર્ણ ગણાતી હોર્મુઝ સામુદ્રધુનીમાં અત્યંત ખતરનાક દરિયાઈ સુરંગો ગોઠવી દીધી છે. આ પગલાથી વૈશ્વિક સ્તરે તેલના પુરવઠા પર મોટું સંકટ તોળાઈ રહ્યું છે અને આ વિસ્તાર હવે યુદ્ધના મેદાનમાં ફેરવાઈ ગયો છે.

મીડિયા રિપોર્ટ પ્રમાણે, ઈરાને છેલ્લા કેટલાક દિવસોમાં ડઝનબંધ સમુદ્રી સુરંગો પાણીમાં ગોઠવી છે. નિષ્ણાતોનું માનવું છે કે ઈરાન પાસે હજુ પણ ૮૦થી ૯૦ ટકા સુરંગ લગાવવાની ક્ષમતાના સાધનો સુરક્ષિત છે, જેનો અર્થ એ છે કે તે સેંકડોની સંખ્યામાં વિસ્ફોટકો પ્લાન્ટ કરી શકે છે. ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (આઈઆરજીસી) પાસે ઝડપી નૌકાઓ અને કિનારા પરની મિસાઈલ બેટરીઓ છે, જેના દ્વારા તેઓ આખા જળમાર્ગને બ્લોક કરી શકે છે. આ જ કારણ છે કે હાલમાં આ રસ્તો વહાણો માટે અત્યંત જોખમી બની ગયો છે. આ ગંભીર સ્થિતિ વચ્ચે અમેરિકી પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ઈરાનને ખુલ્લી ચેતવણી આપી છે. ટ્રમ્પે દાવો કર્યો છે કે અમેરિકી દળોએ સુરંગો ગોઠવી રહેલી ઈરાનની ૧૬ નૌકાને ઊડાવી દીધી છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે જો ઈરાન આ સુરંગો તાત્કાલિક નહીં હટાવે તો તેણે એવા સૈન્ય પરિણામો ભોગવવા પડશે જે તેણે ક્યારેય જોયા નહીં હોય. ટ્રમ્પે વધુમાં ઉમેર્યું કે હોર્મુઝ સ્ટ્રેઇટ સુરક્ષિત રહેશે અને અમેરિકા પાસે દરિયામાં બિછાવેલી માઈન્સ શોધવા માટે વિશ્વના શ્રેષ્ઠ સાધનો ઉપલબ્ધ છે. ■

# રાહુલ ગાંધી ભારતના વિકાસથી અજાણ છેઃ મોદી

કોચી : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે કૉંગ્રેસ અને તેના નેતા રાહુલ ગાંધી પર આકરા પ્રહારો કરીને કહ્યું હતું કે રાહુલને ખબર નથી કે દેશમાં કેટલો વિકાસ થયો છે. મોદી આક્ષેપ કર્યો હતો કે ગ્રાન્ડ ઓલ્ડ પાર્ટી પશ્ચિમ એશિયાની કટોકટીમાં રાજકારણ રમી રહી છે. ભાજપના નેતૃત્વ હેઠળની રૅલીમાં કહ્યું હતું કે કેરળમાં લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ અને યુનાઈટેડ ડેમોક્રટિક ફ્રન્ટને વારાફરતી સત્તા પર લાવવાની પેટર્ન બદલવાની જરૂર છે. મોદીએ અનુરોધ કર્યો હતો કે કેરળના લોકોએ ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએને આગામી પાંચ વર્ષ માટે તક આપવી જોઈએ કારણ કે આ તક મોદીની ગેરન્ટી સાથે આવશે.

મોદીએ કહ્યું હતું કે લોકો એલડીએફ-યુડીએફની નીતિથી કંટાળી ગયા છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભાજપે ૨૦૨૪માં ત્રિશૂર લોકસભા બેઠક અને હાલમાં તિરુવનંતપુરમ કોર્પોરેશન જીતી છે અને આ વિજયનું આખા કેરળમાં વિસ્તરણ થશે. રાહુલ ગાંધીની ટીકા કરતાં કહ્યું હતું કે યુવારાજને દેશના વિકાસની જાણ નથી. રાહુલને ખબર નથી કે કેરળ સહિત દેશના યુવાનો ડ્રોનના ઉત્પાદનમાં છે. ભાજપ કેરળને એઆઈ અને ભાવિ ટેક્નોલોજીનું હબ બનાવશે. મોદીએ પશ્ચિમ એશિયાની કટોકટી અંગે કહ્યું હતું કે ભારત તેના નાગરિકોને રઝળતા મૂકતું નથી. કેન્દ્ર સરકાર અખાતમાં ફસાયેલા ભારતીયોને પાછા લાવવાની કોશીશ કરી રહી છે. (એજન્સી) ■

# ઓસ્ટ્રેલિયામાં શરણ લેવાનો પ્રસ્તાવ ફગાવી ઈરાનની મોટાભાગની મહિલા ફૂટબોલ ખેલાડીઓ સ્વદેશ રવાના

ગોલ્ડ કોસ્ટઃ ઈરાનની મહિલા ફૂટબોલ ટીમના મોટાભાગના ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફ ઓસ્ટ્રેલિયાના શરણ આપવાના પ્રસ્તાવને ફગાવીને બુધવારે સ્વદેશ જવા રવાના થયા હતા. જોકે, ઈરાની ટીમના સાત સભ્યોએ ઓસ્ટ્રેલિયામાં શરણ લેવાના પ્રસ્તાવનો સ્વીકાર કર્યો હતો. તેમને માનવતાવાદી ધોરણે વિઝા આપવામાં આવ્યા હતા અને આ રીતે તેમને ઓસ્ટ્રેલિયામાં કાયમી રહેવા માટે મંજૂરી મળી ગઈ છે.

ઈરાની ટીમ રવાના થઈ તેના વિરોધમાં સિડની એરપોર્ટની બહાર પણ વિરોધ પ્રદર્શનો થયાં હતાં. તેઓ રવાના થયા તે અગાઉ તેમને શરણ લેવાનો પ્રસ્તાવ આપવામાં આવ્યો હતો. ઓસ્ટ્રેલિયાના ગૃહપ્રધાન ટોની બર્કે કહ્યું કે ટીમના દરેક સભ્ય આ ઓફર પર વિચાર કરી શકે તે માટે તેમણે અંતિમ પ્રયાસો કર્યા છે. તેમણે કહ્યું કે જ્યારે મહિલાઓ સુરક્ષા તપાસમાંથી પસાર થઈ રહી હતી,ત્યારે તેમની સાથે વ્યક્તિગત રીતે વાત કરવામાં આવી હતી. બર્કે કહ્યું હતું કે, ''ઓસ્ટ્રેલિયાએ આ ઓફર એટલા માટે કરી છે કારણ કે અમે આ મહિલાઓથી વ્યક્તિગત રીતે ખૂબ જ પ્રભાવિત છીએ. ઓસ્ટ્રેલિયાએ આપેલા વિકલ્પને સ્વીકારવો કે નહીં તે તમારો નિર્ણય છે.'' આ એક પસંદગી છે જેનો દરેક વ્યક્તિને અધિકાર હોવો જોઈએ. ઈરાનની મહિલા ફૂટબોલ ટીમના સાત સભ્યો સિવાય કોઈએ પણ શરણની ઓફર સ્વીકારી ન હતી અને ટીમનું વિમાન બાકીના સભ્યો સાથે સિડનીથી રવાના થયું હતું. જ્યારે બર્કે જાહેરાત કરી કે સાત શરણાર્થીઓમાંથી એક પોતાના ઘરે પરત ફરશે. ઓસ્ટ્રેલિયાના લોકો પોતાનો વિચાર બદલી શકે છે.'' તેમણે નોંધ્યું કે ટીમના જે બે નવા સભ્યોને આશ્રય આપવામાં આવ્યો હતો તેમાં એક ખેલાડી અને એક સપોર્ટ સ્ટાફ સભ્ય છે. ■

# પુરુષ

મેલ મેટર્સ


અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

## પુરુષને તેની ચાળીસીમાં સૌથી વધુ ડર શેનો સતાવે છે?

ચાળીસીનો ઉંબરો ઓળંગ્યા પછી પુરુષના જીવનમાં એક અજીબ પ્રકારનો ખાલીપો અને એક અજાણ્યો ભય પ્રવેશી જતો હોય છે. ૨૦ કે ૩૦ વર્ષની ઉંમરે જે જગત જીતી લેવાની જીદ હતી, તે ૪૦ વર્ષે પહોંચતા સુધીમાં સ્થિરતા અને જવાબદારીઓના ગઠબંધનમાં ફેરવાઈ જાય છે.

આ અવસ્થાએ પહોંચેલા પુરુષ માટે સૌથી મોટો ડર કયો? શું તે આર્થિક અસલામતી છે? શું તે વધતી જતી ઉંમર અને ઘટતી જતી શારીરિક ક્ષમતા છે કે પછી સામાજિક પ્રતિષ્ઠા ગુમાવવાનો ભય છે?

જો ઊંડાણપૂર્વક વિચારવામાં આવે તો આ તમામ ભયની ઉપર એક એવો ડર બેઠો છે જેની ચર્ચા અવારનવાર થતી નથી, પણ તે હરક્ષણે હૃદયના કોઈ ખૂણે ધબકતો રહે છે અને તે છે પોતાના માતા-પિતાને ગુમાવવાનો ડર.


AI

ચાળીસીમાં પ્રવેશતા પુરુષ માટે માતા-પિતા માત્ર વડીલો નથી હોતા, પરંતુ તે તેના જીવનનું છેલ્લું સુરક્ષા કવચ (Safety Net) હોય છે. આ તે ઉંમર છે જ્યારે પુરુષ પોતે પિતા બની ગયો હોય છે, તેનાં સંતાન સ્કૂલે જતા થયા હોય છે અને તેની પત્ની સાથે તે ઘરના રથને ખેંચી રહ્યો હોય છે. જગતની નજરમાં તે હવે 'ઘરનો મોભી' છે, પણ તેની પોતાની નજરમાં તે હજી પણ એક દીકરો છે , જેની પાસે પાછા વળીને જોવાની જગ્યા તેના માતા-પિતાનું ઘર છે. જ્યારે માતા-પિતાની તબિયત લથડવાનું શરૂ થાય અથવા તેમના ચહેરા પર કરચલીઓ અને ચાલમાં લથડિયું દેખાવા લાગે ત્યારે ૪૦ વર્ષના પુરુષને પહેલીવાર એવો અહેસાસ થાય છે કે તેની ઉપરથી 'છત્ર' ઓછું થઈ રહ્યું છે.

આ ડર મૃત્યુનો એટલો નથી હોતો, જેટલો અનાથ થઈ જવાની લાગણીનો હોય છે. ભલે તે પોતે પચાસ માણસોને સંભાળતો મેનેજર હોય કે મોટો ઉદ્યોગપતિ હોય, પણ માતા-પિતાની ગેરહાજરી તેને એ સત્ય સમજાવે છે કે હવે તે પંક્તિમાં પ્રથમ હરોળમાં આવી ગયો છે. હવે તેની ઉપર કોઈ નથી જે તેને ભૂલ કરે તો ઠપકો આપે અથવા મુશ્કેલીમાં કહે કે 'તું ચિંતા ન કર, હું બેઠો છું ને!'

આવા ડરની પાછળ એક પસ્તાવો પણ છુપાયેલો હોય છે. ૨૦ થી ૩૦ વર્ષની ઉંમર દરમિયાન જ્યારે કરિયર બનાવવાની દોડધામ હતી ત્યારે કદાચ તે માતા-પિતાને પૂરતો સમય આપી શક્યો નહોતો. ચાળીસીએ પહોંચ્યા પછી જ્યારે આર્થિક સ્થિરતા આવે છે અને સંતાનો થોડા મોટાં થાય છે ત્યારે તેને ઈચ્છા થાય છે કે તે માતા-પિતા સાથે નિરાંતે બેસીને વાતો કરે, તેમને દુનિયા ફેરવે અને તેમના જૂના શોખ પૂરા કરે, પરંતુ બરાબર આ જ સમયે માતા-પિતાની ઉંમર તેમને શારીરિક રીતે અશક્ત બનાવી દેતી હોય છે. આથી, પુરુષને એવો ડર સતાવે છે કે શું તે પૂરતો સમય મેળવી શકશે? શું તે પોતાની બધી ઈચ્છાઓ પૂરી કરી શકશે? આ મથામણ ચાળીસીના પુરુષને સતત અજંપામાં રાખે છે. ઘણીવાર ઓફિસમાં બેઠો હોય ત્યારે અચાનક ઘરેથી ફોન આવે અને હૃદયના ધબકારા વધી જાય તે આ ડરનું જીવતું-જાગતું પ્રમાણ છે.

વળી, આ ડર માત્ર ભાવનાત્મક નથી, પણ તે અસ્તિત્વના સંઘર્ષ સાથે જોડાયેલો છે. માતા કે પિતાનું જવું એ પુરુષ માટે તેની બાળપણની છેલ્લી કડી તૂટવા સમાન છે. જ્યાં સુધી માતા-પિતા જીવિત હોય છે ત્યાં સુધી પુરુષને લાગે છે કે તે હજી નાનો છે. તેમની વિદાય તેને અચાનક 'વૃદ્ધત્વ'ની નજીક લાવીને મૂકી દે છે. તેને અહેસાસ થાય છે કે હવે પછી તેનો વારો જ છે. આ સત્યનો સ્વીકાર કરવો ૪૦ વર્ષના પુરુષ માટે ખૂબ જ કપરું હોય છે.

તે પોતાના સંતાનો માટે આદર્શ પિતા બનવાની મથામણ કરતો હોય છે, પણ તેની અંદર રહેલો નાનો બાળક હજી પણ પિતાના માર્ગદર્શનની અને માતાના હાથના જમવાની આશા રાખતો હોય છે. જ્યારે આ સ્રોત સુકાવા લાગે ત્યારે તે એકલતા અનુભવવા લાગે છે. આ એકલતા તેને ભીડમાં પણ સતાવે છે.

સમાજમાં પુરુષને હંમેશાં 'પથ્થર' જેવો મજબૂત રહેવાની તાલીમ આપવામાં આવે છે. તે પોતાની ભાવનાઓ વ્યક્ત કરી શકતો નથી. પિતાની માંદગી વખતે હોસ્પિટલના બિલ ભરવાથી લઈને ડોક્ટરો સાથે વાત કરવા સુધીની તમામ દોડધામમાં તે મક્કમ દેખાય છે, પણ અંદરખાને તે ધ્રૂજતો હોય છે. તેને ડર લાગે છે કે જો પિતાને કંઈ થઈ જશે તો ઘરની પરંપરાઓ કોણ સાચવશે?

તહેવારોમાં વડીલની ખોટ કોણ પૂરશે? અને સૌથી મહત્ત્વનું, તેની ભૂલોને માફ કરનારું નિઃસ્વાર્થ હૃદય બીજે ક્યાં મળશે? પત્ની અને બાળકો સાથેનો પ્રેમ શરતી હોઈ શકે છે અથવા તેમાં અપેક્ષાઓ હોય છે, પણ માતા-પિતાનો પ્રેમ એકમાત્ર એવી જગા છે જ્યાં તેણે કશું સાબિત કરવાનું હોતું નથી. આ 'બિનશરતી સ્વીકાર'ના આશ્રયસ્થાનને ગુમાવવાનો ડર જ તેને સૌથી વધુ પીડે છે.

ચાળીસીના ગાળામાં આસપાસના મિત્રો કે સંબંધીઓનાં માતા-પિતાના નિધનના સમાચાર અવારનવાર મળતા રહે છે. આ સમાચાર પુરુષ માટે માત્ર માહિતી નથી હોતા, પણ એક ચેતવણી જેવા હોય છે. તે દરેક અંતિમ સંસ્કારમાં પોતાની જાતને ઊભેલી જુએ છે.

તે વિચારે છે કે જ્યારે તેના પર આ પહાડ તૂટી પડશે ત્યારે તે કેવી રીતે સંભાળશે? ઘણીવાર પુરુષ આ ડરને છુપાવવા માટે વધુ પડતા કામમાં ડૂબી જાય છે અથવા ગુસ્સામાં પરિવર્તિત થઈ જાય છે, પણ મૂળમાં તો તે અસુરક્ષાની લાગણી જ હોય છે. માતા-પિતાની સેવા કરવામાં જે સંતોષ મળે છે તેની સામે તેમને ગુમાવવાની કલ્પના જ હૃદયને કંપાવી દે તેવી હોય છે.

ચાળીસીના પુરુષ માટે માતા-પિતાને ખોવાનો ડર એ માત્ર એક વ્યક્તિને ગુમાવવાનો ડર નથી, પણ તે તેની જિંદગીના સૌથી નિખાલસ અને પવિત્ર પ્રકરણના અંતનો ડર છે. તે પોતાની ઓળખ, પોતાનો ભૂતકાળ અને પોતાની સુરક્ષાના અંતિમ કિલ્લાને બચાવી રાખવાની એક નિષ્ફળ પણ ભાવનાત્મક લડાઈ લડતો હોય છે.

આ ડર તેને અંદરથી નરમ બનાવે છે અને કદાચ એટલે જ આ ઉંમરે પહોંચ્યા પછી પુરુષ પોતાના પિતા સાથે વધુ નિકટતા અનુભવવા લાગે છે અને તેમની વાતોમાં સચ્ચાઈ દેખાવા લાગે છે.

જીવનની ભાગદોડમાં ભલે ગમે તેટલી સિદ્ધિઓ મળે, પણ માતા-પિતાના આશીર્વાદનો હાથ હટી જવાનો ભય એ જ પુરુષના જીવનનો સૌથી મોટો માનસિક સંઘર્ષ બની રહે છે. આ ડરમાંથી મુક્તિ નથી, પણ માતા-પિતા સાથે વિતાવેલી દરેક ક્ષણને જીવી લેવી એ જ તેનો એકમાત્ર વ્યવહારુ ઉપાય છે. ■



# ડિયર હની... તારો બન્ની

પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## આ માનસિકતા ક્યારે બદલાશે?

ડિયર હની,

આપણે કયા યુગમાં જીવીએ છીએ? વિજ્ઞાને આટલી બધી પ્રગતિ કરી લીધી, અને એના આવિષ્કારોએ આજે આપણા જીવનને કેટલું સરળ બનાવી દીધું છે! છેલ્લાં ૫૦ વર્ષમાં કેટલો બધો બદલાવ આવી ગયો છે... જોકે, એક વાતે બદલાવ નથી આવ્યો અને એ છે. પુરુષપ્રધાન સમાજની માનસિકતા. આજે પણ મોટાભાગનો પુરુષ વર્ગ એવું માને છે કે, સ્ત્રીએ ઘર સંભાળવું જોઈ.... પુરુષની વાત સ્ત્રીએ માનવી જોઈએ...આશ્ચર્યની વાત તો એ છે આજની યુવા પેઢી પણ ઘણા ઓછા અંશે આ વાતને માને છે અને આ પરમ્પરા અને પ્રગતિ વચ્ચેનો સઘર્ષ બની ગયો છે.

આ વાત હું એમ જ કહેતો નથી. તાજેતરનાં વર્ષોમાં થયેલાં વિવિધ સર્વેક્ષણોમાં એવું જોવા મળ્યું છે કે, પુરુષ માનસિકતામાં હજુ એટલો બદલાવ આવ્યો નથી. એક સામાન્ય માન્યતા છે કે શિક્ષણ વધતા સમાનતા વધશે, પરંતુ સર્વેના આંકડા કંઈક અલગ સૂચવે છે. નેશનલ સોસાયટી ઓફ એલાઈડ હેલ્થ (NSAH)નાં સર્વે મુજબઃ ભારતમાં ૧૫ થી ૨૯ વર્ષના લગભગ ૪૫ ટકા પુરુષો માને છે કે જો પત્ની ભૂલ કરે તો પતિનો તેના પર ગુસ્સો કરવો કે હાથ ઉપાડવો (અમુક સંજોગોમાં) વાજબી છે. આ આંકડો આઘાતજનક રીતે શિક્ષિત યુવાનોમાં પણ નોંધપાત્ર છે. મતલબ કે ડિગ્રીઓ વિચારવાની શક્તિ આપે છે, પણ વર્ષો જૂના સંસ્કારો કે 'કન્ડિશનિંગ' બદલવામાં નિષ્ફળ રહે છે.

પ્યુ રિસર્ચનાં તારણો મુજબ ભારતીય યુવાનોમાં લગભગ ૮૦ ટકા લોકો એવું માને છે કે જ્યારે નોકરીઓ ઓછી હોય, ત્યારે પુરુષોને સ્ત્રીઓ કરતાં વધુ પ્રાધાન્ય મળવું જોઈએ. એટલું જ, ૬૦ ટકાથી વધુ યુવાન પરિણીત પુરુષો હજુ પણ એવું માને છે કે ઘરના મોટા આર્થિક નિર્ણયો લેવાનો અંતિમ અધિકાર પુરુષનો જ હોવો જોઈએ. આધુનિક યુવાનો સ્ત્રીઓને નોકરી કરવાની છૂટ તો આપે છે, પણ ઘરકામમાં મદદ કરવાની માનસિકતા હજુ કેળવાઈ નથી. એક સર્વે મુજબ ભારતીય યુવાન સ્ત્રીઓ દિવસમાં સરેરાશ ૫ થી ૬ કલાક અ-વેતન ઘરકામ કરે છે, જ્યારે તેટલી જ ઉંમરના પુરુષો માત્ર ૩૦ થી ૪૫ મિનિટ ફાળવે છે. યુવાનો માને છે કે 'મારી પત્ની કમાતી હોય તો વાંધો નથી, પણ મારે રસોઈમાં મદદ કરવી પડે' એ વિચાર હજુ પણ ઘણાને સ્વીકાર્ય નથી.

આજના યુવાનો સોશ્યલ મીડિયા પર સમાનતાની પોસ્ટ મૂકે છે, પણ અંગત જીવનમાં પિતૃસત્તાક મૂલ્યોને જ વળગી રહે છે. હા, જો કોઈ યુવાને બાળપણથી તેની માતાને માત્ર ત્યાગ અને સેવા કરતા જ જોઈ હોય, તો તે અજાણતા જ તેની પત્ની કે સહકર્મી પાસે પણ એ જ અપેક્ષા રાખશે. ઓફિસમાં પણ યુવાન મેનેજરો સ્ત્રી સહકર્મીઓને 'ભાવુક' અથવા 'કૌટુંબિક જવાબદારીઓ' વાળીગણીને મોટા પ્રોજેક્ટ્સ આપતા અચકાય છે. અને આ મુદ્દે સ્ત્રીઓનો વાંક ઓછો નથી. એમાં તારા જેવી માત પણ આવી જાય છે. તમે ય દીકરા અને દીકરી વચ્ચે ભેદભાવ કરતા રહો છો. બંને માટે જુદા જુદા નિયમો રાખો છો. દીકરી કરતાં દીકરાને વધુ આઝાદી આપો છો. દીકરી કમાતી થાય એવું તો તમે ઈચ્છો છો પણ સાથે એ રસોઈ કળામાં નિપુણ રહે એ તો ફરજિયાત માનો છો, પણ દીકરાના કિસ્સામાં એ વાત લાગુ પડતી નથી. કેમ દીકરો રસોઈ કળા ના શીખે? આજે દીકરાઓ બહાર જોબ કરવા જાય છે તો તો કેમ રસોઈ શીખે છે? આ તો મજબૂરી છે , પણ એને દીકરી સાથે સમાન્ય રસોઈ ઘરમાં કેમ શીખવાતી નથી? અને એને બાળપણથી જ એવી શીખ મળવી જોઈએ કે, દીકરી અને દીકરા બંનેના અધિકારો સમાન છે.

આજે મોટાભાગના ઘરોમાં પુરુષ મહિલા સભ્ય પર ગુસ્સે થાય તો એ ચલાવી લેવાય છે, પણ સ્ત્રી કોઈ પુરુષ પર ગુસ્સે થઇ કઈ બોલી જાય તો બબાલ થઇ જાય છે. 'થપ્પડ' ફિલ્મમાં 'બસ, એક થપ્પડ હી તો હૈ' તે એ ફિલ્મનો આ સૌથી મહત્ત્વનો ડાયલોગ છે. સમાજ અને ઘરના વડીલો (અને ઘણીવાર યુવાનો પણ) એવું માને છે કે જો પતિ-પત્ની વચ્ચે બધું બરાબર ચાલતું હોય, તો એકાદ વાર હાથ ઉપાડવો એ મોટી વાત નથી. પ્રેમનો અર્થ એ નથી કે સામેની વ્યક્તિ તમારા આત્મસન્માનને ઠેસ પહોંચાડે.

રસોડામાં મદદ કરવી કે પત્નીને નોકરી કરવા દેવી એટલી જ સમાનતા નથી, પણ તેના અસ્તિત્વ અને તેના નિર્ણયોને માન આપવું એ સાચી સમાનતા છે. 'થપ્પડ' ફિલ્મમાં પતિને છેક સુધી એ સમજાતું નથી કે તેણે શું ખોટું કર્યું છે. તે માને છે કે તેણે રસોડામાં મદદ કરી કે ફરવા લઈ ગયો એટલે થપ્પડની માફી મળી ગઈ. આ ગિલ્ટ (ગુનાહિત ભાવ) નો અભાવ એ જ અસમાનતાનું મૂળ છે. પરિવર્તન માત્ર કાયદા કે સૂત્રોથી નહીં, પણ એ 'અનલર્નિંગ' (જૂનું ખોટું શીખેલું ભૂંસી નાખવું)થી આવશે. જ્યાં સુધી ઘરના કામની વહેંચણી સમાન નહીં થાય, ત્યાં સુધી બહારની દુનિયામાં સમાનતા કેવળ એક આંકડો બનીને રહી જશે.

તારો બન્ની

# સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

## આવાં તે કેવાં સંતાન?

### આ વાંચીને તમને પણ થશેઃ લયાનત છે એમનાં પર...

સંયુક્ત કુટુંબ તૂટી રહ્યા છે. સંતાન માતા-પિતા સાથે રહેવા તૈયાર નથી. તાજેતરમાં જ એક જાણીતા એસ્ટેટ એજન્ટે કહ્યું કે, 'હું હેરાન છું. દીકરો મા-બાપ સાથે રહેવા તૈયાર નથી. એક જ સોસાયટીમાં આજુબાજુના ફ્લેટમાં કે પછી ઉપર નીચેના ફ્લેટમાં અથવા એકાદ બે મકાન દૂર રહે છે. મારા ક્લાયન્ટ્સની આવી માંગ હોય છે. મા-બાપનો ત્રણ બેડરૂમનો મોટો ફ્લેટ વેચીને પરાંમાં બે નાના ફ્લેટમાં રહેવા જાય છે. પરદેશ કે પછી કામ ધંધાર્થે બીજા શહેરમાં રહેતા હોય તો ઠીક, નહીં તો સાથે રહેવા છતાં એકબીજાથી દૂર થતા જાય છે.

ચાલો, શાંતિથી છૂટા થઈ જાય ત્યાં સુધી તો ઠીક છે, મા-બાપને હેરાન ન કરે ત્યાં સુધી વાંધો નથી, પણ મા-બાપ માટે જરાય લાગણી ન હોય એ કેવી વાત છે? જે મા-બાપે આંગળી પકડીને ચાલતા શીખવ્યું, પેટે પાટા બાંધીને ઉછેર્યા તેમના માટે બિલકુલ ભાવ, માન-સન્માન કશું જ નહીં? માતા-પિતા પાસેથી બધું છીનવીને વૃદ્ધાશ્રમમાં ધકેલી દેતા જરાય શરમ ન આવે? જરાય ગિલ્ટી ફિલ નહીં થતું હોય? આજે એવી જ વાત વાચકો સાથે કરવી છે.

એક વૃદ્ધાશ્રમના સંચાલક પાસેથી જાણવા મળેલી આ વાચ વાંચીને તમારી આંખમાં આંસુ ન આવે તો કહેજો. સંચાલકની વાત સાંભળીને મારી આંખમાં આંસુ આવ્યા ત્યારે સંચાલકે એટલું જ ઉમેર્યુંઃ

'અમારા માટે આ નવી નવાઈની વાત નથી. અમારે ત્યાં તો અવારનવાર આવું બનતું જ રહે છે. સંચાલકની વાત સાંભળીને વધારે નવાઈ લાગી. સાવ આવું? આટલી હદે સંતાનો સંસ્કાર વિહોણાં, લાગણી વિહોણાં થઈ ગયા છે?

વૃદ્ધાશ્રમના સંચાલકે જણાવ્યા મુજબ મંજુબહેનને તેમનો દીકરો વૃદ્ધાશ્રમમાં મૂકી ગયો. દીકરાનું કહેવું હતું કે મંજુબહેનનો સ્વભાવ કચકચિયો છે, જેને કારણે ઘરમાં ઝઘડા થાય છે. દીકરાની વહુ સાથે જરાય ફાવતું નથી. માને ઘરમાં સાથે રાખી શકાય તેમ જ નથી. મંજુબહેનનું મોઢું પડી ગયું હતું. પતિનું અવસાન તો બે વર્ષ પહેલાં જ થઈ ગયું હતું. દીકરો ઘરમાં રાખવા તૈયાર ન હતો. વૃદ્ધાશ્રમમાં રહેવા સિવાય મંજુબહેન પાસે બીજો રસ્તો જ ક્યાં હતો? મંજુબહેન તો વૃદ્ધાશ્રમમાં ધીમે ધીમે સેટ થવા લાગ્યા. દીકરો કહેતો હતો મંજુબહેન કચકચિયા છે, ઝઘડાળુ છે પણ એવું તો કાંઈ હતું નહીં.



AI

મંજુબહેન વૃદ્ધાશ્રમમાં બધાંની સાથે હળીમળીને રહે છે. કોઈ સાથે કચકચ કે માથાઝીંક કરતા નથી. ભગવાનનું નામ જપે છે. વૃદ્ધાશ્રમમાં થતા કાર્યક્રમોમાં ઉમળકાથી ભાગ લે છે. દીકરો સાવ ખોટું બોલીને માને વૃદ્ધાશ્રમમાં મૂકી ગયો હતો. વૃદ્ધાશ્રમના સંચાલકને કાંઈ નવાઈ લાગતી નથી, કારણ કે તેમને અનુભવ છે કે આ દીકરાઓ મા-બાપને અહીં મૂકવા આવે ત્યારે મા-બાપના વાંક બતાડીને જ મૂકી જાય છે. શું કરે? પોતાના કે પોતાની પત્નીના વાંક થોડા બતાવે? મા-બાપથી પીછો છોડાવવો હોય તો આવું બધું બોલવું જ પડે.

મંજુબહેન થાળે પડી ગયાં હતાં . વૃદ્ધાશ્રમમાં બધું બરાબર ચાલતું હતું. ક્યારેક ઘરની, દીકરાની, પૌત્ર-પૌત્રીઓની યાદ આવી જતી ત્યારે આંખમાં આંસુ આવી જતા હતા. મંજુબહેનને એક દીકરી પણ છે. દીકરીની, એના સંતાનોની યાદ પણ મંજુબહેનને આવે છે. પણ એ સંતાનોને ક્યારેય મંજુબહેનની યાદ આવતી નથી. કોઈ ક્યારેય તેમને ફોન કરતા નથી. વૃદ્ધાશ્રમમાં રહેતા કેટલાક વૃદ્ધો ઘરેથી ક્યારેક ક્યારેક પરિવારજનોના ફોન આવે છે, ક્યારેક કોઈના સંતાનો કે સગાંસંબંધી મળવા પણ આવે છે એ જોઈને મંજુબહેનને દુઃખ થાય છેઃ 'મને કોઈ ફોન કરતું નથી, મળવા આવતું નથી.. ' . તેમને ઓછું આવે છે : ; મેં કોઈનું શું બગાડયું છે? ઊલટાની ઘરમાં હતી ત્યારે વહુને કેટલી મદદ કરતી હતી તોય એને હું ગમતી ન હતી. મેં ક્યારેય ઊંચા સાદે વહુને કશું કહ્યું નથી, તો પણ હું કેમ તેને અળખામણી લાગતી હતી.,, . આ વાત મંજુબહેનને સમજાતી નથી. પછી તે પોતે જ તારણ પર આવે છે કે તેમની પાસે ધન નથી એ જ કારણ હશે. પતિએ પૈસો, પૈસો ભેગો કરીને લીધેલ ઘર પર તો દીકરાએ કબજો કરી જ લીધો છે. મારા દાગીના વેચીને દીકરા-દીકરીને ભણાવ્યા-પરણાવ્યા. હવે મારી પાસે કાંઈ નથી. તેથી એમને હું ગમતી નથી. સ્વાર્થના સગા છે બધાં. દુઃખને મનમાં ધરબીને મંજુબહેન પોતાનો સમય પસાર કરી રહ્યા હતા. આમ તેમની જિંદગી ઠીક ઠીક ચાલતી હતી. ત્યાં અચાનક માંદગી આવી ચઢી. મંજુબહેનને કિડનીની બીમારી થઈ. ડાયાલિસિસ કરાવવું પડતું. વૃદ્ધાશ્રમમાં બધી સગવડ હતી. મંજુબહેનની સારવાર સરસ રીતે થઈ રહી હતી, પણ કાયા કૃશ થઈ ગઈ હતી. નબળાઈ આવી ગઈ હતી. વૃદ્ધાશ્રમમાં તેમના ખોરાકનું પણ ધ્યાન રાખવામાં આવતું હતું પણ મંજુબહેન સતત પોતાનાં સંતાનોને યાદ કરતા રહેતાં . મરતા પહેલા એકવાર સંતાનોને મનભર જોઈ લેવાની ઈચ્છા હતી. હા, એ મા હતી. સંતાન ગમે તેટલો ત્રાસ વર્તાવે, તોય માને સંતાનનો વાંક ન દેખાય. છોરું કછોરું થાય, માવતર કમાવતર ન થાય. વૃદ્ધાશ્રમમાંથી વારંવાર ફોન કરીને મંજુબહેનના બંને સંતાનને તેમની હાલત અને તેમની આખરી ઈચ્છાની જાણ કરતા ફોન કરવામાં આવ્યા , પણ બેમાંથી કોઈએ દરકાર ન કરી.

મંજુબહેનની હાલત વધારે લથડી ત્યારે સંચાલકે ફોન કરીને જણાવ્યું, 'બસ, હવે થોડા જ કલાકની જિંદગી છે તમારી મા પાસે. આવીને મળી તો જાવ એકવાર... પણ પથ્થર જેવું કઠણ કાળજું ધરાવતા એ સંતાન ધરાર ન આવ્યા અને સંતાનોને જોવાની ઝંખના કરતી માતા સ્વર્ગે સિધાવી.

મંજુબહેનના અંતિમ સંસ્કાર માટે દીકરાને ફોન કર્યો તેણે કહ્યું, 'તમારે જે કરવું હોય તે કરો, હું નહીં આવી શકું, મારી મજબૂરી છે.' એવી કોઈ મજબૂરી હશે કે મૃત્યુ પામેલી માતાને અગ્નિદાહ દેવા પુત્ર ન આવી શકે?

આપણે જેને વહાલનો દરિયો કહીએ છીએ એ દીકરીને સંચાલકે ફોન કર્યો તેણે કહ્યું, 'કોણ વૃદ્ધાશ્રમમાં મૂકવા આવ્યું હતું? જે આવ્યું હતું તેને જ બોલાવો. મારાથી નહીં અવાય.!'

વહાલના દરિયા જેવી દીકરી આવું કહે એ તો કળિયુગનો જ પ્રતાપને?

હવે વધુ નહીં લખી શકાય મારાથી. આંખમાં આંસુ સાથે લખ્યું છે. તમારી આંખમાં પણ આંસુ હશે જ. આવાં સંતાનો માટે મંજુબહેન જેવી એક માએ પોતાની જિંદગી ખર્ચી નાખી? ■

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

## અમે માત્ર ગ્લેમર કપલ નહીં રહેતાં વિશ્વસેવા માટે સમર્પિત યુગલ બની ગયાં


એન્જેલિના જોલી


બ્રેડ પિટ

(ભાગઃ ૫)

**નામઃ એન્જેલિના જોલી**
સમયઃ ૨૦૨૬
સ્થળઃ લોસ ફેલિઝ, લોસ એન્જલિસ, કેલિફોર્નિયા
ઉંમરઃ ૫૦ વર્ષ

વ્યક્તિ તરીકે એક માણસ શું માગે? સહુને અલગ-અલગ પ્રકારના સુખ અથવા જીતનો નશો હોય છે... આજે દરેક માણસ પૈસા, સગવડ, પ્રસિદ્ધિ, સત્તા કે સંબંધો... દરેકની કિંમત લગાવે છે, મૂલ્ય ઓછું થતું જાય છે. માણસોના સંબંધોની એકમેક સાથેની સંવેદનાને આપણે ધીરે ધીરે નજર અંદાજ કરતા થઈ ગયા છીએ. દુન્યવી વસ્તુઓમાં આપણું ચિત્ત એટલું બધું રમમાણ છે કે સાચા સંબંધોને ઓળખવાનો આપણી પાસે સમય જ નથી. એવા વિપરીત સમયમાં મને જીવનસાથી તરીકે બ્રેડ મળ્યો, એ ઈશ્વરની કૃપા છે. જીવનના ઊબડ-ખાબડ રસ્તા પર પડતી, આખડતી, અથડાતી હું જ્યાં પહોંચી ત્યાં મારી પાસે ચાર સંતાનો અને એક સમજદાર, પ્રેમાળ જીવનસાથી હતો. મારા પહેલાંના સંબંધોમાં કદાચ કોઈ કારણસર હું ગોઠવાઈ શકી નહીં. મારા પહેલા પતિ જ્હોની મિલર સાથેના સંબંધોમાં કદાચ હું બહુ નાની હતી. લગ્ન અને જવાબદારીનું મહત્ત્વ સમજી શકું એવી સ્થિતિમાં નહોતી. એ પછી બિલી બોબ સાથેના સંબંધોમાં કદાચ મારી પ્રસિદ્ધિ અને લોકપ્રિયતા નડી ગઈ. એ સાવ એકાંતનો માણસ હતો. જ્યારે હું મારી સિનેમાની કારકિર્દીને કારણે એમ સંતાઈને જીવી શકું એમ નહોતી. બિલી સાથેના સંબંધો પૂરા થયા પછી બ્રેડ મળ્યો, જે સમજી શકતો હતો કે, પ્રસિદ્ધિમાં જીવવું કેટલું અઘરું છે. એ પણ પોતાના મુશ્કેલ સંબંધોમાંથી બહાર આવ્યો હતો. મેં દત્તક લીધેલાં બાળકોને એણે પૂરા સ્નેહ અને આદરથી અપનાવ્યાં, એટલું જ નહીં લગ્ન કર્યાં વગર અમે આટલાં વર્ષ સાથે રહ્યાં એ દરમિયાનમાં એકમેકને સમજી શક્યાં અને એટલે જ અમે નક્કી કર્યું કે અમે એક બાયોલોજીકલ બાળકને જન્મ આપીશું. અમારી પહેલી દીકરી શિલોહનો જન્મ થયો એ પછી બે જ વર્ષમાં મેં જોડિયા બાળકોને જન્મ આપ્યો નોક્સ અને વિવિયન...

છ બાળકો સાથે અમારો પરિવાર ખૂબ સુખી અને સંતુષ્ટ હતો. બ્રેડ પોતાની કારકિર્દીમાં ઉત્તમ કામ કરી રહ્યો હતો. મને પણ પૂરી પ્રસિદ્ધિ અને સફળતા મળી રહી હતી. 'મિસ્ટર એન્ડ મિસિસ સ્મિથ' પછી 'બાબેલ' અને 'બેન્જમિન બટન' જેવી ફિલ્મો બ્રેડને ઓસ્કાર માટે નોમિનેટ તો કરી જ ગઈ, પરંતુ એક અભિનેતા તરીકે એમની એક જુદી જ ઓળખ ઊભી થઈ. એ પછી એણે નિર્માતા તરીકે કામ કરવાનું શરૂ કર્યું. ૨૦૦૫થી ૨૦૧૪ સુધીનો અમારો સમય ફ્રાન્સ, ન્યૂઓર્લેન્સ, કમ્બોડિયા અને યુ.કે.માં વિત્યો. આફ્રિકા અને મિડલ ઈસ્ટના પ્રવાસો દરમિયાન બ્રેડ હંમેશાં મારી સાથે સામાજિક કાર્યો અને માનવીય સેવાનાં કામો કરતો રહ્યો. મારે એક વાત સ્વીકારવી જોઈએ કે, દરેક વ્યક્તિને જીવનમાં આટલું બધું મળતું નથી. ખૂબ મહેનત કરનારા લોકો પણ જીવનમાં પોતાના ઈચ્છિત ધ્યેયને પામી શકતા નથી, જ્યારે હું પાછી ફરીને જોઉં છું તો મને સમજાય છે કે ૨૦૦૦માં ઓસ્કાર જીત્યા પછી વિશ્વના ૮૧ ટકા લોકો મને ઓળખતા હતા. ૨૦૦૬માં એક સર્વે કરવામાં આવ્યો. જેમાં વિશ્વના ૧૨૮ દેશોમાં ઉત્પાદનોને સમર્થન કરનારા (એન્ડોર્સમેન્ટ) સ્ટાર્સમાં પહેલા પચાસમાં મારું અને બ્રેડનું નામ હતું. ૨૦૦૬-૦૭-૦૮ અને ૦૯માં સળંગ દર વર્ષે દુનિયાના ૧૦૦ સૌથી પ્રભાવશાળી (ઈન્ફ્લ્યુએન્શલ) લોકોની યાદીમાં મારું અને બ્રેડનું નામ સામિલ કરવામાં આવ્યું. ૨૦૧૦માં અમે જાતે જ વિનંતી કરીને આ લિસ્ટમાંથી નામ કઢાવી નાખ્યું. ૨૦૦૬ના પિપલ મેગેઝિનના '૧૦૦ મોસ્ટ બ્યૂટીફુલ' લોકોની યાદીના ખાસ અંકમાં મને બીજા ક્રમે મૂકવામાં આવી. ૨૦૦૭માં ગ્રેટેસ્ટ સેક્સ સિમ્બલ અને ૨૦૦૮થી ૨૦૧૨ સુધી વિશ્વમાં સૌથી વધુ પારિશ્રમિક મેળવનારી અભિનેત્રી તરીકે હું નોમિનેટ થઈ. હું ૧૫ મિલિયન પ્રતિ ફિલ્મ ચાર્જ કરતી હતી અને નિર્માતાઓ એથી વધુ પણ આપવા તૈયાર હતા...

૨૦૧૦ પછી મેં ફિલ્મો પસંદ કરવામાં સાવચેતી રાખવાનું શરૂ કર્યું. હવે હું અને બ્રેડ અમારા પરિવાર સાથે એવી જગ્યામાં પહોંચ્યા હતા જ્યાં પૈસાનું ખાસ મહત્ત્વ નહોતું. અમે સાથે મળીને એક વિલા ખરીદી. જે શાંત અને ફોરેસ્ટ વિસ્તારમાં હતી. ફ્રાન્સના કોરેન્સ વિસ્તારમાં ૬૦ મિલિયનમાં ખરીદેલી આ પ્રોપર્ટી લગભગ ૧૦૦૦ એકર જમીન ધરાવે છે. ૩૫ રૂમવાળા આ હિસ્ટોરીક શેટ્યૂ (મહેલ)માં ચેપલ પણ છે. અહીં ઓલિવના વન છે અને નાનકડી વાઈનરી છે. એ વાઈનરીને અમે મિરાવલ વાઈન્સના બિઝનેસ સાથે શરૂ કરી. અમે બંને ક્રિએટીવ છીએ, શોખીન છીએ એટલે બ્રેડ જાતે વાઈન બનાવવામાં રસ લેતો. હું પણ સમય સમયાંતરે આ વાઈનરીમાં, ઓલિવના ઉછેરમાં અને મહેલના રિનોવેશનમાં ધ્યાન આપતી. માત્ર અમારા માટે ખરીદવું કે અમારા જ સુખનો વિચાર કરવો એ અમારી પ્રકૃતિ નથી. ફ્રાન્સમાં અમે 'મેક ઈટ રાઈટ ફાઉન્ડેશન'ની શરૂઆત કરી. સસ્ટેનેબલ ઘરો સસ્તા ભાવે લોકોને મળી રહે એ માટે કામ કર્યું. અમેરિકા ઈકો ફ્રેન્ડલી ઘરો ખરીદ્યા. અનાથ આશ્રમ બનાવડાવ્યા, જેને શેલ્ટર હોમ કહેવાને બદલે અમે 'લવ નેસ્ટ' નામ આપ્યું. યુદ્ધનાં શરણાર્થી બાળકોને યોગ્ય શિક્ષણ અને ઉછેર મળે એવા ઉદ્દેશ્યથી શરૂ કરાયેલા આવા હોમ્સ અમેરિકા, કમ્બોડિયા, મિડલ ઈસ્ટ અને આફ્રિકામાં અનેક જગ્યાએ ઊભાં કર્યાં.

અમે માત્ર ગ્લેમર કપલ નહીં રહેતાં વિશ્વસેવા માટે સમર્પિત યુગલ બની ગયાં. બ્રેડને પત્રકારત્વ ભણવું હતું, પરંતુ ત્યાંથી અભિનય તરફ વળતાં એની એ ડિગ્રી અધૂરી રહી ગઈ. એને વિશ્વના કરંટ અફેર સાથે જોડાયેલા રહેવું ગમે છે. સિરિયા, સુદાન, ઈરાન, પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં ૬૦થી વધારે રેફ્યુઝી મિશન દરમિયાન બ્રેડ જાતે હાજર રહ્યો. 'ડોક્ટર વિધાઉટ બોર્ડર્સ' એક એવું ચેરિટી મિશન હતું, જેમાં વિશ્વના કોઈપણ ડોક્ટરને એક દેશમાંથી બીજા દેશમાં મદદ માટે જવાની છૂટ હતી. આ ચેરિટી યુનાઈટેડ મિશનમાં વિશ્વના અનેક જાણીતા અને મોટા ડોક્ટર્સે પોતાનું નામ નોંધાવ્યું. કોઈપણ ડિઝાસ્ટર કુદરતી આફતની સામે મદદ મળી રહે એ માટે બ્રેડ અને મારા જોઈન્ટ એકાઉન્ટમાંથી અમે એક મોટી કોર્પસ ઊભી કરી. વિશ્વના કોઈપણ દેશમાં કુદરતી આફત વખતે આ પોસ્ટ ડિઝાસ્ટર રિલીફ ફંડમાંથી મદદ મોકલવામાં આવે છે. અભિનેતા અને સુપર સ્ટાર હોવા છતાં ગ્લેમરને બદલે આવા યુદ્ધનાં મેદાનો પર જાતે હાજર રહીને એણે પુરવાર કરી દીધું કે માણસ હોવું એ આપણા સહુની પહેલી ઓળખાણ અને લાયકાત છે.

મારી માને બ્રેસ્ટ કેન્સર હતું. મારી માસીઓ અને અમારા પરિવારમાં પણ બ્રેસ્ટ કેન્સરની પરંપરા ચાલી આવે છે. બીઆરસીએ-૧ જીન રિસ્ક આજની સ્ત્રીઓ માટે બહુ મોટો પ્રશ્ન છે. એક અભિનેત્રી તરીકે મેં જ્યારે ડબલ માસ્ટેક્ટોમી (બંને સ્તન રીમુવ કરાવવાની સર્જરી) કરાવી ત્યારે સહુને લાગતું હતું કે મારી લોકપ્રિયતામાં અને મારી ગ્લેમરમાં ફરક પડશે, પરંતુ એનાથી કોઈ ફરક પડ્યો નહીં. બલ્કે મોટી વાત એ થઈ કે મને બ્રેસ્ટ કેન્સર અવેરનેસ માટે અનેક જગ્યાએથી આમંત્રણો આવ્યાં. વુમન હેલ્થની રિપ્રેઝન્ટેટીવ તરીકે લોકોએ મને સ્વીકારી એટલું જ નહીં એ માટે પહેલ કરવા બદલ મને સન્માન મળ્યું.

આટલો સુંદર સંબંધ હોય ત્યારે કોણ એવું ન ઇચ્છે કે આ સંબંધને વધુ ગાઢ અને મજબૂત કરવામાં આવે? ૨૦૧૨માં બ્રેડે જાતે કસ્ટમાઈઝ્ડ ડિઝાઈન કરેલી વીંટી સાથે મને પ્રપોઝ કર્યું. વિશ્વભરના મીડિયામાં આ સંબંધના 'ઓફિશિયલ' થવા અંગે એક ઉન્માદ ફેલાઈ ગયો. 'બ્રેન્જેલિના'ની જોડી હવે પોતાના સંબંધોને કાયમી અને લિગલ સ્વરૂપ આપી રહી છે એ વાતે પ્રશંસકો પણ ખુશ હતા. ૨૦૧૪માં અમારા ફ્રાન્સના શેટ્યૂ (મેન્શન-મહેલ)માં એક સાદા સમારંભમાં અમે લગ્ન કર્યાં... મીડિયાને આ લગ્નથી દૂર રાખવામાં આવ્યું હતું. માત્ર ખાસ આમંત્રિત મેગેઝિનના ફોટોગ્રાફર્સ જ અંદર પ્રવેશી શકે એવી સુરક્ષા વ્યવસ્થા સાથે આ લગ્ન થયાં. અહીંથી કદાચ અમારા દુર્ભાગ્યની શરૂઆત થઈ. ૨૦૦૫થી ૨૦૧૪ સુધીમાં અમે એકસૂર, એકરાગ હતાં. એકમેકના કામમાં સાથ આપતાં, એકમેકની લાગણીઓને સન્માન આપતાં, પરંતુ ૨૦૧૪ પછી કોણ જાણે શું થયું કે અમારા લગ્ન થયાં પછી અમારો સંબંધ ગૂંચવાઈ ગયો.


૨૦૧૫માં એક પ્રાઈવેટ જેટમાં પ્રવાસ વખતે મારા સંતાન મેડોક્સ સાથે બ્રેડ એકદમ ખરાબ રીતે વર્ત્યો. એના પર હાથ ઉપાડવાની કોશિશ કરી એટલું જ નહીં, મારી સાથે પણ અત્યંત અપમાનજનક વર્તન કર્યું. એ જ ક્ષણે મેં મનોમન નક્કી કરી લીધું કે હું જે બ્રેડને ચાહતી હતી તે આ નથી. ૨૦૧૫ના અંતમાં અમે ડિવોર્સ માટેનો કેસ ફાઈલ કર્યો. બાળકોની કસ્ટડી, વાઈનરીની માલિકી અને ઉછેરના રાઈટ્સ વિશે કોર્ટમાં ઘણો વિવાદ થયો. બ્રેડના વર્તન વિશે કોર્ટમાં કશું સાબિત થઈ શક્યું નહીં. બ્રેડે કોર્ટમાં કહી દીધું કે, એણે કોઈ બાળક સાથે ખરાબ વર્તન કર્યું નથી. મારી ફરિયાદની ચાઈલ્ડ પ્રોટેક્ટિવ સર્વિસ અને એફબીઆઈએ ઈન્કવાયરી કરી, પરંતુ અંતે કંઈ સાબિત ન થઈ શકતા બ્રેડ નિર્દોષ છૂટ્યો. અમે બાળકોની કસ્ટડી સહિયારી રાખી. મિરાવાલ વાઈનરીની માલિકી બ્રેડ પાસે ગઈ, જ્યારે શેટ્યૂ મારી માલિકીમાં રહ્યો.

પછીનાં થોડાં વર્ષો બાદ બ્રેડે એક ઈન્ટરવ્યૂમાં સ્વીકાર્યું કે આલ્કોહોલની અસર નીચે એ ભાન ભૂલી ગયો હતો. એણે મારી માફી પણ માગી, પરંતુ પછી કશું બદલાઈ શકે એમ નહોતું. અઢી વર્ષની લાંબી કાનૂની લડાઈ પછી ડિવોર્સ થયા. ૨૦૨૨ સુધી ચાલેલા લિગલ યુદ્ધ પછી પ્રોપર્ટી છૂટી પડી શકી. મારાં કેટલાંક બાળકોએ એમના નામની પાછળથી 'પિટ' કાઢી નાખ્યું. ૨૦૨૪ના અંતમાં બધું શાંત થયું અને ૨૦૨૪નો ક્રિસમસ મેં મારા સંતાનો સાથે ઉજવ્યો...

(સમાપ્ત)■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

## -તો તમે મોટિવેશનલ સ્પીકર છો, એમ?




પહેલાં તમે તમારી ઓળખમાં ભૂલેચૂકે પણ એમ કહો કે હું કવિ છું, તો સામેવાળાના મ્હોં ઉપરની બદલાયેલી રેખા જોવા જેવી હોય છે. એ પછી તે ભાઈ જેમ તેમ દબાતા અવાજે કહેશે,

'એમ? તમે કવિ છો?'

એકવાર ટ્રેનમાં (તે પણ ભુસાવળ રેલવેની ધુમાડાવાળી છુકછુક ગાડીમાં) એક ભાઈ હાંફતાં હાંફતાં ચડ્યા. એક હાથમાં કાગળિયાની થપ્પી અને બીજા હાથમાં બે મોટા થેલા. એમાં એમની સાથે ભેળ વેચતો ફેરિયો અથડાયો. એટલે હાથના ફૂલસ્કેપ કાગળો ઊડીને ગમે ત્યાં પડ્યા. હાથના થેલા ઊંચકે કે કાગળો વીણે? કવિ હતા એટલે ડોળા કાઢતાં કે ગુસ્સો કરતાં પણ આવડે નહીં. ભેળવાળાએ કાગળ ઉપાડતાં પેલા ભાઈને કહ્યું, 'મને માફ કરજો. મેં તમને આવતા જોયા નહીં એટલે હું અથડાયો. તમારા કાગળ બગડી ગયા છે. એક કામ કરો, મને આપી દો. હું ભેળના પડીકાં બનાવવામાં લઈ લેવા. બદલામાં તમને પૈસા આપી દઉં!'

હવે શાંત લાગતા કવિરાજનો ગુસ્સો ઊછળ્યો. એ બોલ્યા, 'આ મારી જીવનભરની મૂલ્યવાન પૂંજી છે. કેટલાં વર્ષોની તપસ્યા છે અને કેટલી રાતોના ઉજાગરા છે. તપસ્યા કરવી પડે ત્યારે માંડ કવિતા અવતરે છે. કવિતા કંઈ રસ્તામાં સસ્તા ભાવે મળતી નથી. સમજ્યા?'

ભેળવાળો તો કવિનો પ્રલાપ સાંભળીને ઠંડોગાર થઈ ગયો. એણે એનું માથ ખંજવાળ્યું. અમે પેલા ભાઈને બેસાડ્યા. જેવી બેઠક મળી કે તરત કવિએ એમના કાગળો માથે અડાડ્યા અને ભેળવાળાને કહ્યું, 'તેં મારા કાગળ ઉડાડ્યા એ બદલ તને માફ કરું છું, પણ બદલામાં તારે મારી કવિતા સાંભળીને તારો અભિપ્રાય આપવો પડશે. સમજ્યો?' એ સાથે કવિએ ગળું ખંખેર્યું અને માઇક ઉપર બોલતો હોય એમ, 'ભાઈઓ તથા બહેનો... આપણે સહુ એક જ ડગરના મુસાફિર છીએ...'

ભેળવાળાએ પૂછ્યું, 'આ ડગર એટલે શું? અહીં તો કોઈ ડગરો (ઢેફું, પથરો) દેખાતો નથી.'

'જુઓ ભાઈઓ તથા બહેનો, હું કવિ છું, સિંગર છું, કથાકાર છું, શિક્ષક છું અને મોટિવેશનલ સ્પીકર તેમ જ પોઝિટિવ થિંકિંગમાં માનનારો અને એનો પ્રચાર - પ્રસાર કરનારો એક ઉત્તમ વક્તા છું...'

આ સાંભળી નંદરબાર લોકલ ટ્રેનમાં અડધા ઊંઘતા જાગતા એવા પાટિયા પર સૂતેલા ભાઈએ પૂછ્યુંઃ

'આટલા બધા ઍવોર્ડ તમને કેવી રીતે મળ્યા? કશે પૈસા આપીને વેચાતા મળે છ કે શું?'

ફરી પેલા શિક્ષક કમ સ્પીકરભાઈનું મગજ ફાટફાટ થવા લાગ્યું. એટલે એમણે ઊભા થઈને થોડા ગુસ્સામાં કહેવાનું શરૂ કર્યું,' ભાઈઓ, ઉપર ઊંઘતા - જાગતા ભાઈ ઊંઘતા જ રહે તો આપણને સહુને મજા આવશે. સાથે મારાં જીવનની સત્ય વાતોમાંથી હું જે શીખ્યો છું એ વાતો તમને કહી શકીશ. હે પ્રભુ! આ ઉપરવાળા ભાઈને ખબર જ નથી કે એ બીજા સાથે શું કરી રહ્યા છે. જ્યારે તમને કોઈ વાતમાં સમજ નહીં પડે ત્યારે મૌન ધારણ કરવું જોઈએ. આવા તુચ્છ પ્રશ્ન કરી કરીને તમે ક્યાં સુધી બ્રેક મારશો? જેમ કે નાની-નાની વાતે ટ્રેનને બ્રેક મારવાથી રેલવેને કેટલુંક નુકસાન તો થાય જ, ઉપરથી કેટલા બધા લોકો પોતાનાં ગંતવ્ય

સ્થાને મોડા પહોંચે છે. માટે બી પોઝિટિવ. જીવનમાં પોઝિટિવિટી તમને મૌન અને શાંતિ જાળવવાનું શીખવે છે. બીજું, જ્યાં સુધી વાતના દરેક પહેલુની તમને ખબર ન હોય ત્યાં સુધી એ વાતમાં વચ્ચે ડબકા મૂકવા નહીં. જેમ કે ઉપર સૂતેલા અડધા ઊંઘતા ભાઈએ સૂતાં સૂતાં જ

પ્રશ્ન પૂછ્યો કે શું તમે ઍવોર્ડ વેચાતા લીધા છે? હાલાંકિ એ ભાઈને ખબર જ નથી કે મને હજી સુધી એક પણ ઍવોર્ડ મળ્યો નથી. એટલે પહેલાં સમગ્રતયા જ્ઞાન પ્રાપ્ત કરો, એ પછી જ તમે પ્રશ્ન પૂછવાના અધિકારી બનો છો..... અધૂરો ઘડો છલકાય ઘણો એવું કંઈક આ ભાઈના પ્રશ્નો દ્વારા પ્રતિપાદિત થાય છે.'

ઉપરવાળા ભાઈએ ફરી બગાસાં ખાતાં ખાતાં પૂછ્યું, 'પ્રિતપાદિતનો અર્થ જરા સમજાયો નહીં.'

'આમ તો તમે ઊંઘી જાઓ એમાં જ આ પેસેન્જરોનું ભલું છે. છતાં તમે મારામાં થોડો રસ ધરાવો જ છો, તો મારે તમને મારું જ્ઞાન આપવું જ રહ્યું. તો સાંભળો. 'પ્રતિપાદિત'નો અર્થ થાય છે સમજાવું... તો પછી મારી માર્મિક વાતો, પોઝિટિવિટીની વાતો, સુજ્ઞ માર્મિક કવિતાઓ ક્યાંથી સમજાવાની? એક કામ કરો. તમ તમારે ચાદર ઓઢીને ઊંઘી જાવ. જો કે મારે મારી કવિતાઓનું વાંચન કરીને પુસ્તકોથી વિમુખ થઈ રહેલા લોકોને કવિતા દ્વારા મારા હૃદયની વાત પહોંચાડવી હતી. કવિનો આ મુખ્ય અને ઉમદા ધર્મ છે....'

ફરી ઉપરવાળાએ બગાસાં ખાતાં પ્રશ્ન પૂછ્યો, 'તે આ વિમુખ થવું એટલે શું? કવિરાજ?'

'એટલે એક કવિ તરીકે અને મોટિવેશનલ સ્પીકર તરીકે મારે તમને 'વિમુખ'નો અર્થ બરાબર સમજાવવો જ રહ્યો. નહીંતર મારું શિક્ષકત્વ પણ લાજે'

'ઓહોહો...! તમને તો ઍવોર્ડ જ એટલા મળ્યા છે, એટલે તમારે દરેકે દરેક શબ્દનો અર્થ સમજાવવો જ રહ્યો. ફરી કહું છું ભાઈ, આ શિક્ષક, કવિ, સ્પીકર એ બધાને તમે હજી ઉપાધિ કહો, ડિગ્રી કહો તો ચાલે, પણ ઍવોર્ડ તો ના જ કહેવાય. સમજ્યા?'

'જુઓ ભાઈ, મારી પત્નીને મારી સાથે નહીં ફાવ્યું એટલે એ મારાથી છૂટી પડી ગઈ.

(કવિતાને મોટિવેશનલ સ્પીચ આપી આપીને અધમૂઈ કરી નાખી હશે.) એટલે કે વિમુખ થઈ ગઈ... મ્હોં ફેરવી ગઈ..!'

ત્યાં નીચેથી અને ઉપરથી ઊંઘવાના ઘરઘરાટા સંભળાયા. નીચે બેઠેલો ભેળવાળો ક્યારે વિમુખ થઈ ગયો એ ખબર જ ન પડી અને ઉપરવાળો ઉપરથી નીચે ઊતરતાં બોલ્યો, 'ચાલો ત્યારે. હવે હું પણ વિમુખ થઈને મ્હોં ફેરવું છું. સ્ટેશન આવે ત્યાં સુધી તમને પ્રશ્ન પૂછી પૂછીને હેરાન કર્યા. કારણ કે હું ઊંઘી જાઉં તો મારું સ્ટેશન જતું રહે. જાગવાનો એક જ ઉત્તમ ઉપાય હતો કે તમને પ્રશ્નો પૂછતા રહીને જાગતા રહેવું. હવે આ નીચે ઊંઘતાને પણ સ્પીચ આપી આપીને જગાડતા રહેજો. તમારો શિક્ષક ધર્મ અને તમારી પોઝિટિવિટી... ઉપરથી તમારી કવિતા. વાહ, કહેવું પડે... લગે રહો. પણ જોજો, તમારું સ્ટેશન જતું ના રહે કવિરાજ...!' ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

## સ્વાભિમાનનો સ્વાદ આવો અ-નોખો હોય છે...



ભૂમિ સ્કૂલમાં હંમેશાં એક જ યુનિફોર્મ પહેરીને આવતી. છઠ્ઠા ધોરણથી લઈને દસમા સુધી એની પાસે બ્લ્યુ રંગની એક જ સ્કૂલ બેગ હતી, જે ધીમે-ધીમે રંગ ઊડી જવાથી ભૂખરી થઈ ગયેલી. એ બેગ બીજા છોકરાઓ માફક માલસામાનથી લદોલદ ના હોતાં ખપ પૂરતાં પુસ્તકો અને એક લંચબોક્સને સમાવી જાણતું. નાસ્તામાંય તે વળી એક જ પ્રકારના માત્ર મીઠું-મરચું છાંટેલા ત્રણ નાના પરાઠાં સિવાય કંઈ નહીં. સહુ પોતાની બેગમાં ફ્રૂટ્સથી માંડી નિતનવી વાનગીઓથી ભરેલા મોંઘા ઈન્સ્યુલેટેડ ટિફિન લઈ આવતાં, ત્યારે ભૂમિ પોતાનો ડબ્બો તડકામાં રાખી દેતી. બપોરે રિસેસ સમય સુધી એના પરાઠાં ગરમ રહે એ માટે. અને એ પરાઠાંનો આસ્વાદ પોતે એકલી બેસીને માણતી. ક્લાસમાં સહુને ખૂબ નવાઈ લાગતી. અંદરોઅંદર બધાં ગોસિપ પણ કરતાં કે, ભૂમિ કેમ કોઈ સાથે નાસ્તો કરવા નથી બેસતી. બે-ચાર અળવીતરાં છોકરાઓ એને હેરાન કરવાં એનો ડબ્બો ઉઠાવી ભાગી જતાં. અમુક વખત એમાં રહેલા પરાઠાં ખાલી થઈને આવતાં. ભૂમિ કોઈ પ્રતિક્રિયા આપ્યા વગર ચૂપચાપ બેગમાં ડબ્બો મૂકી ચાલી જતી. શરૂઆતમાં એ ફરિયાદ કરતી, પણ બિચારીને કોઈ સાંભળતું નહીં. કાળઝાળ ગરમી હોય કે વરસતો વરસાદ કે પછી હાડ થીજાવતી ઠંડી. એ હંમેશાં ચાલીને સ્કૂલે આવતી. એ ના કોઈ સાથે બહુ વાત કરતી, ના કોઈને કંઈ પૂછતી, ના કોઈને કંઈ કહેતી. બસ,પરિણામ આવે ત્યારે એ ખૂબ સારા માર્કસે પાસ થતી એટલે બળતાંમાં ઘી હોમાતું. આમ પણ એ ક્લાસમાં સહુથી અલગ હતી. અને ભણવામાં બધાંને ધોબીપછાડ આપતી એ જોઈ સહુ કોઈ બળી મરતાં.

આમ, વર્ષોથી સાથે ભણતાં એટલે બધાં એકબીજાથી ટેવાય ગયેલા તો પણ ભૂમિ થોડી અળગી રહેતી. શા માટે એનો જવાબ સહુને સમય જતાં મળી ગયો. હકીકતમાં ભૂમિએ આવી મોંઘી સ્કૂલમાં આર.ટી.આઈ. એટલે કે, 'રાઈટ ટુ એજ્યુકેશન' હેઠળ એડમિશન લીધેલું. એના પિતા રીક્ષા ચલાવતાં. મા પણ અન્યોને ત્યાં ઘરકામ કરતી. નાના ભાઈઓ ભૂમિ જેટલાં ભણવામાં હોશિયાર નહોતા. સાથોસાથ એમને ભણવાની ધગશ પણ ઓછી એટલે એમણે સરકારી સ્કૂલનો સહારો લીધેલો, પણ ભૂમિ અલગ હતી. ખૂબ હોશિયાર, મહેનતુ, મા-બાપના સંઘર્ષને સમજનારી અને એક દિવસ પોતે પણ અન્યોની માફક ગરમ ટિફિનમાં અવનવી વાનગી લઈ આવશે એવા સપનાં સેવનારી લાગણીશીલ છોકરી.

દસમું ધોરણ પૂરું થયું અને બધા મિત્રો અલગ અલગ ફિલ્ડ તરફ વળી ગયા. ભૂમિ પણ આગળ ભણવા માગતી હતી, પરંતુ ઘરનું ભારણ હવે વધતું ગયું. પિતાની કમાણી અનિશ્ચિત, માતાના હાથમાં કામ ઘણું પણ પગાર ઓછો. નાના ભાઈઓની ફી, ઘરનું ભાડું, ઘરખર્ચ. તેમ છતાં એણે મનોમન નક્કી કર્યું, હું અટકવાની નથી. સાયન્સમાં ભણવાની ફી વધારે હતી, છતાં એણે સ્કોલરશિપ માટે અરજી કરી. રાત્રે સહુ ઊંઘી જાય પછી એ નાના બલ્બના પીળાં પ્રકાશ નીચે બેસીને ભણતી. ઘણી વાર પેટમાં ભૂખ હોય, પણ મનની આગ વધુ તીવ્ર હતી. મીઠું-મરચું છાંટેલા ત્રણ પરાઠાં હવે એને ગરીબીનું પ્રતીક નહોતા લાગતાં. એ એને યાદ અપાવતા કે, એનું લક્ષ્ય શું છે.

સપનાં જોવાની ઉંમરે, એણે સપનાં સાચાં કરવાં તરફ ડગ માંડ્યા. ભૂમિને સ્કોલરશિપ મળી ગઈ. એ દિવસ એના ઘરે ઉત્સવ જેવો માહોલ બન્યો. સ્કૂલમાં એની ઉંમરની તરુણીઓ મોજમજા કરતી ત્યારે ભૂમિ જીવનમાં એ મજાનો આસ્વાદ લાવવા મહેનતની મજૂરીએ ચડી. સમય વીતતો ગયો, કોલેજમાં પણ એની આસપાસ લોકો બ્રાન્ડેડ કપડાં અને મોંઘા ગેજેટ સાથે આવતાં. ભૂમિ પાસે હજુ પણ એ સાદગી હતી, પરંતુ હવે એ ટીનએજના અંતિમ તબક્કામાં હતી. એનામાં પોતાની ગરીબીના છૂપાવવાની વૃતિ ઓછી થયેલી. એક પ્રેઝન્ટેશન દરમિયાન એણે ખુલ્લેઆમ કહ્યું કે, એ 'આર.ટી.ઈ.' હેઠળ ભણી છે. અને લંચબોક્સમાં વર્ષોથી માત્ર પરાંઠાં જ લાવે છે. ક્લાસ શાંત થઈ ગયો. જે લોકો ક્યારેક એના પર હસતાં તે બધા ભૂમિની જર્નીથી રીતસર ઈન્સપાયર થયાં હોય એમ એને તાકી રહ્યાં. અંતે ભૂમિએ મહેનતથી ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યું અને પછી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ શરૂ કરી. એનું ધ્યેય હતું શિક્ષિકા બનવાનું, કારણ કે એને ખબર હતી કે ગરીબ ઘરની દીકરી માટે શિક્ષણ કેટલું જરૂરી છે.

વર્ષો પછી, જિલ્લા શિક્ષણ અધિકારી તરીકે શહેરની એક સારી સ્કૂલમાં ભૂમિએ ડગ માંડ્યા. ક્લાસમાં જઈ એણે બાળકોને પૂછ્યું, 'આજે તમારા ટિફિનમાં શું છે?' બાળકો ઉત્સાહથી બતાવવા લાગ્યા. ત્યારે એક નાની છોકરી ડબ્બો સંતાડતી બેસી રહી. ભૂમિ શાંતિથી એની પાસે ગઈ અને પોતાના ટિફિનમાંથી એક પરાઠું કાઢી બોલી, 'મારી સાથે ખાઈશ?' એ ક્ષણે એને પોતાના બાળપણની ભૂખ, એકલતા અને મૌન યાદ આવ્યા, પરંતુ આજે પરિસ્થિતિ અલગ હતી. આજે એ કોઈ ગરીબડી, બિચારી છોકરી નહોતી. એ 'ડીઈઓ' હતી. એ ક્ષણે સપના પૂર્ણ થયાના સંતોષનો આનંદ એવો હતો કે જેની ભરપાઈ ક્યારેય ના થઈ શકે.

આજે પણ જ્યારે કોઈ આ 'ડિસ્ટ્રિક એજ્યુકેશન ઓફિસર' ભૂમિને એમ પૂછે કે, 'મેમ, તમારી સફળતાનું રહસ્ય શું છે?' ત્યારે ભૂમિ હસીને જવાબ આપે છે કે 'ત્રણ નાના પરાંઠાં અને એક મોટું સ્વપ્ન...!' ■

# મહિલાઓ માટે આ શ્રેષ્ઠ ઈન્ડો-વેસ્ટર્ન સમર સ્ટાઈલ

ફેશન
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com



ઉનાળાની ગરમીમાં પણ સ્ટાઈલિશ અને આરામદાયક રહેવું એ આજના સમયની મહિલાઓની પ્રાથમિકતા છે. ઈન્ડો-વેસ્ટર્ન ફેશન એ ભારતીય પરંપરાગત તત્ત્વો અને પશ્ચિમી આધુનિકતાનું સુંદર મિશ્રણ છે, જે ઉનાળામાં ખાસ કરીને લોકપ્રિય બને છે. હળવા ફેબ્રિક્સ, બ્રીથેબલ મટિરિયલ્સ અને સ્ટાઈલિશ ડિઝાઈન્સ સાથે આ સ્ટાઈલ્સ તમને કૂલ અને ચિક લૂક આપે છે. તો ચાલો આજે આપણે મહિલાઓ માટે ઉનાળા માટેના ટોપ પાંચ ઈન્ડો-વેસ્ટર્ન સ્ટાઈલ્સ વિશે વાત કરીશું, જે તમને પાર્ટી, કેઝ્યુઅલ આઉટિંગ કે ઓફિસમાં પણ સુંદર લૂક આપશે.

### કોટન ક્રોપ ટોપ અને ફ્લોવી સ્કર્ટ સેટ

ઉનાળામાં સૌથી વધુ પસંદ કરાતી સ્ટાઈલ છે કોટન ક્રોપ ટોપ સાથે ફ્લોવી મેક્સી કે મિડી સ્કર્ટ. ભારતીય પ્રિન્ટ્સ જેમ કે ફ્લોરલ, અજરખ કે બંધેજ પ્રિન્ટ વાળી સ્કર્ટ સાથે સ્ટ્રેપી અથવા ઓફ-શોલ્ડર ક્રોપ ટોપ પહેરી શકાય. આ કોમ્બિનેશન પહેરવામાં લાઈટ અને બ્રીથેબલ છે, જે ગરમીમાં પણ આરામ આપે છે.

તેને સિલ્વર ઓક્સિડાઈઝ્ડ જ્વેલરી અને મોજડી સાથે પેર કરો તો લૂક પરફેક્ટ બને છે. આ સ્ટાઈલ બ્રન્ચ, કોલેજ કે કેઝ્યુઅલ પાર્ટી માટે આદર્શ છે.

કલર્સમાં પેસ્ટલ શેડ્સ જેમ કે મિન્ટ ગ્રીન, પાઉડર બ્લુ કે લવેન્ડર ખૂબ જ ટ્રેન્ડી છે. જો તમારું શરીર ભરેલું હોય તો તમે એ લાઈન સ્કર્ટ પહેરી શકો અને જો સુડોળ શરીર હોય તો બધી જ ટાઈપના સ્કર્ટ પહેરી શકાય.

### પ્રી-સ્ટીચ્ડ ઈન્ડો-વેસ્ટર્ન સાડી અથવા ડ્રેપ સ્ટાઈલ

પરંપરાગત સાડીને મોડર્ન ટ્વિસ્ટ આપવા માટે પ્રી-સ્ટીચ્ડ ઈન્ડો-વેસ્ટર્ન સાડી શ્રેષ્ઠ વિકલ્પ છે. શિફોન કે કોટન-બ્લેન્ડ મટિરિયલમાં બનેલી આ સાડીઓ ઝડપથી પહેરી શકાય છે અને ઉનાળામાં હળવી રહે છે. સ્લિટ વાળી ડિઝાઈન અથવા ક્રોપ બ્લાઉઝ સાથે પહેરી શકાય.

ડ્રેપ સેટ્સ જેમ કે ધોતી સ્કર્ટ સાથે ક્રોપ ટોપ પણ અત્યારે ટ્રેન્ડમાં છે. આ સ્ટાઈલ ઈવનિંગ આઉટિંગ કે ફેમિલી ફંક્શન માટે બહુ સુંદર લાગે છે. એમ્બ્રોઈડરી અથવા લાઈટ બીડવર્ક વાળી ડિઝાઈન પસંદ કરો જેથી લૂક ગ્લેમરસ બને પણ ભારે ન લાગે.

### કલર-બ્લોકિંગ અથવા પ્રિન્ટેડ કોટન ડ્રેસ

સિંગલ પીસ ઈન્ડો-વેસ્ટર્ન ડ્રેસ ઉનાળા માટે સૌથી સરળ અને કમ્ફર્ટેબલ છે. કલર-બ્લોકિંગ ડિઝાઈન જેમ કે પિંક-ગ્રીન અથવા બ્લુ-વ્હાઈટ કોમ્બિનેશન સાથે એમ્બ્રોઈડરીવાળા કોટન ડ્રેસ ખૂબ જ પોપ્યુલર છે. લેયર્ડ ડ્રેસ અથવા ફ્લોરલ પ્રિન્ટેડ કોટન ડ્રેસ પણ પહેરી શકાય. આ ડ્રેસને બ્લોક હીલ્સ અથવા ફ્લેટ સેન્ડલ્સ સાથે પેર કરી શકાય. આ સ્ટાઈલ દિવસના કાર્યક્રમો માટે પરફેક્ટ છે અથવા તો કોફી ડેટ કે કીટી પાર્ટી માટે પણ પહેરી શકાય. આ સ્ટાઇલ માટે ફ્લોરલ પ્રિન્ટ કે જોમેટ્રીક પ્રિન્ટ સારી લાગી શકે અથવા તમે કલમકારી પ્રિન્ટનો પણ ઉપયોગ કરી શકો.

### પ્લાઝો અથવા વાઈડ-લેગ પેન્ટ સાથે કુર્તી અથવા ટ્યુનિક

ઈન્ડો-વેસ્ટર્નમાં પ્લાઝો પેન્ટ અને શોર્ટ કુર્તી કે ટ્યુનિકનું કોમ્બિનેશન ઉનાળામાં ખૂબ જ કમ્ફર્ટેબલ છે. લિનન અથવા કોટનના હળવા ફેબ્રિકમાં બનેલા પ્લાઝો સાથે એમ્બ્રોઈડર્ડ અથવા પ્રિન્ટેડ ટોપ પહેરી શકાય. આ સ્ટાઈલમાં દુપટ્ટા અથવા સ્ટ્રીલ પણ પહેરી શકાય. રંગોમાં ન્યૂટ્રલ ટોન્સ જેમ કે બેજ, વ્હાઈટ કે પેસ્ટલ્સ પસંદ કરી શકાય.. આ લૂક ઓફિસ, કોલેજ કે કેઝ્યુઅલ મીટિંગ માટે એકદમ પરફેક્ટ છે. તેમાં મોડર્ન તેમજ એથનિક બંનેનો ટચ છે. જો તમારું શરીર ભરેલું હોય તો વાઈડ લેગ પેન્ટ સાથે તમે લોન્ગ કુર્તી પહેરી શકો જેથી હિપ અને કમરનો ભાગ વધારે હોય તો ખરાબ ન લાગે. કુર્તીનું ફેબ્રિક કોટન, રેયોન કે પછી મોડાલ સિલ્ક હોવું જોઈએ કે જે પહેરવામાં આરામદાયક લાગે છે. જો તમારું શરીર સુડોળ હોય તો વાઈડ લેગ પેન્ટ સાથે હોલ્ટર ટોપ, સ્પેગેટી ટોપ કે પછી સ્લીવલેસ જેવા ફેન્સી ટોપ પહેરી શકાય.

### લહેંગા સ્કર્ટ સાથે ક્રોપ ટોપ અથવા બ્લાઉઝ

પાર્ટી અને ફંક્શન માટે લહેંગા સ્કર્ટને વેસ્ટર્ન ક્રોપ ટોપ સાથે પહેરી શકાય, એ ટ્રેન્ડી સ્ટાઈલ છે. હળવા ફેબ્રિક જેમ કે નેટ અથવા જોર્જેટમાં બનેલી ફ્લેર્ડ લહેંગા સ્કર્ટ સાથે બીડેડ અથવા એમ્બ્રોઈડર્ડ ક્રોપ ટોપ ખૂબ જ ગ્લેમરસ લાગે છે. ઉનાળામાં લાઈટવેઈટ લહેંગા પસંદ કરો જેથી ગરમી ન લાગે. આ સ્ટાઈલને સ્ટેટમેન્ટ જ્વેલરી અને હીલ્સ સાથે કમ્પ્લીટ કરો. આ લૂક વેડિંગ, એન્ગેજમેન્ટ કે કોકટેલ પાર્ટીમાં તમને સ્ટાર બનાવશે.

આ પાંચેય સ્ટાઈલ્સ ઉનાળાની ગરમીને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરાયેલા છે અને તેમાં કોટન, લિનન, સિફોન જેવા બ્રીથેબલ ફેબ્રિક્સનો ઉપયોગ થાય છે. એક્સેસરીઝમાં ઓક્સિડાઈઝ્ડ જ્વેલરી, જૂત્તી કે સેન્ડલ્સ પસંદ કરો અને મેકઅપને નેચરલ રાખો. ઈન્ડો-વેસ્ટર્ન ફેશન તમને તમારા કલ્ચરલ રૂટ્સ સાથે જોડીને મોડર્ન લૂક આપે છે. આ સ્ટાઈલ્સ અજમાવો અને ઉનાળામાં પણ સ્ટાઈલિશ રહો! ■

નિખાર
દિક્ષિતા મકવાણા
feedback.ladki@bombaysamachar.com

# ગોરો-ઘઉંવર્ણો કે ઘેરો...

## તમારી ત્વચાના કલર પ્રમાણે વાળનો રંગ કેવી રીતે પસંદ કરવો?

યોગ્ય વાળનો કલર ફક્ત તમારા ચહેરાને જ નહીં, પરંતુ તમારા આત્મવિશ્વાસને પણ વધારે છે. આ જ કારણ છે કે વાળનો કલર પસંદ કરતી વખતે સૌંદર્ય નિષ્ણાતો તમારી ત્વચાના રગને ખાસ ધ્યાનમાં લેવાની સલાહ આપે છે.

ચાલો. જોઈએ કે કયો કલર કયા ત્વચાને અનુકૂળ આવે છે અને તમે તેને કેવી રીતે પસંદ કરી શકો છો.

આજકાલ વાળનો કલર ફક્ત ટાલના ડાઘ અથવા ગ્રે વાળ છુપાવવા માટે નથી; તે તમારા વ્યક્તિત્વ વધારવાનો પણ એક મહત્ત્વપૂર્ણ ભાગ બની ગયો છે. ઘણા લોકો તાજા અને આકર્ષક દેખાવા માટે દેવિવિધ વાળના કલર ટ્રાય કરે છે. જો કે ઘણીવાર છોકરીઓ એવો કલર પસંદ કરે છે જે તેમની ત્વચા ટોન સાથે મેળ ન ખાય પરિણામ એ તેમના દેખાવને સંપૂર્ણપણે બગાડે છે.

હકીકતમાં દરેક વ્યક્તિની ત્વચાનો કલર અલગ હોય છે - કેટલાક ગોરા હોય છે, કેટલાક ઘઉંવર્ણા હોય છે અને કેટલાક ઘેરા હોય છે. તમારી ત્વચાના કલર સાથે મેળ ખાતો વાળનો કલર પસંદ કરવાથી તમારા દેખાવમાં વધારો થઈ શકે છે.

ચાલો, હવે આપણે તમારી ત્વચા માટે શ્રેષ્ઠ કલરનું વિષ્લેસણ કરીએ, જેમકે...

### ગોરી ત્વચા માટે....

જો તમારી ત્વચા ગોરી હોય, તો વાળના વિવિધ કલર તમારા પર સારા દેખાઈ શકે છે. આછો ભૂરો, સોનેરી સોનેરી, મધ સોનેરી, રાખ ભૂરો અને કોપર શેડ્સ ખાસ કરીને ગોરી ત્વચા માટે યોગ્ય છે. આ શેડ્સ તમારા કલરને નિખારવામાં મદદ કરે છે. જો કે, ખૂબ ઘેરા કલર ક્યારેક તમારા ચહેરાને નિસ્તેજ બનાવી શકે છે તેથી ગોરી ત્વચા ધરાવતા લોકોએ નરમ અને ગરમ ટોન પસંદ કરવા જોઈએ.

### ઘઉંવર્ણ ત્વચા માટે...

ભારતીયોમાં ઘઉંવર્ણ ત્વચાનો કલર સામાન્ય છે. ચોકલેટ બ્રાઉન, કારામેલ બ્રાઉન, ચેસ્ટનટ, બર્ગન્ડી અને મહોગની જેવા શેડ્સ આ ત્વચાના સ્વર પર ખૂબ સારા લાગે છે. આ કલર વાળને કુદરતી દેખાવ આપે છે અને કલરને સંતુલિત કરે છે. ઘઉંવર્ણની ત્વચા ધરાવતા લોકોએ ખૂબ જ હળવા સોનેરી કલર ટાળવા જોઈએ, કારણ કે એ દેખાવ કદરુપે બનાવી શકે છે.

### ડસ્કી સ્કિન ટોન માટે...

ડાર્ક બ્રાઉન, બર્ગન્ડી, વાઇન રેડ, કોફી બ્રાઉન અને મહોગની જેવા ડસ્કી સ્કિન ટોન પર ડીપ અને રિચ શેડ્સ સુંદર લાગે છે. આ કલર સ્કિન ટોન સાથે સારો કોન્ટ્રાસ્ટ બનાવે છે અને લુકને વધુ આકર્ષક બનાવે છે. ખૂબ જ હળવા અથવા એશ-ટોનવાળા કલર ક્યારેક ડસ્કી સ્કિન સાથે એટલા સારા દેખાતા નથી, તેથી ડીપ અને વોર્મર શેડ્સ પસંદ કરવાનું વધુ સારું છે.

### સ્કિન અંડરટોન્સને સમજવું પણ મહવપૂર્ણ...

વાળનો કલર પસંદ કરવામાં ફક્ત સ્કિન ટોન જ નહીં, પણ સ્કિન અંડરટોન પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જો તમારી ત્વચા ગરમ અંડરટોન ધરાવે છે તો ગોલ્ડન, હની, કેરેમલ અને કોપર જેવા શેડ્સ સારા લાગે છે. કોલ્ડ અંડરટોન ધરાવતા લોકોને એશ બ્રાઉન, પ્લેટિનમ અથવા કોલ્ડ રેડ જેવા શેડ્સ વધુ આકર્ષક લાગી શકે છે.

### હેર કલર પસંદ કરતી વખતે આ ખાસ ધ્યાનમાં રાખો કે ..

તમારી સ્કિન ટોન, તેમજ તમારા વાળની ગુણવત્તા અને જાળવણીનો વિચાર કરો. વધુ પડતો પ્રયોગ કરવાને બદલે, એવો શેડ પસંદ કરો જે કુદરતી દેખાય અને જાળવવામાં સરળ હોય. જો તમે મૂંઝવણમાં હોવ તો હેર એક્સપર્ટની સલાહ જરુર લેવી... ■



વાઈટ સ્કીનટોન



ઘઉંવર્ણો સ્કીનટોન



ડસ્કી સ્કીનટોન





# સંસારને અસાર કહેવા પાછળના આ રહ્યા કારણો

વિશેષ
ઝુબૈદા વલિયાણી
feedback.ladki@bombaysamachar.com

નળ-દયયંતીના જીવનની કઠણાઈ વર્ણવતા પ્રેમાનંદે કહેલું.

- 'વાંકી રે વેળા રે વહાલું કો'નથી,
સૌ સુખ સમે સાથી થાય...!'

- લાડકી પૂર્તિની વ્હાલી વાચક બહેન-દીકરીઓ!

- આપણે જીવનમાં અનેક પરિચયો કેળવીએ છીએ,

- સંબંધો બાંધીએ છીએ,

- મિત્રો કરીએ છીએ ને એમ જીવન ચાલતું રહે છે.

- જીવનમાં તડકી-છાંયડી આવ્યા કરે છે.

- સુખ-દુઃખ ને વિટંબણાઓ પણ આવે છે.

- પગ નીચેથી ધરતી સરકી જાય છે, તેવી આપત્તિઓ પણ આવે છે.

- સગાં-સંબંધીઓ અને મિત્રો હોય તો આપત્તિનો એ સમય હળવાશથી પસાર કરી શકાય છે.



- પરંતુ વાસ્તવિકતા કાંઈક જુદી જ છે.

- વ્યક્તિ સુખી હોય.

- તેની પાસે સંપત્તિ હોય ત્યારે તેના સુખમાં ભાગ પડાવવા.

- મહેફિલો માણવા ને

- મોજમજા કરવા માટે સાથીદાર શોધવા નથી પડતા.

- મધ ઉપર કીડી બેસે તેમ માનવીઓ સુખ-સંપત્તિ પર ઝળૂંબતા હોય છે.

- વ્હાલી વાચક બહેન-દીકરીઓ!

- સંબંધોની સાચી પરખ તો થાય છે દુઃખમાં, આપત્તિમાં.

- માનવી જ્યારે ચારેકોર આફતથી ઘેરાઈ જાય છે ત્યારે તેને સાથ દેવા, મદદ કરવા કોણ આવે છે. તેના પરથી સાચાં સગાં કે સંબંધીનો પરિચય થાય છે.

સંબંધોની હદ હોય છે
સુખના દિવસ સુધી
દોસ્તીની પણ કસોટી
થાય છે એમાં ખરી!

- મોટે ભાગે લોકોને અનુભવ એવો થાય છે કે સુખના સમય દરમિયાન જે સંબંધો હોય છે તે દુઃખ આવતાં જ મીણની જેમ ઓગળી જાય છે ને રોજ હળતા-મળતા ને મજા કરતા લોકો આવે ટાણે ખબરેય ન પડે તેમ સરકી જાય છે. આંખથી આંખ પણ મેળવતા નથી. વ્યક્તિ એકલો-અટૂલો પડી જાય છે.

- બહેનો! સંબંધોની આ અસલિયત છે.

- કહેવાયું છે કે -

- 'શેરી મિત્રો સો મળે,
તાળી મિત્ર અનેક
જેના પર શિર વારીએ
એ લાખોમાં એક'

- લોકોએ બતાવેલું આ સત્ય થોડાક અપવાદ બાદ કરતા સાવ સાચું છે.

- પોતાનાં દુઃખ માણસે પછી તે સ્ત્રી હોય કે પુરુષ! પોતે જ સહી લેવાના હોય છે. કોઈ એમાં ભાગીદાર થઈ શકતું નથી.

- સંજોગો જવાબદાર હોઈ શકે,

- અંગત પરિસ્થિતિ જવાબદાર હોઈ શકે, પણ વ્યક્તિ મિત્ર તરીકે દુઃખ વેળાએ ઊણો ઉતરે છે એ વાતનો ઈનકાર કરી શકાય તેમ નથી.

- અને એટલે જ ઉપરોક્ત પંક્તિમાં કવિએ સંબંધોની મર્યાદા બતાવી આપી છે કે સંબંધોની હદ સુખના દિવસ સુધીની જ હોય છે - સુખના દિવસો પૂરા થાય કે સંબંધો એક પછી એક સરકવા માંડે છે.

વ્હાલી લાડકી મિત્રો!

- સામાન્ય પરિચિતોની વાત જવા દઈએ, પણ જેની સાથે દિલના, હૃદયના સંબંધો બંધાયા હોય તેવા મિત્રોનું શું?

- કવિ કહે છે,

- 'દોસ્તોય આંખ ભીંજવીને ચાલતા થયા'.

- નિકટના મિત્રો પણ
* સમભાવ,
* સહાનુભૂતિ (શાબ્દિક જ તો) બતાવીને ચાલતા થઈ જાય છે.
* અફસોસ વ્યક્ત કરે છે,
* શોક બતાવે છે.
* દયા ખાય છે.

- પણ પડખે ઊભા રહેવાની વાત કોઈ કરતું નથી.

- સંસારને અસાર કહ્યો છે તે આ બધા કારણોથી જ તો...!

* સુખ કે સબ સાથી,
દુઃખ કા ન કોઈ...!

* * *

*ક્યા ગમ હૈ?*
*તુમ્હેં ક્યા પતા ગમ ક્યા હૈં,*
*તુમ્હેં ક્યા પતા ગમ કીસે કહતે હૈં,*
*તુમ ક્યા જાનો ગમ ક્યા ચીજ હૈં,*
*તુમને તો હંમેશાં...*
*થૂંક સે હી કવર કો ચિપકાયા હૈં...!* ■

# ટી-૨૦ રેન્કિંગમાં ભારતીયોનો દબદબો: ઈશાન-હાર્દિકની છલાંગ, ટોપ પર અભિષેક

## વરુણ ચક્રવર્તી નંબર વનથી નીચે સરક્યો

દુબઈ: ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)એ ટી-૨૦ વર્લ્ડકપ પછી પ્રથમવાર રેન્કિંગની જાહેરાત કરી હતી. ભારતીય ઓપનર અભિષેક શર્માએ આઈસીસી ટી-૨૦ રેન્કિંગમાં ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે. તેના ૮૭૫ રેટિંગ પોઈન્ટ છે અને તે રેન્કિંગમાં ટોચ પર છે. ભારતનો ઇશાન કિશન હવે રેન્કિંગમાં બીજા સ્થાને પહોંચી ગયો છે. બોલિંગમાં ભારતના વરુણ ચક્રવર્તીએ ટોચનું સ્થાન ગુમાવ્યું છે. વરુણે વર્લ્ડ કપમાં ૧૪ વિકેટ ઝડપી હતી. હવે તે બીજા સ્થાને સરકી ગયો છે. અફઘાનિસ્તાનનો રાશિદ ખાન હવે ૭૫૩ પોઈન્ટ સાથે વિશ્વનો નંબર વન ટી-૨૦ બોલર છે. ઓલરાઉન્ડરોમાં ભારતનો સ્ટાર હાર્દિક પંડ્યા બીજા ક્રમે છે. ઈશાન કિશન ટી-૨૦માં બેટ્સમેનોની યાદીમાં બીજા સ્થાને પહોંચી ગયો છે તે અભિષેક શર્માથી માત્ર ચાર રેટિંગ પોઈન્ટ પાછળ છે. કિશન (૮૭૧ પોઈન્ટ) એ કરિયરનું શ્રેષ્ઠ રેન્કિંગ પ્રાપ્ત કર્યું છે.

ભારતીય ઓપનર અને વિકેટકીપર સંજૂ સેમસન (૧૮ સ્થાન ઉપર ૨૨મા સ્થાને) અને શિવમ દુબે (ચાર સ્થાન ઉપર ૨૭મા સ્થાને) એ પણ ટુર્નામેન્ટમાં તેમની પ્રભાવશાળી ઇનિંગ્સને કારણે બેટિંગ રેન્કિંગમાં છલાંગ લગાવી હતી. ઓલરાઉન્ડર રેન્કિંગમાં ઝિમ્બાબ્વેના કેપ્ટન સિકંદર રઝા અને ભારતના સ્ટાર ખેલાડી હાર્દિક પંડ્યાએ તેમના કારકિર્દીના શ્રેષ્ઠ રેટિંગ પ્રાપ્ત કર્યા છે અને પ્રથમ બે સ્થાન પર કબજો કર્યો છે. ■

# ટીમ ઈન્ડિયાને પચીસ કરોડનું ઈનામ આપશે આઈસીસી

દુબઈ: આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (આઈસીસી) એ બુધવારે પુરુષોના ટી-૨૦ વર્લ્ડ કપ માટે ખેલાડીઓના ઈનામની રકમની જાહેરાત કરી હતી. જે રેકોર્ડ ૧૧.૨૫ મિલિયન અમેરિકન ડોલર છે. જેમાંથી ટી-૨૦ વર્લ્ડકપ જીતનારી ટીમ ઈન્ડિયાને ૨,૬૩૯,૪૨૩ અમેરિકન ડોલર (આશરે ૨૫ કરોડ રૂપિયા)નું ઈનામ મળશે. નોંધનીય છે કે ભારતે ફાઇનલમાં ન્યૂ ઝીલેન્ડને ૯૬ રનથી હરાવીને સતત બીજી ટ્રોફી જીતી હતી. રનર્સ-અપ રહેલી ન્યૂ ઝીલેન્ડની ટીમને ૧૪,૨૨,૬૯૨ અમેરિકન ડોલર (આશરે ૧૩ કરોડ રૂપિયા) મળ્યા, જ્યારે સેમિફાઇનલમાં સ્થાન મેળવનાર દક્ષિણ આફ્રિકા અને ઇંગ્લેન્ડને અનુક્રમે ૯૨.૪ મિલિયન અમેરિકન ડોલર અને ૮.૯૬ મિલિયન અમેરિકન ડોલર મળ્યા હતા. અન્ય ટોચની ટીમોમાં વેસ્ટ ઈન્ડિઝને ૫,૩૮,૨૬૯ અમેરિકન ડૉલર (આશરે ૧૩ કરોડ રૂપિયા) મળ્યા, જ્યારે પાકિસ્તાનને ૫,૨૨,૬૯૨ અમેરિકન ડૉલર મળ્યા હતા. ઝિમ્બાબ્વેને ૪,૯૧,૫૩૮ અમેરિકન ડૉલર અને શ્રીલંકાને ૪,૭૫,૯૬૨ અમેરિકન ડૉલરનું ઈનામ મળ્યું હતું. ■

# વિશ્વવિજેતા ભારતીય ટીમનું સન્માન કરવા માટે દિલ્હીમાં રવિવારે ભવ્ય સમારોહ યોજાશે

નવી દિલ્હી: છેલ્લા બે વર્ષમાં ભારતીય ક્રિકેટ ટીમે વૈશ્વિક ફલક પર પોતાનું વર્ચસ્વ સાબિત કર્યું છે. સૂર્યકુમાર યાદવની કેપ્ટનશિપ હેઠળ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬નું ટાઇટલ જીત્યા બાદ હવે આ જીતનો જશન મનાવવાની તૈયારીઓ તેજ થઈ ગઈ છે. બીસીસીઆઈએ ભારતની તમામ વિજેતા ટીમોના સન્માન માટે એક ભવ્ય એવોર્ડ સેરેમનીનું આયોજન કર્યું છે. આ કાર્યક્રમમાં માત્ર પુરુષ ટીમ જ નહીં, પરંતુ છેલ્લા બે વર્ષમાં આઈસીસીના વિવિધ ખિતાબ જીતનારી મહિલા અને અન્ડર-૧૯ ટીમોનું પણ ગૌરવગાન કરવામાં આવશે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના પ્લાન મુજબ, આગામી ૧૫ માર્ચના રોજ દિલ્હીમાં એક મોટો સન્માન સમારોહ યોજાવા જઈ રહ્યો છે. આ કાર્યક્રમમાં ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ના વિજેતાઓ ઉપરાંત, ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ જીતનારી ટીમ, વનડે વર્લ્ડ કપ વિજેતા મહિલા ટીમ અને અંડર-૧૯ વર્લ્ડ કપ જીતનારી મહિલા-પુરુષ ટીમોના ખેલાડીઓ હાજર રહેશે. બીસીસીઆઈના સચિવ દેવાજીત સાઈકિયાએ આ સમારોહની પુષ્ટિ કરતા જણાવ્યું છે કે, આ એવોર્ડ શોમાં ટીમના કોચ અને સપોર્ટ સ્ટાફને પણ ખાસ આમંત્રિત કરવામાં આવ્યા છે. ■

# વર્લ્ડ કપની જીત સાથે ધર્મનું રાજકારણ રમતા કીર્તિ આઝાદ પર ગંભીર ભડક્યા

નવી દિલ્હી: ટીમ ઈન્ડિયા માટે ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની સફળતાનો સૌથી મોટો હીરો સંજુ સેમસન હતો. ટીમ મેનેજમેન્ટના સમર્થન વિના તે શક્ય બન્યું ન હોત. ન્યૂઝ એજન્સી સાથેની વાતચીતમાં ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે કહ્યું કે તેમને સંજુ સેમસન પર વિશ્વાસ હતો, જેના કારણે તેમણે ન્યૂઝીલેન્ડ સાથે ભારતની સીરિઝ દરમિયાન ખરાબ સમય છતાં તેને સતત સમર્થન આપ્યું. તેણે ક્યારેય બેટ્સમેનની કુશળતા અથવા વિશ્વસનીયતા પર શંકા કરી ન હતી. તેને વિશ્વાસ હતો કે ૩૧ વર્ષીય ખેલાડી ચોક્કસપણે વાપસી કરશે અને ખરેખર તે વાસ્તવિકતામાં બન્યું. મને લાગ્યું કે સંજુ સેમસન ટીમ માટે ઘણું બધું આપી શકે છે. તૃણમૂલ કૉંગ્રેસના સાંસદ કીર્તિ આઝાદના નિવેદન પર વળતો પ્રહાર કરતા ગંભીરે કહ્યું કે "તે (કીર્તિ આઝાદ) આ બાબતમાં રાજકારણ રમવાનો પ્રયાસ કરી રહ્યા છે તે વાહિયાત છે. ભારતીય ટીમ ટ્રોફીને મંદિર, મસ્જિદ, ચર્ચ, જ્યાં પણ ઇચ્છે ત્યાં લઈ જઈ શકે છે. જો તેઓએ તેમના ભગવાન પાસેથી કંઈક માગ્યું હોય અને તેમની ઇચ્છા પૂર્ણ થયા પછી તેમના વિશ્વાસ પર ફરી વિચાર કર્યો હોય તો તેમાં શું વાંધો છે?" ■

# જ્યાં માતમ સાથે અંત એ બેંગ્લૂરુમાંથી જ થશે નવી આઈપીએલનો આરંભ

## આઈપીએલની ૨૦ મેચનો કાર્યક્રમ જાહેર: ઑપનિંગ મુકાબલો ૨૮મી માર્ચે બેંગ્લૂરુ-હૈદરાબાદ વચ્ચે



નવી દિલ્હી: ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ) ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) ૨૦૨૬ના પ્રથમ ૨૦ મેચનો કાર્યક્રમ જાહેર કર્યો છે. પહેલી મૅચ ૨૮મી માર્ચે બેંગ્લુરુ અને હૈદરાબાદ વચ્ચે બેંગ્લુરુમાં રમાશે. અત્રે એ યાદ રહે કે આઈપીએલની છેલ્લી સીઝનનો અંજામ બેંગ્લુરુમાં ધક્કામુક્કીમાં અનેકના મોતના માતમ સાથે થયો હતો. ૧૨ એપ્રિલ સુધીની મેચોનો કાર્યક્રમ જાહેર કરાયો છે. બીસીસીઆઈના સેક્રેટરી દેવજીત સાઈકિયાએ જાહેરાત કરી હતી. આઈપીએલની ૧૯મી સિઝન ૨૮ માર્ચથી ૩૧ મે સુધી ચાલશે, જ્યારે શરૂઆતમાં મેચ ૨૬ માર્ચથી ૩૦ મે વચ્ચે યોજાવાની હતી. સાઈકિયાએ ન્યૂઝ એજન્સીને જણાવ્યું હતું કે "અમે ૧૨ એપ્રિલ સુધીના આઈપીએલ ૨૦૨૬ના કાર્યક્રમની જાહેરાત કરી છે. એવું માનવામાં આવે છે કે ટૂર્નામેન્ટના બાકીના શિડ્યૂલની જાહેરાત બાદમાં કરવામાં આવશે કારણ કે બીસીસીઆઈ પશ્ચિમ બંગાળ, આસામ અને તમિળનાડુમાં વિધાનસભા ચૂંટણીઓ સાથે ટકરાવ ટાળવાનો પ્રયાસ કરી રહ્યું છે. તેમ છતાં ટીમોએ તેમની પ્રી-સિઝન તૈયારીઓ શરૂ કરી દીધી છે.

### આઈપીએલનો ૨૦ મેચનો કાર્યક્રમ

| | | | |
|---|---|---|---|
| ૨૮ માર્ચ | શનિવાર | રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વિરુદ્ધ સનરાઇઝર્સ હૈદરાબાદ | બેંગ્લૂરુ |
| ૨૯ માર્ચ | રવિવાર | મુંબઈ ઇન્ડિયન્સ વિરુદ્ધ કોલકાતા નાઈટ રાઇડર્સ | મુંબઈ |
| ૩૦ માર્ચ | સોમવાર | રાજસ્થાન રોયલ્સ વિરુદ્ધ ચેન્નઈ સુપર કિંગ્સ | ગુવાહાટી |
| ૩૧ માર્ચ | મંગળવાર | પંજાબ કિંગ્સ વિરુદ્ધ ગુજરાત ટાઇટન્સ | મુલ્લાનપુર |
| ૧ એપ્રિલ | બુધવાર | લખનઊ સુપર જાયન્ટ્સ વિરુદ્ધ દિલ્હી કેપિટલ્સ | લખનઊ |
| ૨ એપ્રિલ | ગુરુવાર | કોલકાતા નાઈટ રાઇડર્સ વિરુદ્ધ સનરાઇઝર્સ હૈદરાબાદ | કોલકાતા |
| ૩ એપ્રિલ | શુક્રવાર | ચેન્નઈ સુપર કિંગ્સ વિરુદ્ધ પંજાબ કિંગ્સ | ચેન્નઈ |
| ૪ એપ્રિલ | શનિવાર | દિલ્હી કેપિટલ્સ વિરુદ્ધ મુંબઈ ઈન્ડિયન્સ | નવી દિલ્હી |
| ૪ એપ્રિલ | શનિવાર | ગુજરાત ટાઇટન્સ વિરુદ્ધ રાજસ્થાન રોયલ્સ | અમદાવાદ |
| ૫ એપ્રિલ | રવિવાર | સનરાઇઝર્સ હૈદરાબાદ વિરુદ્ધ લખનઉ સુપર જાયન્ટ્સ | હૈદરાબાદ |
| ૫ એપ્રિલ | રવિવાર | રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વિરુદ્ધ ચેન્નઈ સુપર કિંગ્સ | બેંગ્લૂરુ |
| ૬ એપ્રિલ | સોમવાર | કોલકાતા નાઈટ રાઈડર્સ વિરુદ્ધ પંજાબ કિંગ્સ | કોલકાતા |
| ૭ એપ્રિલ | મંગળવાર | રાજસ્થાન રોયલ્સ વિરુદ્ધ મુંબઈ ઈન્ડિયન્સ | ગુવાહાટી |
| ૮ એપ્રિલ | બુધવાર | દિલ્હી કેપિટલ્સ વિરુદ્ધ ગુજરાત ટાઇટન્સ | દિલ્હી |
| ૯ એપ્રિલ | ગુરુવાર | કોલકાતા નાઈટ રાઈડર્સ વિરુદ્ધ લખનઉ સુપર જાયન્ટ્સ | કોલકાતા |
| ૧૦ એપ્રિલ | શુક્રવાર | રાજસ્થાન રોયલ્સ વિરુદ્ધ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ | ગુવાહાટી |
| ૧૧ એપ્રિલ | શનિવાર | પંજાબ કિંગ્સ વિરુદ્ધ સનરાઇઝર્સ હૈદરાબાદ | મુલ્લાનપુર |
| ૧૧ એપ્રિલ | શનિવાર | ચેન્નઈ સુપર કિંગ્સ વિરુદ્ધ દિલ્હી કેપિટલ્સ | ચેન્નઈ |
| ૧૨ એપ્રિલ | રવિવાર | લખનઊ સુપર જાયન્ટ્સ વિરુદ્ધ ગુજરાત ટાઇટન્સ | લખનઊ |
| ૧૨ એપ્રિલ | રવિવાર | મુંબઈ ઈન્ડિયન્સ વિરુદ્ધ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ | મુંબઈ |

# ટ્રેનના થ્રી-ટિયરમાં મુસાફરી કરીને ફાઈનલ પછી શિવમ દુબે ઘરે પહોંચ્યો


મુંબઈ: પોતાના ઓલરાઉન્ડર પ્રદર્શનથી ટી૨૦ વર્લ્ડ કપમાં ભારતને વર્લ્ડકપ જીતવામાં મુખ્ય ભૂમિકા ભજવનાર શિવમ દુબેએ લોકોથી છૂપાઈને અમદાવાદથી મુંબઈ સુધી ટ્રેનમાં મુસાફરી કરી હતી. મુંબઈની બધી ફ્લાઇટ્સ સંપૂર્ણ બુક હોવાથી દુબેએ મુંબઈ પહોંચવા માટે ટ્રેનમાં મુસાફરી કરવાનો નિર્ણય કર્યો હતો. સોમવારે સવારે સ્ટાર ઓલરાઉન્ડર અમદાવાદથી મુંબઈ જતી સયાજી નગરી એક્સપ્રેસમાં પોતાની પત્ની અંજૂમ અને એક મિત્ર સાથે સવાર થયો હતો. તેમણે કહ્યું કે ટ્રેનની રિઝર્વેશન યાદીમાં તેનું નામ જોઈને ટિકિટ ઇન્સ્પેક્ટરને આશ્ચર્ય થયું કે શું તે ક્રિકેટર શિવમ દુબે છે. અધિકારીએ જણાવ્યું હતું કે સાથી મુસાફરો ઓળખી ના શકે તે માટે તે સવારે ૫:૧૦ વાગ્યે ટ્રેનમાં ચઢ્યો હતો. તેણે ટોપી, માસ્ક અને ફુલ-સ્લીવ ટી-શર્ટ પહેરી હતી. ત્યારબાદ તે એસી થ્રી-ટિયર કોચના ઉપરની બર્થ પર ચઢી ગયો હતો. બોરીવલી ઊતરીને સાદા વેશમાંના પોલીસો તેને સ્ટેશન બહારની કાર સુધી તેને લઈ ગયા હતા. ■

# બાંગ્લાદેશી પેસ બોલર રાણા સામે પાકિસ્તાન ઘૂંટણિયે

ઢાકા: ઝડપી બોલર નાહિદ રાણાએ પહેલી વાર પાંચ વિકેટ લેતાં બાંગ્લાદેશે બુધવારે પ્રથમ વન-ડેમાં પાકિસ્તાનને આઠ વિકેટથી હરાવ્યું હતું. રાણાએ ૨૪ રનમાં પાંચ વિકેટ લીધી હતી અને કૅપ્ટન મેહદી હસન મિરાઝે ૨૯ રનમાં ત્રણ વિકેટ લીધી હતી. પાકિસ્તાનનો ૩૦.૪ ઓવરમાં ૧૧૪ રનમાં વીંટો વળ્યો હતો. આ પાકિસ્તાનનો બાંગ્લાદેશ સામેનો સૌથી નીચો સ્કોર હતો. બાંગ્લાદેશે લક્ષ્ય ૧૫.૧ ઓવરમાં બે વિકેટ ગુમાવીને ૧૧૫ રન કરીને સિદ્ધ કર્યું હતું.

પાકિસ્તાને ચાર નવોદિત સાથે નવી ટીમ ઉતારી હતી. આ ચાર બેટસમેન વિફળ ગયા હતા. પાકિસ્તાને વિશ્વ કપમાં કંગાળ દેખાવને પગલે સલીમ અયુબ અને બાબર આઝમને પડતા મૂકાયા હતા. બાંગ્લાદેશે વિશ્વ કપમાં ભાગ લીધો નહોતો. નવોદિત સાહિબઝાદા ફરહાન અને માઝ સદાકત (૧૮)એ ૪૧ રનની ભાગીદારી કરી હતી. જોકે ત્યાર બાદ પાકિસ્તાનના ફલડગેટ ખુલી ગયા હતા. ■

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.



## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| जिना | ખેતર |
| जिद्द | જેટલું |
| जितराब | દાદરો |
| जितके | રકઝક |
| जिकीर | હઠ |

## જાણવા જેવું

આપણા મધ્યકાલીન સમાજમાં સ્ત્રીજાતિમાં ઘોર અજ્ઞાન પ્રવર્તતું હતું. આપણી અજ્ઞાન સ્ત્રીઓ બાવા - જતિઓ પાસે જ્ઞાન મેળવવાની ખૂબ હોંશ રાખતી હતી, પરંતુ આ બાવા સાધુઓએ એમના સમર્થ ગુરુઓએ આપેલા ઉપદેશને અનુસરીને નારીના સહવાસથી હંમેશા દૂર રહ્યા.

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. પુરુષના એકમાત્ર સગા ભાઈના સસરાના એકમાત્ર દીકરાની સગી ભાણીની માતા પુરુષને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) ભાભી બ) કાકી
ક) માસી ડ) મામી

## નોંધી રાખો

પાંચ મણ ઘઉંની બોરી ઉપાડનાર એ ખરીદી નથી શકતો અને ખરીદવાની તાકાત ધરાવનાર એ ઉપાડી નથી શકતો.

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | ૩ | | ૪ | | ૫ | ૬ |
| | | | ૭ | | | | | ૮ | |
| | ૯ | | | | ૧૦ | | ૧૧ | | |
| ૧૨ | | | ૧૩ | | | ૧૪ | | | |
| | | ૧૫ | | | | | | | |
| | | | | | ૧૬ | | | | ૧૭ |
| ૧૮ | | | | | | | | ૧૯ | |
| | | ૨૦ | ૨૧ | | | ૨૨ | | | |
| ૨૩ | ૨૪ | | | | ૨૫ | | | | ૨૬ |
| ૨૭ | | | | | ૨૮ | | | | |

### આડી ચાવી

૧ દેશને ઉપયોગી (૫)
૪ આકાશ, ગગનમંડળ (૪)
૭ પૈસો, નાણું (૨)
૮ પરવા, દરકાર (૨)
૯ પ્રિયા, માશૂક (૩)
૧૦ જાગૃતિ, ચાલાકી (૩)
૧૨ વાજું (૨)
૧૪ કષ્ટ, પીડા (૩)
૧૫ શરીરે મોટું પણ અક્કલમાં ઓછું (૩)
૧૬ લગાતાર, નિરંતર (૩)
૧૮ આક્ષેપ (૩)
૧૯ એક મોટું માંસાહારી પક્ષી (૨)
૨૦ વૈષ્ણવો કપાળમાં ---- કરે (૩)
૨૨ ચૌકી, જાપતો (૩)
૨૩ પૃથ્વી (૨)
૨૫ ફરક, તફાવત (૨)
૨૭ હા કહ્યા પછી ફરી જનારું (૪)
૨૮ ભરથરીનું તંતુવાદ્ય (૫)

### ઊભી ચાવી

૧ વટેમાર્ગુ, રાહદાર (૨)
૨ વ્યવસ્થા, ગોઠવણ (૩)
૩ ગિરનારનો ગિરિપ્રદેશ (૨)
૪ કાજળ, સુરમો (૩)
૫ પ્રકાર, તરેહ (૨)
૬ માફી માગવી તે (૪)
૯ પ્રારંભનું, મૂળ (૨)
૧૧ ઇશ્વર આગળનો ઇન્સાફનો દિવસ (૪)
૧૨ પ્રતીક્ષા, રાહ (૨)
૧૩ સુંવાળું, સરકણું (૨)
૧૫ જગતનો નાથ, ઇશ્વર (૪)
૧૬ સખી, સહેલી (૨)
૧૭ શિખામણ, ઉપદેશ (૨)
૧૮ પૂજા, સેવા (૪)
૧૯ ગીરવી (૨)
૨૧ સૈન્ય (૩)
૨૨ તહેવાર (૩)
૨૪ ---- રાખે તેને કોણ ચાખે? (૨)
૨૫ ---- ફરવા=લગ્નવિધિમાં અગ્નિની/ પ્રદક્ષિણા કરવી (૨)
૨૬ સમૂહ, સમુદાય (૨)

### ગયા વખતનો ઉકેલ

## ઓળખાણ પડી?



ચેક રિપબ્લિકમાં જન્મેલાં અને ૧૯૯૦ દરમિયાન અમેરિકન પ્રેસિડેન્ટ ડોનલ્ડ ટ્રમ્પનાં પત્ની રહેલાં સન્નારીની ઓળખાણ પડી ?

અ) હોપ હિક્સ
બ) મેલાનિયા ટ્રમ્પ
ક) માર્લા મેપલ્સ
ડ) ઈવાના ટ્રમ્પ

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

આપેલા વાક્યમાં અવાજનો પર્યાયવાચી શબ્દ સંતાયો છે એ શોધી કાઢો.

આ વખતે વરસાદ ઘણો વહેલો પડી ગયો.

## માઈન્ડ ગેમ

સૌરાષ્ટ્રની ધરતીની ભાવનાને કેન્દ્રમાં રાખી ચુનીલાલ મડિયાએ લખેલી નવલકથાનું નામ આપેલા વિકલ્પોમાંથી શોધી કાઢો.

અ) કરણઘેલો ૨) માનવીની ભવાઈ ૩) વેળાવેળાની છાંયડી ૪) વેવિશાળ

## સુડોકુ-૯૨૪૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | | | ૭ | | | | ૨ | |
| | | | | ૪ | ૫ | | | |
| | ૧ | | ૬ | ૯ | | | | |
| | ૫ | ૭ | | | ૬ | | ૩ | ૪ |
| | | ૧ | | | | ૨ | | |
| ૮ | ૬ | | ૫ | | | ૭ | ૯ | |
| | | | | ૬ | ૯ | | ૪ | |
| | | | ૧ | ૮ | | | | |
| | ૭ | | | | ૩ | | | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૨૪૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૮ | ૧ | ૯ | ૨ | ૪ | ૭ | ૬ | ૫ |
| ૨ | ૬ | ૭ | ૩ | ૫ | ૧ | ૪ | ૮ | ૯ |
| ૯ | ૫ | ૪ | ૬ | ૭ | ૮ | ૧ | ૨ | ૩ |
| ૬ | ૧ | ૨ | ૭ | ૩ | ૯ | ૫ | ૪ | ૮ |
| ૮ | ૪ | ૯ | ૫ | ૧ | ૨ | ૬ | ૩ | ૭ |
| ૭ | ૩ | ૫ | ૪ | ૮ | ૬ | ૨ | ૯ | ૧ |
| ૧ | ૭ | ૮ | ૨ | ૬ | ૩ | ૯ | ૫ | ૪ |
| ૪ | ૨ | ૩ | ૧ | ૯ | ૫ | ૮ | ૭ | ૬ |
| ૫ | ૯ | ૬ | ૮ | ૪ | ૭ | ૩ | ૧ | ૨ |

## ગયા ગુરુવારના જવાબ

| A | B |
|---|---|
| जवळ | નજીક |
| जांभई | બગાસું |
| जाज्वल्य | દેદીપ્યમાન |
| जावळे | જોડકું |
| जास्त | વધારે |

ગુજરાત મોરી મોરી રે: ભાભી

ઓળખાણ પડી? Law

માઈન્ડ ગેમ : આનંદમઠ

ચતુર આપો જવાબ માથું ખંજવાળો : રાવ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) વિપીન શાહ (૬) નૂતન વિપીન શાહ (૭) નીતા દેસાઈ (૮) તાહેર ઔરંગાબાદવાલા (૯) શીરીન ઔરંગાબાદવાલા (૧૦) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) પુષ્પા પટેલ (૧૩) ભારતી બુચ (૧૪) હર્ષા મહેતા (૧૫) શ્રદ્ધા આશર (૧૬) લજિતા ખોના (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) મીનલ કાપડિયા (૧૯) કિરીટ છેડા (૨૦) ચેતના છેડા (૨૧) પ્રવીણ વોરા (૨૨) નિખિલ બંગાળી (૨૩) અમીશી બંગાળી (૨૪) મહેશ સંઘવી (૨૫) ભરત કજરિયા (૨૬) મનીષા શેઠ (૨૭) ફાલ્ગુની શેઠ (૨૮) અંજુ ટોલિયા (૨૯) અરવિંદ કામદાર (૩૦) ભાવના કર્વે (૩૧) વિણા સંપટ (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) અલકા વાણી (૩૪) ડાયના સંતોકે (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) પુષ્પા ખોના (૩૮) નયના ગિરીશ મિસ્ત્રી (૩૯) જ્યોત્સના ગાંધી (૪૦) ઈનાક્ષી દલાલ (૪૧) હિના દલાલ (૪૨) રમેશ દલાલ (૪૩) ડૉ. પ્રકાશ કટકિયા (૪૪) મહેશ દોશી (૪૫) પ્રતિમા પમાણી (૪૬) ધીરેન્દ્ર મુલરાજ

# પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે ક્રૂડ ઑઈલના ભાવમાં વધારા સાથે સેન્સેક્સ અને નિફ્ટીમાં ફરી કડાકા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે ક્રૂડ ઓઇલના ભાવમાં વધારા સાથે સેન્સેક્સ અને નિફ્ટી લગભગ ૨ ટકા સુધીના કડાકા જોવા મળ્યા હતા. બુધવારે સેન્સેક્સ ૧,૩૦૦ પોઇન્ટથી વધુ તૂટ્યો અને નિફ્ટી ૨૩,૮૫૦ની નજીક બંધ થયો હતો. એફઆઇઆઇની એકધારી વેચવાલીએ પણ બજારનું માનસ તોડ્યું હતું. સેન્સેક્સ ૧,૩૪૨.૨૭ પોઇન્ટ અથવા ૧.૭૨ ટકા ઘટીને ૭૬,૮૬૩.૭૧ પર સ્થિર થયો. દિવસ દરમિયાન, તે ૧,૪૪૬.૭૨ પોઇન્ટ અથવા ૧.૮૪ ટકા ઘટીને ૭૬,૭૫૯.૨૬ સુધી નીચે ગયો હતો. જ્યારે નિફ્ટી ૩૯૫ પોઈન્ટ અથવા ૧.૬૩ ટકા ઘટીને મનોવૈજ્ઞાનિક રીતે મહત્વપૂર્ણ ૨૩,૯૦૦ની સપાટી તોડી ૨૩,૮૬૬.૮૫ના સ્તર પર બંધ થયો હતો.

વ્યાપક બજારમાં પણ સારું વેચાણ જોવા મળ્યું હતું. બીએસઇ ૧૫૦ મિડકેપ ઈન્ડેક્સ ૧.૧૩ ટકા ઘટીને બંધ થયો હતો, જ્યારે બીએસઇ ૨૫૦ સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૩૨ ટકા ઘટ્યો હતો. એક અંદાજે બીએસઇ લિસ્ટેડ કંપનીઓનું એકંદર બજાર મૂડીકરણ પાછલા સત્રના રૂ. ૪૪૭ લાખ કરોડથી ઘટીને લગભગ રૂ. ૪૪૨ લાખ કરોડ થયું હતું, જેના કારણે રોકાણકારોએ એક જ સત્રમાં લગભગ પાંચ લાખ કરોડ રૂપિયા ગુમાવ્યા હતા. લગભગ ૧,૮૦૭ શેર વધ્યા હતા, ૨,૨૭૭ શેર ઘટ્યા હતા અને ૧૩૮ શેર યથાવત રહ્યા હતા. બજાજ ફાઇનાન્સ, એક્સિસ બેન્ક, બજાજ ફિનસર્વ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, મારુતિ, ટ્રેન્ટ, ભારતી એરટેલ અને કોટક મહિન્દ્રા બેન્ક ટોર લુઝર હતા જ્યારે સન ફાર્મા અને એનટીપીસી ટોપ ગેઇનર રહ્યા હતા. એક્સચેન્જના ડેટા અનુસાર પાછલા સત્રમાં ૧૦ માર્ચે, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ રૂ. ૪,૬૭૩ કરોડના ચોખ્ખા વેચાણકર્તા રહ્યા છે, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૬,૩૩૩ કરોડથી વધુની ચોખ્ખી ખરીદી કરી હતી.

એઆઇ સાયબર સુરક્ષા, ક્લાઉડ સર્વિસિસ, ડિજિટલ ટ્રાન્સફોર્મેશન, એન્ટરપ્રાઇઝ એપ્લિકેશન્સ અને મેનેજ્ડ આઇટી સેવાઓ પૂરી પાડતી ગ્લોબલ આઇટી સર્વિસ કંપની, દેવ ઇન્ફોર્મેશન ટેક્નોલોજી લિમિટેડે જાણ કરી છે કે એક્સડ્યુસે તેની એઆઇ, સાયબર સુરક્ષા અને ગ્લોબલ ફૂટપ્રિન્ટને મજબૂત કરવા માટે દેવ આઇટીમાં આશરે ૨૪ ટકાનો વ્યૂહાત્મક હિસ્સો હસ્તગત કર્યો છે.

સેડેમેક મેકેન્ટ્રોનિક્સનો શેર બીએસઇ પર તેના રૂ. ૧૩૫૨ના ઇશ્યૂ ભાવ સામે ૧૧.૬૮ ટકાના પ્રીમિયમ સાથે રૂ. ૧૫૧૦ના ભાવે લિસ્ટેડ થયા બાદ ૧૯.૩૪ ટકા સુધી આગળ વધ્યો હતો. એનએસઇ પર તે ૧૩.૫૦ ટકા પ્રીમિયમે લિસ્ટેડ થયો હતો. નોંધવું રહ્યું કે પ્રાઇમરી માર્કેટમાં તાજેતરમાં ઘણા નવા ભરણાં ડિસ્કાઉન્ટમાં લિસ્ટેડ થયા હતા.

રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝે અમેરિકાના ટેક્સાસમાં નવી ઓઇલ રિફાઇનરીના પ્રોજક્ટ માટે ૩૦૦ અબજ ડોલરના કરાર કર્યા હોવાનું અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે જાહેર કર્યું છે, જોકે આ સંદર્ભે રિલાયન્સ તરફથી કોઇ પ્રતિભાવ આવ્યો નથી. અમેરિકા, ઈઝરાયલ, ઈરાન યુદ્ધની અસર હજુ પણ ભારતીય શેર માર્કેટ પર જોવા મળી રહી છે અને સતત માર્કેટ ગગડી રહ્યું છે. યુદ્ધ પહેલા એટલે કે ૨૭ ફેબ્રુઆરીએ ઇજીઊ સેન્સેક્સ ૮૧,૨૮૭.૧૯ પોઇન્ટ હતો, જે ૧૧ માર્ચે ૭૬,૮૬૩.૭૧ પર પહોંચી ગયો છે. આમ ૨૮ ફેબ્રુઆરીએ યુદ્ધ શરૂ થાય બાદ સેન્સેક્સમાં ૪,૪૨૩.૪૮નો જબરદસ્ત ઘટાડો થયો છે.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં એનટીપીસી ૦.૭૨ ટકા અને સન ફાર્મા ૦.૬૬ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે બજાજ ફાઈનાન્સ ૫.૦૧ ટકા, એક્સિસ બેન્ક ૪.૨૬ ટકા, બજાજ ફિનસર્વ ૩.૯૫ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૩.૮૧ ટકા, મારુતિ ૨.૬૫ ટકા, ભારતી એરટેલ ૨.૪૪ ટકા, ટ્રેન્ટ ૨.૩૯ ટકા, કોટક બેન્ક ૨.૧૭ ટકા, એશિયન પેઈન્ટ ૨.૧૫ ટકા અને બીઈએલ ૨.૦૨ ટકા ઘટ્યા હતા.

નિફ્ટી ૫૦ મુખ્યત્વે ઓટોમોબાઈલ ઉત્પાદકો, બેંકો અને અન્ય નાણાકીય કંપનીઓના શેરમાં ઘટાડાને કારણે નીચે ખેંચાયો હતો. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને બજાજ ફાઇનાન્સના શેરમાં ત્રણથી ચાર ટકા સુધીના સૌથી મોટા ઘટાડા નોંધાયા હતા. અમેરિકાના પ્રમુખે યુદ્ધ વહેલું સમાપ્ત કરી લેવાનો દાવો કર્યો છે પરંતુ સામે ઇરાન ધારણાંથી અનેકગણું વધુ આક્રમક અને મજબૂત જણાઇ રહ્યું છે. આ રીત હજુ પણ નોંધપાત્ર ભૂરાજકીય અનિશ્ચિતતા તોળાઇ રહી હોવાથી બજારમાં સાવચેતીનું માનસ છે.

ભારતીય ચલણના મૂલ્યનો ઘટાડો પણ સેન્ટિમેન્ટને ઠેસ મારી રહ્યો છે. બ્લૂમબર્ગના ડેટા અનુસાર, બુધવારે ભારતીય રૂપિયો ૨૪ પૈસા ઘટીને ૯૨.૦૪ પ્રતિ ડોલર પર બંધ થયો હતો. રૂપિયાની નબળાઈ વિદેશી મૂડીના બાહ્યપ્રવાહને વેગ આપી શકે છે, કારણ કે ચલણના અવમૂલ્યનથી તેમના વળતરમાં ઘટાડો થાય છે. વધુમાં, રૂપિયાના ઘટાડાથી ફુગાવાનું જોખમ પણ વધે છે, જે વ્યાજ દરોમાં વધારો કરી શકે છે. માર્ચ મહિનામાં માત્ર છ સત્રોમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ કેશ સેગમેન્ટમાં રૂ. ૩૨,૮૦૦ કરોડથી વધુ મૂલ્યના ભારતીય શેર વેચી દીધા છે. ક્રૂડ ઓઇલના ઊંચા ભાવ, નબળા ભારતીય રૂપિયા અને ઇરાન સાથે યુએસ-ઇઝરાયલ સંઘર્ષને કારણે વધતા યુએસ ડોલર વચ્ચે એફઆઇઆઇ આક્રમક રીતે ભારતીય શેર વેચી રહ્યા છે. નોંધનીય છે કે, કમાણી-મૂલ્યાંકનનો મેળ ના બેસતો હોવાને કારણે અને ભારતમાં એઆઇ થીમ્સની ગેરહાજરીને કારણે વિદેશી ફંડો ગયા વર્ષે જુલાઈથી ભારતીય શેર વેચી રહ્યા છે.

ઈન્ડિયા કરુણા કોલાબોરિટીવ (આઇકેસી)એ એનિમલ વેલફેરને સાંકળતી પરિચર્ચામાં અર્થતંત્ર પર પડનારા બોજ તરફ અંગુલી નિર્દેશ કર્યો હતો. ભારતની દૈનિક આર્થિક અને ખાદ્ય પ્રણાલીઓમાં ૧.૫૦ અબજથી વધુ ફાર્મ એનિમલ સંકળાયેલા છે. છતાં તેઓ આર્થિક નિર્ણયો, નીતિ માળખા અને પ્રગતિના માપદંડોમાં તેમની ગણના નથી. આઇકેસીએ આ જ હેતુસર ભારતના આબોહવા, જાહેર આરોગ્ય અને આર્થિક વિકાસ એજન્ડામાં એનીમલ વેલફેરને એકીકૃત કરવાના હેતુથી પ્રથમ પ્રકારનું રાષ્ટ્રીય પ્લેટફોર્મ તૈયાર કર્યું છે.

# માગ અને નબળી ગુણવત્તાએ ખાંડમાં ₹ છથી ૧૦નો ઘટાડો

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૨૦થી ૩૭૬૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહેવાની સાથે અમુક માલની ગુણવત્તા પણ નબળી આવી હોવાથી સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી અનુક્રમે ક્વિન્ટલે રૂ. છ અને રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે પણ કામકાજો પાંખાં રહેતાં ભાવ ક્વિન્ટલે રૂ. ૧૦ ઘટી આવ્યા હતા. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ પણ છૂટીછવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો.

# ક્રૂડતેલના ભાવ વધતાં ડૉલર સામે રૂપિયો ૧૬ પૈસા તૂટ્યો

મુંબઈઃ મધ્ય પૂર્વના દેશોમાં વધેલા તણાવની સાથે આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં તથા બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં તેજીનું વલણ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૬ પૈસા તૂટીને ૯૨.૦૧ની સપાટીએ બંધ રહ્યો હતો. વધુમાં આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલી જળવાઈ રહી હોવાના નિર્દેશોને કારણે રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૧.૮૫ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૧.૯૨ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૨.૦૬ અને ઉપરમાં ૯૧.૮૫ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૬ પૈસાના ઘટાડા સાથે ૯૨.૦૧ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૩૬ પૈસાનો સુધારો જોવા મળ્યો હતો. એકંદરે પશ્ચિમ એશિયામાં ભૂરાજકીય તણાવની સ્થિતિ વચ્ચે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ, બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં વધારો, ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં આજે રૂપિયો દબાણ હેઠળ આવ્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૪ ટકા વધીને ૯૮.૯૬ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૫.૪૪ ટકા ઉછળીને બૅરલદીઠ ૯૨.૫૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી અનુક્રમે ૧૩૪૨.૨૭ પૉઈન્ટ અને ૩૯૪.૭૫ પૉઈન્ટ ઘટીને બંધ રહ્યો હતો.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

જાળવણી કામ

**Sr. CDO-ICD** – મુંબઈ સેન્ટ્રલ ટેન્ડર નોટીસ નં. **M137-BDTS-ACWP**, તા. ૦૬/૦૩/૨૦૨૬ મંગાવે છે. કામનું નામઃ કોચિંગ ડેપો બાંદ્રા ટર્મિનસ ખાતે ૦૫ વર્ષ વ્યાપક વાર્ષિક જાળવણી અને ઓપરેશન (CAMOC) સાથે ઓટોમેટિક કોચ વોશિંગ પ્લાન્ટ (ACWP)ની વન ટાઈમ રિપેર. કામની અંદાજિત કિંમતઃ ₹ ૯૯,૫૭,૫૩૨.૨૪ (તમામ સહિત). બારડીઃ ₹ ૧,૯૯,૨૦૦/-. ટેન્ડર સુપ્રતિ બંધ થવાની તારીખ અને સમયઃ ૦૩.૦૪.૨૦૨૬ના ૧૫.૦૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 1208

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly



**TENDER NOTICE**

Sealed Tenders are invited from Resourceful Builders/Developers for Redevelopment of

**SHREE DUTT C.H.S. LTD.**

(Regd. No BOM/WP/HSG(TC)/1704/85-86)
SHREE DUTT C.H.S. LTD., CTS No. 566/B, B/2-3, 4 & 5. Malad (W), Mumbai - 400064.
Plot Area(PRC) - 2501.90Sq. Mtrs
Occupied Area - 2510.47 Sq.Mtrs
**Tender forms available at**
Society Office / Shop No. 03
Malad (W), Mumbai - 400064.
between **12/03/2026 to 26/03/2026**
at 11am to 6pm on working days.
Tender Submission on **06/04/2026**

**PMC M/s. MANDEEP DESAI & ASSOCIATES**

Geetanjali Nagar, C-6/56 Special Wing, Saibaba Nagar, Borivali (W), Mumbai - 400092. **Ph.: 9320427019**
**Tender Cost Rs. 15,000/- in Cash**
(Non-Refundable)


# ટીન, ઝિન્ક અને કોપરમાં નિરસ માગે પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક સ્તરે કોપરમાં પુરવઠાખેંચની સ્થિતિ વચ્ચે ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું. તેમ જ વિશ્વ બજાર પાછળ સ્થાનિકમાં પણ કોપરના ઓનલાઈન વાયદામાં ભાવ વધી આવ્યા હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં મુખ્યત્વે ટીનમાં વધ્યા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૨૫ ઘટી આવ્યા હતા, જ્યારે કોપર, બ્રાસ શીટ કટિંગ્સ, ઝિન્ક સ્લેબ અને નિકલમાં નિરસ માગ અને સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલીનું દબાણ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. એકથી સાત ઘટી આવ્યા હતા, જ્યારે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્ટોકિસ્ટોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. બેથી પાંચ વધી આવ્યા હતા અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર ગઈકાલે ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૧૯ ઉછળી આવ્યા બાદ આજે વધ્યા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ અને ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૨૫ ઘટીને રૂ. ૪૭૬૯ના મથાળે રહ્યા હતા.

આ સિવાય અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને નિરસ માગ રહેતાં કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. સાત ઘટીને રૂ. ૧૨૬૯, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. છ ઘટીને રૂ. ૧૧૯૪, બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૮૩૦, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૧૧૮૮, કોપર આર્મિચર અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૧૧૮૦ અને રૂ. ૧૦૯૦, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૩૨૭ અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૧૬૩૭ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૨૬૦ અને રૂ. ૩૪૪ અને વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૭૪૦ના મથાળે રહ્યા હતા, જ્યારે એકમાત્ર લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૯૧ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ચાંદી ₹ ૪૯૩૪ ગબડી, રૂપિયો નબળો પડતાં સોનામાં ₹ ૪૨નો ધીમો સુધારો

મુંબઈઃ વૈશ્વિક સ્તરે મધ્ય પૂર્વના દેશોમાં તણાવની સ્થિતિ વચ્ચે બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં વધારો થવાથી ફુગાવામાં વધારો થવાની ભીતિ સપાટી પર આવી હતી. જોકે, વધતા ફુગાવાના સંજોગોમાં અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કપાતમાં વધુ વિલંબમાં મુકાઈ જવાની શક્યતાને ધ્યાનમાં લેતા આજે લંડન ખાતે સત્રના આરંભે સોનાના ભાવમાં સાધારણ ૦.૧ ટકાનો ઘટાડો આવ્યો હતો, જ્યારે ચાંદીના ભાવ બે ટકા ઘટી આવ્યા હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૪૯૩૪ ગબડી ગયા હતા. જોકે, આજે સોનામાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ છતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૧ પૈસા નબળો પડતા આયાત પડતર વધવાને કારણે ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૧થી ૪૨ વધી આવ્યા હતા. આજે ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૪૯૩૪ તૂટીને રૂ. ૨,૬૬,૦૧૦ના મથાળે રહ્યા હતા. તેમ જ આજે સોનામાં રોકાણકારો, સ્ટોકિસ્ટો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ હોવા છતાં રૂપિયો નબળો પડવાને કારણે વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૧ વધીને રૂ. ૧,૫૯,૫૮૮ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧,૬૦,૨૩૦ના મથાળે રહ્યા હતા. આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧ ટકા ઘટીને ઔંસદીઠ ૫૧૮૩.૮૨ ડૉલર અને એપ્રિલ ડિલિવરી વાયદામાં ભાવ એક ટકો ઘટીને ઔંસદીઠ ૫૧૯૧.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ બે ટકા ઘટીને ઔંસદીઠ ૮૬.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. ગઈકાલે ક્રૂડતેલના ભાવમાં ઘટાડો જોવા મળ્યા બાદ આજ ભૂરાજકીય તણાવ યથાવત્ હોવાનું જણાતા પુનઃ બાઉન્સબૅક જોવા મળ્યું હતું. આમ ક્રૂડતેલના ભાવમાં વધારાની સાથે ફુગાવો વધવાની ભીતિ છતાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને ફુગાવો વધતાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કપાતમાં વધુ વિલંબ કરે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા સોનાના ભાવમાં નોંધપાત્ર ઉછાળો જોવા નથી મળતો, એમ સ્વિસક્વૉટાના વિશ્લેષક કાર્લો અલ્બર્ટો ડે કાસાએ જણાવતા ઉમેર્યું હતું કે ડૉલર મજબૂત થવાથી વિદેશી ખરીદદારોની આયાત પડતરો વધવાથી સોનાની માગ મંદ પડે છે.

એકંદરે મધ્યપૂર્વના દેશોમાં પ્રવર્તી રહેલા તણાવને ધ્યાનમાં લેતા ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી પુરવઠા જાળવણી માટે તેલની અનામતમાંથી મોટો જથ્થો છૂટો કરવાની યોજના ધરાવે છે, પરંતુ આ બાબતે બજાર શંકા સેવી રહી હોવાથી તેલના ભાવમાં તેજીનું વલણ જોવા મળે છે. દરમિયાન હાલના તબક્કે અમેરિકા-ઈઝરાયલ સંયુક્તપણે ઈરાન પર હવાઈ હુમલાઓ કરી રહ્યા છે અને તેલ તથા લિક્વિડ નેચરલ ગૅસના પરિવહન માટેનો સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ બંધ છે.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

**દેવનાર કતલખાનું**

**વિભાગ-જનરલ મેનેજર, દેવનાર કતલખાનું**

**''ઈ-ટેન્ડર નોટિસ''**

BMCના મ્યુનિસિપલ કમિશનર પાકતી તારીખ ૧૭.૦૩.૨૦૨૬ના પરત કરી શકાય તેવા નીચેના કામ માટે ટેન્ડરો મંગાવે છે.

કામનું નામઃ- ૧) દેવનાર કતલખાનામાં પશુ અનલોડિંગ રેમ્પના પશુચિકિત્સા અધિકાર રાજ્ય સરકારની ઓફિસ પાસે ભેંસો માટે પશુ આશ્રય વ્યવસ્થાની ડિઝાઈન, ઈરેકશન અને કમિશનિંગનું કામ.

| ક્ર. નં. | બીડ નંબર | બીડ પ્રારંભ તારીખ | બીડ અંતિમ તારીખ | ટેન્ડર કિંમત | બાના રકમ ડિપોઝિટ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૨૬_MCGM_ ૧૨૮૫૪૬૯_૧ | ૧૧.૦૩.૨૦૨૬ | ૧૭.૦૩.૨૦૨૬ | રૂ. ૭,૨૬૦/- + ૧૮% GST | રૂ.૬૦,૦૦૦/- |

રસ ધરાવતા લાયક કોન્ટ્રાક્ટરો ઈ-ટેન્ડર અંગે વધુ માહિતી BMC વેબસાઈટ https://portal.mcm.gov.in/ under (For Partners--> Tenders-view--> Select Department - Deonar Abattoir) પર અથવા જનરલ મેનેજર, દેવનાર કતલખાનું, ગોવંડી રેલવે સ્ટેશન સામે, ગોવંડી, મુંબઈ-૪૩ની ઓફિસમાંથી મેળવી શકાય છે.

સહી/-
જનરલ મેનેજર
દેવનાર કતલખાનું

PRO/3249/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

K.E.M. હોસ્પિટલ, પરેલ, મુંબઈ-૪૦૦૦૧૨.

**ઈ-ટેન્ડર નોટિસ**

**નં. KEMH/૬૨૦૧/AEME તા. ૧૧.૦૩.૨૦૨૬**

આ ઈ-ટેન્ડર નોટિસ છેઃ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન ''આઈટમ રેટ ધોરણે/ટકાવારી રેટ ધોરણે'' નીચેના કામ માટે ઈ-ટેન્ડર મંગાવે છે.

| ક્ર. નં. | કામનું નામ | બાના રકમ ડિપોઝિટ-રૂ | બીડ પ્રારંભ તારીખ અને સમય | બીડ અંતિમ તારીખ અને સમય |
|---|---|---|---|---|
| | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | KEM હોસ્પિટલમાં અન્ય સંલગ્ન રિપેર કામો અને ગાયનેક સ્ટોર રૂમ માટે જરૂરી કામ હાથ ધરવું. **૨૦૨૬_MCGM_૧૨૮૫૮૨૯_૧** | રૂ. ૨૦,૦૦૦/- | ૧૧.૦૩.૨૦૨૬ (૧૭.૦૦ ક.) | ૧૮.૦૩.૨૦૨૬ (૧૭.૦૦ ક.) |
| ૨ | KEM હોસ્પિટલ ખાતે હોસ્પિટલ IT સિસ્ટમ માટે ઓપરેશનલ કન્ઝ્યુમેબલ્સની સપ્લાય. **૨૦૨૬_MCGM_૧૨૮૫૮૩૫_૧** | રૂ. ૫૦,૦૦૦/- | ૧૧.૦૩.૨૦૨૬ (૧૭.૦૦ ક.) | ૧૮.૦૩.૨૦૨૬ (૧૭.૦૦ ક.) |
| ૩ | KEM હોસ્પિટલમાં ૧૨મો માળ સ્પોર્ટ્સ સેન્ટર, MS બિલ્ડિંગ ખાતે સુરક્ષા સિસ્ટમ માટે સર્વેલન્સ એસેસરીઝનો ઉપયોગ. **૨૦૨૬_MCGM_૧૨૮૫૮૩૨_૧** | રૂ. ૯,૦૦૦/- | ૧૧.૦૩.૨૦૨૬ (૧૭.૦૦ ક.) | ૧૮.૦૩.૨૦૨૬ (૧૭.૦૦ ક.) |
| ૪ | પાત્રતા માપદંડ (પેકેટ-''A'') | ૧૯.૦૩.૨૦૨૬ | | ૧૧.૦૦ ક. |
| ૫ | ટેકનિકલ બીડ (પેકેટ-''B'') | ૧૯.૦૩.૨૦૨૬ | | ૧૧.૦૦ ક. |
| ૬ | વાણિજિયક બીડ (પેકેટ-''C'') | શેડ્યૂલ મુજબ | | |

ઈચ્છુક ટેન્ડરરે ટેન્ડરની વધુ વિગતો માટે અહીં (http://mahatender.gov.in)ની મુલાકાત લેવી જોઈએ. ટેન્ડરોએ નોંધ લેવી જોઈએ કે આ ટેન્ડર નોટિસ અંગે જારી કરાયેલ કોઈપણ સુધારા (http://mahatender.gov.in) પોર્ટલ પર પ્રકાશિત કરવામાં આવશે. સ્થાનિક અખબારોમાં કોઈ સુધારા પ્રકાશિત કરવામાં આવશે નહીં.

**ટેન્ડર દસ્તાવેજો પોસ્ટ દ્વારા જારી અથવા પ્રાપ્ત કરવામાં આવશે નહીં.**

સહી/-
A.E. (M & E)
K.E.M. હોસ્પિટલ

PRO/3257/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

**સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ (પ્લાનિંગ)**

**નંબર ડે.ચી.એ./૭૫૧૧/SWM/પ્લાનિંગ તા. ૧૧/૦૩/૨૦૨૬**

**ઈ-ટેન્ડર નોટિસ**

| | | |
|---|---|---|
| વિષય | : | ''શહેર વિસ્તારમાં ડોમેસ્ટિક સેનિટરી વેસ્ટ અને સ્પેશિઅલ કેર કચરાના સંગ્રહ માટે પીળી બેગની સપ્લાય.'' |
| વિભાગ | : | સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ/ ડે. ચી. એન્જિ. (SWM) પ્લાનિંગ |
| ટેન્ડર ID નં. | : | ૨૦૨૬_MCGM_૧૨૮૫૮૫૮_૧ |
| બીડ પ્રારંભ તારીખ & સમય | : | ૧૨.૦૩.૨૦૨૬ સ. ૧૧.૦૦ ક.થી |
| બીડ અંતિમ તારીખ & સમય | : | ૧૬.૦૩.૨૦૨૬ સાં. ૧૬.૦૦ ક. સુધી |
| વેબસાઈટ | : | https://mahatenders.gov.in |
| સંપર્ક વ્યક્તિઃ- | | |
| a નામ | : | શ્રી હેમંત ભૂસારે, A.E. (SWM) પ્લાનિંગ |
| b ટેલિફોન | : | ૦૨૨-૨૩૮૪૪૪૫૦ |
| c મોબાઈલ નંબર | : | ૯૭૬૨૦૦૬૪૪૯ |
| d ઈ-મેલ ID | : | ee1swm.pl@mcgm.gov.in |

સહી/-
એક્ષિ. એન્જિ. (SWM) પ્લાનિંગ

PRO/3261/ADV./2025-26

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

હાયડ્રોલીક એન્જીનીયરનો વિભાગ (O.C. ડિવિઝન)

નં. Dy.HE (M&E) M-૩A / ૭૨૩૬/ P.P. તા. ૦૯/૦૩/૨૦૨૬

**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નીચે આપેલા કામ માટે ત્રણ પેકેટ સિસ્ટમમાં આઈટેમ રેટ ધોરણે લાઈનમાં વ્યવહાર કરતી પેઢીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવે છે.

| | |
|---|---|
| વિભાગ | હાયડ્રોલીક એન્જીનીયર |
| સેક્શન | ડે. હાયડ્રોલીક એન્જીનીયર (M&E) M-3 A પીસે-પાંજરાપુર |
| ટેન્ડર ID: | ૨૦૨૬_MCGM_૧૨૮૪૧૯૧ |
| કામનું નામ | મુંબઈ-III A પમ્પિંગ સ્ટેશન, પિસે ખાતે પ્રેશર વેસલ્સ અને લિફ્ટિંગ ટેકલ્સની સમયાંતરે નિરીક્ષણ અને ટેસ્ટિંગ. |
| વેબસાઈટ | https://mahatenders.gov.in http://portal.mcgm.gov.in/tenders |

ટેન્ડર દસ્તાવેજ ''ટેન્ડર્સ'' સેક્શન હેઠળ BMCની વેબસાઈટ (http://portal.mcgm.gov.in) તેમજ ઈ-ટેન્ડરીંગ વેબસાઈટ (https://mahatenders.gov.in) પરથી ડાઉનલોડ કરી શકાય છે.

સહી/-
(ડી. એસ. ભવરે)
ડે. હાઈડ્રોલિક એન્જીનીયર (M&E)
M-3 A, પીસે પાંજરાપુર

PRO/3250/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



**પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ**

**પ્રોજેક્ટ માટે કન્સલ્ટન્ટ ની નિમણૂક માટે પ્રસ્તાવ આમંત્રણ**

**ઈ-ટેન્ડર સૂચના નં.: CAO-CONS-RSP-WR-2025-26-01**

ભારતના રાષ્ટ્રપતિની માટે અને તેમના વતી ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસ (કન્સ્ટ્રક્શન), રોડ સેફ્ટી પ્રોજેક્ટ્સ, પશ્ચિમ રેલવે, ચર્ચગેટ દ્વારા નીચે મુજબના કામ માટે સીલબંધ ઈ-ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છે.

**i. ઈ-ટેન્ડર નં.: CAO-CONS-RSP-WR-2025-26-01**

**ii. કામનું નામ:** પ્રોજેક્ટ માટે કન્સલ્ટન્ટ (PC) ની નિમણૂંક માટે રિક્વેસ્ટ ફોર પ્રોપોઝલ (RFP) – પશ્ચિમ રેલવે પર 397 લેવલ ક્રોસિંગ ગેટ્સ દૂર કરવા માટે ROB અને/અથવા RUB/LHS/અન્ય સ્ટ્રક્ચર/જરૂર મુજબ રોડ ડાયવર્ઝનના નિર્માણ માટે ફીઝીબિલિટી સ્ટડી અને DPR તૈયાર કરવાની શરૂઆતથી લઈને ડિફેક્ટ લાયબિલિટી પીરિયડ સુધીની વ્યાપક કન્સલ્ટન્સી સેવાઓ, જેમાં અંતિમ યોજનાના જરૂરી ઘટકોની વિગતવાર ડિઝાઈન, કામના અમલીકરણ માટે ટેન્ડર પ્રક્રિયા, ટેક્નો-મેનેજિરિયલ કન્સલ્ટન્સી, પ્રોજેક્ટ સુપરવિઝન સેવાઓ/પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્સી, જમીન અધિગ્રહણમાં સહાય વગેરેનો સમાવેશ થાય છે.

**iii. કામનો અંદાજિત ખર્ચ:** ₹ 325,45,93,426.17/- (રૂપિયા ત્રણસો પચ્ચીસ કરોડ પિસ્તાલીસ લાખ ત્રાણું હજાર ચારસો છવ્વીસ અને સત્તર પૈસા)

**iv. જમા કરવાની અર્નેસ્ટ મની :** ₹ 1,64,23,100/- (રૂપિયા એક કરોડ ચોસઠ લાખ તેવીસ હજાર એકસો માત્ર)

**v. ઓનલાઈન ટેન્ડર બિડિંગ માટે ઉપલબ્ધતા:** 10.04.2026 ના રોજ 11:00 કલાકથી 24.04.2026 ના રોજ 15:00 કલાક સુધી

vi. વિગતવાર માહિતી માટે: ટેન્ડર દસ્તાવેજની કિંમત (નૉન-રિફંડેબલ), EMD, પાત્રતા માપદંડ, સમાન પ્રકારના કામનો અનુભવ, વિગતવાર ટેન્ડર શરતો વગેરે માટે કૃપા કરીને **www.ireps.gov.in** વેબસાઇટની મુલાકાત લો. મેન્યુઅલ ઓફર માન્ય ગણાશે નહીં.

ADI 305

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



**TENDER NOTICE**

**Bhoomi Enclave CHS Ltd., Mahavir Nagar, Kandivali (W), Mumbai - 400067**

Inviting **Sealed Tenders** from reputed & eligible contractors for
**COMPOUND FLOORING, DRAINAGE CHAMBER REPAIRING & OTHER BEAUTIFICATION WORKS**
etc. in Society Premises.
Tender documents will be available from **12-03-2026 to 25-03- 2026** & can be collected from consultant's office between **10:30 am to 06:00 pm** by submitting a request letter &
**Tender Fee -** Payable in Cash or UPI: ₹ 3000/- (Non-refundable)
**Contact: Buildrus Engineers & Consultants**
**7021425825, 9769170179, 93241313727**
**Email:** buildrus.engineers@gmail.com
**Office:** Flat No. 01, Sheetal Chhaya CHS Ltd, Dahanukar Wadi, Kandivali (W), Mumbai 400067
**WE ALSO REQUIRE CIVIL ENGINEER & SITE SUPERVISOR**



**પશ્ચિમ રેલવે- રતલામ ડિવિઝન**

**ઈ-ટેન્ડર નોટીસ**

ટેન્ડર નં. **EL/TRD/૫૮/ ૨x૨૫/EPC-PSI/ ૦૧, તારીખઃ ૧૦.૦૩.૨૦૨૬. કામનું નામઃ** પશ્ચિમ રેલવેના રતલામ ડિવિઝનના ગોધરા-રતલામ સેકશન વચ્ચે ૨x૨૫KV ફિડીંગ સિસ્ટમ માટે ટ્રેકશન સબસ્ટેશન અને સ્વીચિંગ પોસ્ટ્સના સંબંધમાં ૧૩૨/૫૫KV સ્કોટની ડિઝાઈન, સપ્લાય, ઈરેકશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ. **કામની અંદાજિત કિંમતઃ** રૂ. ૧૪૬,૦૬,૦૦,૦૦૦/-. **બાના રકમ ડિપોઝિટ/ બીડ સુરક્ષાઃ** રૂ. ૭૪,૫૩,૦૦૦/ - **પૂર્ણતાનો સમયગાળોઃ** ૨૪ મહિના. **ટેન્ડર દસ્તાવેજની કિંમતઃ** Nil. **બંધ થવાની તારીખ અને સમયઃ** ૨૫.૦૩.૨૦૨૬ ૧૫.૦૦ ક. સુધીના બદલે ૧૦.૦૪.૨૦૨૬ ૧૫.૦૦ ક. સુધી. **ટેકનિકલ બીડની ખોલવાનીઃ** ૦૬.૦૪.૨૦૨૬ ૧૫.૩૦ ક. પછીની બદલે ૨૧.૦૪.૨૦૨૬ ૧૫.૩૦ ક. **ઓફરની માન્યતાઃ** ખોલવાની તારીખથી ૧૮૦ દિવસ. **વેબસાઈટ વિગતોઃ www.ireps.gov.in નોટીસ બોર્ડ સ્થળઃ** Sr. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (ટ્રેકશન ડિસ્ટ્રિબ્યુશન), પશ્ચિમ રેલવે, રતલામ- ૪૫૭૦૦૧ની ઓફિસમાં.

DE/13/1/503

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly



**પશ્ચિમ રેલવે**
**અમદાવાદ મંડળ**

**કોચમાં IOT આધારિત વોટર લેવલ ઈન્ડિકેટર અને મોનિટરિંગ સિસ્ટમની સપ્લાય, ઈન્સ્ટોલેશન, કમિશનિંગ અને ટેસ્ટિંગ માટે કોન્ટ્રાક્ટ વર્ક**

**ઈ-નિવિદા સૂચના સંઃ DRM (M) ADI/ 45/2025-26 તારીખ 10.03.2026** નીચે દર્શાવેલ કાર્ય માટે પાત્ર કોન્ટ્રાક્ટરો પાસેથી ઈ-ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છે. **કાર્યનું નામઃ** એડીઆઈ ડિવિઝનના કોચોમાં IOT આધારિત જળ સ્તર સૂચક અને મોનિટરિંગ સિસ્ટમની સપ્લાય, ઈન્સ્ટોલેશન, કમિશનિંગ અને ટેસ્ટિંગ માટે સંવિદા કાર્ય, R D S O ટેક્નિકલ સ્પેસિફિકેશન IS/RDSO-CG/0002:2025 તારીખ 23.06.2025 અથવા તાજેતરનું મુજબ. **નિવિદા સં.: S/ADI/KKF/BRSP/1/ 2025-26/Re કાર્યનો અંદાજિત ખર્ચઃ** ₹5,90,47,200/- (પાંચ કરોડ નેવું લાખ સુડતાલીસ હજાર બસો રૂપિયા માત્ર) **અર્નેસ્ટ મનીઃ** ₹4,45,200/- (ચાર લાખ પિસ્તાલીસ હજાર બસો રૂપિયા માત્ર) અથવા જે લાગુ પડે તે **નિવિદા બંધ અને ખુલવાનો સમય અને તારીખઃ બંધ થવાનો સમય અને તારીખઃ** 31/03/2026 ના રોજ 15:00 વાગ્યા સુધી, **ખુલવાનો સમય અને તારીખઃ** 31/03/2026 ના રોજ 15:30 વાગ્યે. **વેબસાઇટનું સરનામું, સૂચના સ્થાન જ્યાં નિવિદાની માહિતી ઉપલબ્ધ રહેશે, કાર્યાલયનું સરનામું જ્યાંથી નિવિદા આમંત્રિત કરવામાં આવી છેઃ https://www.ireps.gov.in** વરિષ્ઠ કોચિંગ ડેપો અધિકારીનું કાર્યાલય કોચિંગ ડેપો કાંકરિયા, ગોમતીપુર રેલવે યાર્ડ, નગરી મિલ પાસે, અમદાવાદ (વેસ્ટર્ન રેલવે) 380021

ADI 304

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

# ગેસનું ગ્રહણ

## લગ્ન સમારંભો અટકી પડયા

## કેટરર્સે ઓર્ડર લેવાના બંધ કર્યા, ભાવ પણ પચાસ ટકા વધારી નાખ્યા

મુંબઈ: મધ્ય પૂર્વમાં ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધની સીધી અસર મહારાષ્ટ્રના સામાન્ય લોકોના ખિસ્સા અને આનંદની પળો પર પણ પડવા લાગી છે. પિંપરી-ચિંચવડમાં આગામી બે મહિનામાં અંદાજે હજારો લગ્ન સમારંભો આયોજિત છે. જોકે, કોમર્શિયલ ગેસ સિલિન્ડરની ભારે અછતને કારણે આ લગ્નોમાં ‘જમણવાર’ પર મોટું સંકટ આવી પડ્યું છે. ગેસના અભાવે કેટરર્સે પોતાના ઓર્ડર રદ કરવાનું શરૂ કરી દીધું છે, જેના કારણે વર-કન્યાના પરિવારો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે.

ગેસનો પુરવઠો ખોરવાવાને કારણે કેટરર્સ હવે ગમે તે કિંમતે ગેસ શોધી રહ્યા છે. કાળાબજારમાં ગેસના ભાવ આસમાને પહોંચતા, વધારાનો ખર્ચ વસૂલવા માટે કેટરર્સે જમવાના દરોમાં પચાસ ટકા સુધીનો વધારો કરવાની

(જુઓ પાનું ૪) ▸▸

## બેકરીઓને ફટકો

### પાંઉ મળવા મુશ્કેલ

મુંબઈ: યુદ્ધને કારણે કમર્શિયલ ગેસની અછત સર્જાતા તેની સીધી અસર હવે પાંઉના ઉત્પાદન પર પણ પડશે. હાઈ કોર્ટના આદેશ મુજબ મુંબઈની કોલસાથી ચાલતી બેકરીઓને એલપીજી ગેસ પર શિફ્ટ કરવામાં આવી છે. તેના કારણે તાજેતરમાં જ ગેસ પર રૂપાંતરિત થયેલી આ બેકરીઓ હવે સંકટમાં મુકાઈ છે. જૂની ભટ્ટીઓ પણ તોડી નાખવામાં આવી હોવાથી આગામી એક-બે દિવસમાં પાંઉ મળવા મુશ્કેલ છે.

લાકડા અને કોલસાનો બળતણ તરીકે ઉપયોગ કરતી બેકરીઓ, હોટલો અને રેસ્ટોરન્ટ્સ વાયુ પ્રદૂષણનું કારણ બની રહી હોવાથી હાઇ કોર્ટે ગયા વર્ષે જાન્યુઆરીમાં તમામ બેકરીઓને એલપીજી પર સ્વિચ કરવાનો આદેશ આપ્યો હતો. તેથી અત્યાર સુધીમાં

(જુઓ પાનું ૪) ▸▸

## ઘણી હૉટલો બંધ








## ‘ગભરાવાની જરૂર નથી’

### ગેસ વિતરણ કંપની તરફથી ગ્રાહકોને મેસેજ

ભાયંદર: ઈરાન અને ઇઝરાયલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધથી મધ્ય પૂર્વમાં તણાવનું વાતાવરણ સર્જાયું છે. આ કારણે કેટલીક જગ્યાએ દાવો કરવામાં આવી રહ્યો છે કે ભારતમાં પણ ઇંધણની અછત છે, પરંતુ નાગરિકોએ કોઈપણ અફવાઓ પર વિશ્વાસ ન કરવો જોઈએ, ગેસનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાનો દાવો હવે એચપી ગેસ વિતરકો દ્વારા કરવામાં આવ્યો છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને ધ્યાનમાં રાખીને, ઘરગથ્થુ રસોઈ ગેસનો પુરવઠો સુવ્યવસ્થિત રાખવા માટે સરકારે કેટલાક પગલાં ભર્યા છે. આ સંદર્ભમાં ત્રણ સભ્યોની સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિ ગેસ પુરવઠામાં આવતી અડચણો તેમજ હોટલ વ્યવસાયિકો સાથે ચર્ચા કરીને સમસ્યાઓ દૂર કરવાનો પ્રયાસ કરશે. આ સમિતિમાં ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન, હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ અને ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડના કાર્યકારી સંચાલકોનો સમાવેશ થાય છે.

આ દરમિયાન, દેશમાં ઇંધણની અછત સર્જાશે અને ઘરેલું ગેસ પણ બંધ થઈ જશે તેવી અફવાઓ સોશિયલ મીડિયા પર વ્યાપકપણે ફેલાઈ રહી છે. આને કારણે, ઘણા ગ્રાહકોમાં ભયનું વાતાવરણ સર્જાયું છે અને કેટલાક અગાઉથી સિલિન્ડર રજીસ્ટર કરાવીને પોતાનો સ્ટોક વધારવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ પરિસ્થિતિને શાંત કરવા માટે, ઘરેલુ ગેસ સિલિન્ડર સપ્લાય કરતી કંપનીઓએ પહેલ કરી છે. તે મુજબ, વિતરકો તેમના ગ્રાહકોને મેસેજ મોકલી રહ્યા છે, જેમાં તેમને બળતણની અછત અંગેની અફવાઓ પર વિશ્વાસ ન કરવા અપીલ કરવામાં આવી રહી છે. ■



**સ્થિતિ કપરી:** ગૅસની અછતને કારણે ઘણી હૉટલો બુધવારે બપોર પછી બંધ રાખવામાં આવી હતી અને હૉટલોએ ગૅસને કારણે હૉટલ બંધ હોવાના બોર્ડ મારી દીધા હતા. ધોબીઘાટમાં કપડા ધોવા પાણી ગરમ કરવાના મશીનો બંધ જોવા મળ્યા હતા. સિલિન્ડરોનું વિતરણ કરતી લારીઓ ખાલીખમ દેખાઈ હતી. પોલીસદળ માટેની કૅન્ટિનને પણ ફટકો પડ્યો હતો. (અમય ખરાડે)




## મુંબઈમાં ૬,૯૨૨ પ્રોપર્ટી ટૅક્સ ડિફૉલ્ટરોની મિલકત ફ્રીઝ, ૪૮૩ સામે જપ્તીની કાર્યવાહી

### ૨૧૦ મિલકતની લિલામી પ્રક્રિયા શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાની આવકનો મુખ્ય સ્રોત ગણાતા પ્રોપર્ટી ટેક્સ ભરવામાં આડોડાઈ કરનારા ડિફોલ્ટરો સામે પાલિકાએ આંખ લાલ કરી છે. પ્રોપર્ટી ટેક્સ નહીં ભરનારા કુલ ૬,૯૨૨ મિલકતને ફ્રીઝ કરવામાં આવી છે, તો ૪૮૩ મિલકત પર જપ્તીની કાર્યવાહી કરવામાં આવી છે. તો કુલ ૨૧૦ મિલકતની લિલામીની પ્રક્રિયા પ્રસ્તાવિત છે. આ દરમ્યાન જપ્તની કાર્યવાહી શરૂ થવાની સાથે જ કુલ ૨,૮૮૮ મિલકતધારકોએ ટેક્સ ચૂકવી દીધો છે. તો અત્યાર સુધી ટેક્સ નહીં ભરનારાને ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી ટેક્સ ભરવો અન્યથા દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે એવી ચીમકી પાલિકા પ્રશાસને આપી છે.

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે અત્યાર સુધી પાલિકા ૮૨.૦૫ ટકા ટેક્સ વસૂલ કરવામાં સફળ રહી છે અને ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં ૧૦૦ ટકા કર ભેગો કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે. પાલિકાના એડિશનલ કમિશનર અશ્વિની જોશીએ જણાવ્યું હતું કે ડિફોલ્ટરો વિરુદ્ધ તાત્કાલિક જપ્તીની કાર્યવાહી કરવી તેમ જ જપ્ત કરેલી મિલકતના ઠેકાણે સુરક્ષારક્ષકોની નિમણૂક કરવામાં આવશે. જપ્ત કરેલી મિલકતનો ટેક્સ ચૂકવ્યા સિવાય તે મિલકતનો ઉપયોગ (જુઓ પાનું ૪) ▸▸

## ગોરેગામ-મુલુંડ લિંક રોડ પ્રોજેક્ટ

## ટ્વિન ટનલના ખોદકામ માટે ટીબીએમને શાફ્ટમાં ઉતારવાનું શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગોરેગામ-મુલુંડ લિંક રોડ (જીએમએલઆર)ના ફેઝ-૩ના ભાગરૂપે ગોરેગામના દાદાસાહેબ ફાળકે ચિત્રનગરી (ફિલ્મસીટી) ખાતે ટ્વિન ટનલના બાંધકામ માટે ટનલ બોરિંગ મશીન (ટીબીએમ)ના હિસ્સાઓને બુધવાર, ૧૧ માર્ચ, ૨૦૨૬ના શાફ્ટમાં નીચે ઉતારવાની પ્રક્રિયા શરૂ થઈ હતી. પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ આ મહત્વની કામગીરી તેના સમય કરતા લગભગ ત્રણ મહિના વહેલી શરૂ કરવામાં આવી છે.

લગભગ ૧૨.૨૦ કિલોમીટર લાંબા જીએમએલઆર પ્રોજેક્ટના ભાગરૂપે સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાનની નીચે ૪.૭ કિલોમીટરની ટ્વિન ટનલ અને ચિત્રનગરીમાં ૧.૬ કિલોમીટરની બોક્સ ટનલનો સમાવેશ થાય છે, જેમાં બાંધકામ માટે બે અત્યાધુનિક ટીબીએમ મશીનનો ઉપયોગ કરવામાં આવવાનો છે. દરેક ટનલ ૪.૭૦ કિલોમીટર લાંબી હશે, જેનો વ્યાસ ૧૪.૨૦ મીટર હશે. દરેક ટનલ ત્રણ લેનની હશે, જેમાં આધુનિક વેન્ટિલેશન, આધુનિક ફાયર સેફ્ટી સિસ્ટમ, વરસાદી પાણીના નિકાલ માટે ડ્રેનેજ લાઈન વગેરેનો સમાવેશ થાય છે.

પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ ટનલના ખોદકામ માટે બે મોટા ટીબીએમનો ઉપયોગ કરવામાં આવવાનો છે. દરેક ટીબીએમનું વજન ૨,૧૭૫ મેટ્રિક ટન છે. ચિત્રનગરી સાઈટ પર ટનલ માટે જરૂરી લોન્ચિંગ શાફ્ટ માટેના પહેલા તબક્કાનું કામ પૂર્ણ થઈ ગયું છે. શાફ્ટની લંબાઈ આશરે ૨૦૦ મીટર અને પહોળાઈ ૫૦ મીટર ઊંડાઈ ૩૦ મીટર છે. ટીબીએને શાફ્ટમાં નીચે ઉતારવા માટે (જુઓ પાનું ૪) ▸▸

## કેમિકલના ઉપયોગથી કાગળનું ચલણી નોટમાં રૂપાંતર: વેપારીને છેતરનારા યુપીમાં પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કેમિકલનો ઉપયોગ કરીને કાગળનું ભારતીય ચલણી નોટોમાં રૂપાંતર કરી આપવાની લાલચ બતાવી ગોરેગામના વેપારીની સાત લાખની રોકડ સાથે રફુચક્કર થઈ ગયેલા બે આરોપી ઉત્તર પ્રદેશમાં પકડાયા હતા.

બાંગુર નગર પોલીસે ધરપકડ કરેલા બન્ને આરોપીની ઓળખ પવન ઉર્ફે પ્રકાશ દિલીપ પ્રસાદ ગુપ્તા (૨૫) અને સર ઉર્ફે રાજસિંહ મનોજસિંહ પ્રસાદ (૪૭) તરીકે થઈ હતી. કોર્ટે બન્ને આરોપીને ૧૪ માર્ચ સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર ગોરેગામ પશ્ચિમમાં રહેતા વેપારી લલ્લન મહાતો (૩૪)ને બન્ને આરોપી ડિસેમ્બર, ૨૦૨૫માં વસઈમાં મળ્યા હતા. કામ નિમિત્તે વસઈ ગયેલા વેપારીને એક કેમિકલની મદદથી સામાન્ય કાગળનું ચલણી નોટમાં રૂપાંતર કરી આપવાની ખાતરી આરોપીએ આપી હતી. આ માટે આરોપીએ પ્રયોગ પણ કરી દેખાડ્યો હતો.

કાગળ પર છાપ ઉપસાવવા આરોપીએ ફરિયાદી પાસેથી ૫૦૦ રૂપિયાની એક ચલણી નોટ લીધી હતી. ત્યાર બાદ કેમિકલનો ઉપયોગ કરી એકની બે નોટ કરી દેખાડી હતી. એ નોટ વેપારીએ બજારમાં ચલાવી પણ હતી, જેને પગલે આરોપી પર તેનો વિશ્વાસ બેસી ગયો હતો.

પોલીસના કહેવા મુજબ કેમિકલનું માત્ર બહાનું હતું, પણ આરોપીએ હાથચાલાકીથી કાગળને બદલે સાચી ચલણી નોટ મૂકીને વેપારીને છેતર્યો હતો. આ રીતે વધુ નાણાં કમાવાની લાલચ વેપારીને આપી હતી. આરોપીની જાળમાં સપડાયેલા વેપારીએ તેની પાસેના સાત લાખ રૂપિયાના ૧૪ લાખ રૂપિયા કરી આપવાનું કહ્યું હતું.


નક્કી થયા મુજબ ૧૨ ફેબ્રુઆરીએ બન્ને આરોપી વેપારીના ઘરે આવ્યા હતા. વેપારી પાસેથી સાત લાખ રૂપિયા લીધા પછી કાગળ પર પાઉડર લગાવીને કોઈ પ્રક્રિયા કરતા હોવાનું દેખાડ્યું હતું. પછી કોરા કાગળનાં બંડલ એક પૅકેટમાં વીંટાળીને વેપારીને આપ્યા હતા. આરોપીના ગયા

(જુઓ પાનું ૪) ▸▸

## કોસ્ટલ રોડના અંડરગ્રાઉન્ડ પાસ પર રૂફ ઓવર બનાવવા સામે નગરસેવકોનો વિરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ કોસ્ટલ રોડ (દક્ષિણ) પ્રોજેક્ટ ખાતે પૅડેસ્ટ્રિયન અંડરપાસનું કામ પૂર્ણ થયા બાદ તેના પર છત બનાવવાનો નિર્ણય લીધો હતો અને તેની માટે ૧૯ કરોડનો ખર્ચ કરવાનો નિર્ણય લીધો હતો પણ બુધવારે થયેલી સ્થાયી સમિતિની બેઠકમાં નગરસેવકોએ તેને ફાલતુ ખર્ચ કરીને પ્રસ્તાવને મંજૂરી આપી નહોતી.પાલિકાના મહત્વાકાંક્ષી કોસ્ટલ રોડ પ્રોજેક્ટ માર્ચ ૨૦૨૪માં મુંબઈગરા માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. કોસ્ટલ રોડમાં વરલીથી મરીન ડ્રાઈવને જોડચા ૧૦.૫૮ કિલોમીટલ લેનનો એક્સપ્રેસ વે છે, જે ૧૩,૯૮૪ કરોડના ખર્ચે બનાવવામાં આવ્યો છે. રોડ શરૂ થવાના એક વર્ષ બાદ પ્રશાસને પૅડેસ્ટ્રિયન અંડરપાસ પર રુફ ટોફ બેસાડવાનો નિર્ણય લીધો હતો અને તે માટે ૧૯ કરોડ રૂપિયાનો ખર્ચ કરવાની હતી, તેને લગતો પ્રસ્તાવ સ્થાયી સમિતિમાં મંજૂરી માટે મૂકવામાં આવ્યો હતો. જોકે સ્થાયી સમિતિના સભ્યો રુફટોપ પાછળ આટલા મોટા ખર્ચને બિનજરૂરી ગણાવ્યો હતો અને હાલ પૂરતો તેને મંજૂરી આપવાનો ઈનકાર કર્યો હતો.સ્થાયી સમિતિમાં કુલ ૨૩ પ્રસ્તાવ રાખવામાં આવ્યો હતો અને તેમાં તમામ નગરસેવકોએ અસ્વીકાર કર્યો હતો. ■




## ગારગાઈ બંધને લઈને ભાજપ-ઠાકરે આમને સામને: સ્થાયી સમિતિમાં જોરદાર ચર્ચા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈગરાની ભવિષ્યની પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે બાંધવામાં આવનારા ગારગાઈ બંધને લગતો પ્રસ્તાવ બુધવારે સ્થાયી સમિતિમાં મંજૂરી માટે આવ્યો હતો પણ આ પ્રોજેક્ટ માટે પાંચ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરવાને બદલે બે હજાર રોડ રૂપિયાના ખર્ચે દરિયાના ખારા પાણીને મીઠું કરવાનો નિર્ણય યોગ્ય હોવાનો મુદ્દો ઉદ્ધવ ઠાકરેના નગરસેવકોએ રાખ્યો હતો. તો ગારગાઈ બંધ પ્રોજેક્ટને કારણે મુંબઈને વધારાનું ૪૪૦ મિલ્યિન લિટર પાણી ઉપલબ્ધ થશે એવું કહીને ભાજપના નગરસેવકોએ ઠાકરે સેનાના નગરસેવકોના મુદ્દાનો વિરોધ કર્યો હતો. આ દરમ્યાન ગારગાઈ બંધ પ્રોજેક્ટ અને દરિયાના પાણીના મુદ્દે ભાજપ અને ઠાકરે સેનાના નગરસેવકો સામ-સામે થઈ ગયા હતા. આ દરમ્યાન સ્થાયી સમિતિના અધ્યક્ષે ગારગાઈ પ્રોજેક્ટનો પ્રસ્તાવ પાલિકા પ્રશાસન પાસે ફેરવિચાર માટે મોકલી આપ્યો હતો.

મુંબઈગરાની રોજની પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે વધારાનું પાણી ઉપલબ્ધ થવું જોઈએ તે માટે ગારગાઈ પ્રોજેકેટ અમલમાં મૂકવામાં આવવાનો છે. આ પ્રોજેક્ટમાં ૩,૧૦,૦૦૦ ઝાડનું પુનઃરોપણ કરવામાં આવવાનું છે, પણ તે કયા કરવામાં આવવાનું છે અને અસરગ્રસ્ત ગામનું પુનર્વસન કયા કરવામાં આવવાનું છે? તેમ જ આ પ્રોજેક્ટનો ખર્ચ છેલ્લા ૧૪ વર્ષમાં ૧૧ ટકાથી વધી ગયો છે વગેરે મુદ્દા પરથી સ્થાયી સમિતિની બેઠકમાં વધારાના ખર્ચ પર સવાલ કરીને પ્રોજેક્ટની ઊંડાણમાં માહિતી આપવાની માગણી ભાજપના નગરસેવકોએ કરી હતી. જોકે ગારગાઈ બંધ જેવા ખર્ચાળ અને પર્યાવરણને હાનિ પહોંચાડનારા પ્રોજેક્ટને બદલે દરિયાના ખારા પાણીને મીઠુ કરવાનો ડિસાલિનેશનનો પ્રોજેક્ટ મુંબઈમાં ઊભો કરો એવી માગણી ઠાકરેની સેનાના નગરસેવકોએ કરી હતી.

૨૦૨૦માં આ પ્રોજેક્ટની મૂળ કિંમત ૩,૧૦૫ કરોડ રૂપિયા હતી અને હવે મૂળ કિંમત સહિત જુદા જુદા કર

(જુઓ પાનું ૪) ▸▸

## લાડકી બહિણ યોજનાના લાભાર્થીઓની સંખ્યા ઘટાડવા પર સરકારનો ભાર

મુંબઈ: મહાયુતિ સરકારની લોકપ્રિય લાડકી બહિણ યોજના હેઠળના તમામ લાભાર્થીઓની ચકાસણી આ મહિનાના અંત સુધીમાં પૂર્ણ થશે. આ યોજનામાં અપાત્ર લાભાર્થી મહિલાઓની સંખ્યા ઘટીને ૬૦ લાખ સુધી પહોંચવાની શક્યતા છે. બાકી રહેલા બે કરોડ લાભાર્થીઓ માટે જરૂરી ૩૬,૦૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. આ માટે ચાલુ વર્ષના બજેટમાં ૨૧,૦૦૦ કરોડ રૂપિયા, સામાજિક અને આદિવાસી વિભાગ તરફથી ૬,૦૦૦ કરોડ રૂપિયા અને જરૂર પડે ત્યારે પૂરક માંગણીઓ દ્વારા ૮,૦૦૦ થી ૯,૦૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ અપેક્ષિત છે.

જૂન ૨૦૨૪માં શરૂ થયેલી આ યોજનાના લાભાર્થીઓની સંખ્યા દર મહિને વધતાં ઓક્ટોબર ૨૦૨૪ સુધીમાં બે કરોડ ૪૭ લાખ સુધી પહોંચી ગઈ હતી. સરકારી કર્મચારીઓથી લઈને પુરુષ લાભાર્થીઓનો પણ આ આ યોજનાનો લાભ લીધો છે. આમ અયોગ્ય લાભાર્થીઓ આ યોજનાનો લાભ લઈ રહ્યા હોવાનું ધ્યાનમાં આવ્યા બાદ લાભાર્થીઓનું વેરિફિકેશન કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. લાભાર્થીઓની કડક ચકાસણી કર્યા પછી, લાભાર્થીઓની સંખ્યામાં ઝડપથી ઘટાડો થયો છે. મહિલા અને બાળ વિકાસ વિભાગે તમામ લાભાર્થીઓને કેવાયસી પૂર્ણ કરવા માટે ૩૧ માર્ચ સુધીનો સમય આપ્યો છે.

૨૪ લાખ લાભાર્થીઓનું કેવાયસી બાકી છે. અગાઉની ચકાસણીમાં ૪૫ લાખ અપાત્ર લાભાર્થીઓની યોજનામાંથી બાદબાકી કરવામાં આવી હતી. હવે ૩૧ માર્ચ સુધીમાં હાથ ધરવામાં આવનાર કેવાયસીમાં ૨૪ લાખમાંથી ૧૫ લાખ લાભાર્થીઓ અયોગ્ય હોવાનું જાણવા મળી શકે છે. કુલ બે કરોડ ૪૭ લાખ લાભાર્થીઓમાંથી ૫૦ થી ૬૦ લાખ લાભાર્થીઓ ૩૧ માર્ચના અંત સુધીમાં અયોગ્ય હોવાનું જાણવા મળે તેવી શક્યતા છે. ■

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ‘‘મુંબઈ સમાચાર’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**